

જાન્યુઆરી, ૨૦૨૦/પૃષ્ઠ પ૨/કિંમત ₹ ૧૦

# લોકરાજ્ય

## ખેડૂતોને મહામૂલી રાહત



મહાત્મા જોતિરાવ ફૂલે ખેડૂત કરજમુક્તિ યોજના

ખેડૂતોને ચિંતામુક્ત કરનારીઃ સુલભ, સરળ અને પારદર્શક કરજમુક્તિ યોજના



सत्यमेव जयते
महाराष्ट्र शासन

# ખેડૂતોને મહામૂલી રાહત



મહાત્મા જોતિરાવ ફૂલે
ખેડૂત કરજમુક્તિ યોજના

## બે લાખ સુધીનું કરજ લેનારા ખેડૂતોનું પાક કરજમાફ

- અરજી કરવાની જરૂર નથી
- ન ચૂકવેલી રકમ ભરવાની શરત નથી

### ખેડૂતોને મળનારો લાભ

તારીખ ૧ એપ્રિલ, ૨૦૧૫થી ૩૧ માર્ચ, ૨૦૧૯ના કાળમાં લીધેલી અને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ બાકી હોય એવી પાક કરજ અને અલ્પમુદત પાક પુનર્ગઠિત કરજ થશે માફ!

પ્રતિ ખેડૂત
રૂપિયા બે લાખ સુધીની કરજમુક્તિની રકમ રાજ્ય સરકાર ખેડૂતોના કરજ ખાતામાં સીધી જમા કરશે!

રાષ્ટ્રીયકૃત બૅન્કો, વેપારી બૅન્કો, જિલ્લા મધ્યવર્તી સહકારી બૅન્કો, ગ્રામીણ બૅન્કો, વિવિધ કાર્યકારી સહકારી સંસ્થા પાસેથી ખેડૂતોએ લીધેલ પાક કરજમાફ!

જમીનધોરણના ક્ષેત્રને ધ્યાનમાં લીધા વગર કરજમુક્તિનો અપાશે લાભ!

ખેડૂતોએ કૃપયા એમનો આધાર ક્રમાંક બૅન્કના કરજ ખાતા સાથે સંલગ્ન કરીને એનું પ્રમાણિકરણ કરવું

ખેડૂતોને ચિંતામુક્ત કરનારીઃ
સુલભ, સરળ અને પારદર્શક
કરજમુક્તિ યોજના



શ્રી ઉદ્ધવ ઠાકરે
મા. મુખ્ય પ્રધાન

શ્રી અજિત પવાર
મા. નાયબ મુખ્ય પ્રધાન

શ્રી બાળાસાહેબ થોરાત
મા. પ્રધાન

સહકાર વિભાગ, મહારાષ્ટ્ર સરકાર
માહિતી અને જનસંપર્ક મહાસંચાલનાલય-મહારાષ્ટ્ર રાજ્ય

# અનુક્રમ



## કરજમુક્તિ.....૬

વિધાનસભામાં વિશ્વાસના ઠરાવની ચર્ચા દરમિયાન ખેડૂતોની પડખે સરકાર અડગપણે ઊભી રહેશે એવું કહેનારા મુખ્ય પ્રધાને પોતાના પહેલા જ સત્રમાં બે લાખ સુધીની પાક કરજમુક્તિની જાહેરાત કરીને આ સરકાર ખેડૂતોના હિતના નિર્ણયો લેનારી છે એ સ્પષ્ટ થયું છે.

## ગભરાતા નહીં, નિશ્ચિંત રહેજો.....૨૬


રાજ્યના વિવિધ પ્રશ્નો બાબત વિધાનમંડળનાં બન્ને સભાગૃહમાં સરકાર તરફથી આત્મવિશ્વાસપૂર્વક અને સકારાત્મકતાથી જવાબ આપવામાં આવ્યા. લોકાભિમુખ સરકાર આપતી વખતે પ્રગતિનાં નવાં શિખરો સર કરનારું રાજ્ય બનાવીશું, દેશમાંનાં અન્ય રાજ્યો સામે આદર્શ નિર્માણ કરવાનો મનસૂબો પણ મુખ્ય પ્રધાને વ્યક્ત કર્યો.


| | |
|---|---|
| કરજમુક્તિ | ૬ |
| આપણા નવા પ્રધાનો | ૯ |
| રાજ્યકક્ષાના પ્રધાનો | ૨૨ |
| ગભરાતા નહીં, નિશ્ચિંત રહેજો | ૨૬ |
| એકમેવદ્વિતીય | ૩૪ |
| એક નજર | ૩૬ |
| પ્રધાનમંડળના નિર્ણયો | ૩૮ |
| મહારાષ્ટ્રની શાનઃ શિવનેરી | ૪૦ |
| સુલભ અને તેજ | ૪૪ |
| સુરક્ષિત બૅન્કિંગ | ૪૬ |
| સરળ સેવાની તૈયારી | ૪૯ |
| પતંગિયાંનું નામકરણ | ૫૦ |




## એકમેવદ્વિતીય.....૩૪

શિવસેનાપ્રમુખ બાળાસાહેબ ઠાકરે મહારાષ્ટ્રની એક ઉત્તુંગ અને બાહોશ વ્યક્તિ હતા. દેશના અનેક મુદ્દા પર એમણે લીધેલી રોકટોક ભૂમિકા કેવળ મહારાષ્ટ્રમાં જ નહીં, પણ દેશના નેતાઓને આંચકો આપનારી હતી. શિવસૈનિકો જ નહીં, પણ અનેક લોકો માટે એ મોટિવેટર હતા.



## મહારાષ્ટ્રની શાનઃ શિવનેરી .....૪૦



ગઢ-કિલ્લાની મુલાકાત એ મહારાષ્ટ્રના લોકોનો કંઈ રજાઓમાં સમય પસાર કરવાનો શોખ નથી. એના તરફ એ લોકો પર્યટન તરીકે પણ જોતા નથી. ગઢ-કિલ્લા પર જવું એ એમના માટે અભિમાનની વાત છે. છત્રપતિ શિવાજીને કરેલું એ વંદન છે.

વર્ષ-૩ | અંક-૬ |જાન્યુઆરી, ૨૦૨૦

માહિતી અને જનસંપર્ક
મહાસંચાલનાલય મહારાષ્ટ્ર સરકાર

લોકરાજ્ય

**સંપાદન**

- મુખ્ય સંપાદક — બ્રિજેશ સિંહ
- સંપાદક મંડળ — અજય અંબેકર, સુરેશ વાંદિલે
- સંપાદક — અનિલ આલૂરકર
- સહ સંપાદક — મનીષા પિંગળે
- ઉપ સંપાદક — પ્રવીણ કુલકર્ણી, ગજાનન પાટીલ, રાજારામ દેવકર

**વિતરણ અને ડિઝાઇન**

- વિતરણ — મંગેશ વરકડ, અશ્વિની પૂજારી
- સહાય — ભારતી વાઘ
- મુખપૃષ્ઠ — સીમા રનાળકર, સુશિમ કાંબળે
- મુદ્રક — વૃષાલી પ્રિન્ટર્સ, જ્યોતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નૂરીબાબા દરગાહ રોડ, થાણે (પ.) 400601

**ગુલ બુટે ટીમ**

- સંપાદક — ફારુક સય્યદ
- સહાયક સંપાદક — રમેશ કુમાર મિશ્ર

**સરનામું**

માહિતી અને જનસંપર્ક મહાસંચાલનાલય,
ન્યુ ઍડ્મિનિસ્ટ્રેટિવ બિલ્ડિંગ, ૧૭મા માળે, મંત્રાલયની
સામે, હુતાત્મા રાજગુરુ ચોક, મુંબઈ - ૪૦૦૦૩૨.
email:lokrajya.dgipr@maharashtra.gov.in

**લવાજમ અને ફરિયાદ**

લવાજમદાર અને ફરિયાદ નિવારણઃ ૯૩૭૨૨૩૦૩૨૦
(સવારે ૧૦.૩૦થી ૫.૩૦ ઑફિસ ટાઈમ દરમિયાન)

www.twitter.com/MahaDGIPR
www.facebook.com/dgipr
Youtube/MaharashtraDGIPR
Visit us on ww.mahanews.gov.in
Blog/maharashtradgpr

Please visit the website
http://dgipr.maharashtra.gov.in
Directorate General of Information and
Public Relations A Government of
Maharashtra Production.


આ અંકમાં વ્યક્ત કરવામાં આવેલા મત સાથે સરકાર સહમત હોય એવું નથી.

# વાહ! બહુ સરસ

**‘લોકરાજ્ય’નો અલભ્ય અંક જોઈને મુખ્ય પ્રધાન શ્રી ઉદ્ધવ ઠાકરે ઉત્સાહપૂર્વક કહ્યું:**

**વાહ! બહુ સરસ**

**છેલ્લાં** ૭૧ વર્ષથી મરાઠી ‘લોકરાજ્ય’એ મહારાષ્ટ્રના જનમાનસ પર પોતાનો પ્રભાવ ટકાવી રાખ્યો છે. ‘લોકરાજ્ય’એ વખતોવખત પ્રકાશિત અનેક વિશેષાંકનો કેવળ સંગ્રહ જ નહીં, પણ એ સંદર્ભ તરીકે પણ સિદ્ધ પુરવાર થયું છે. ‘લોકરાજ્ય’ના આ અંકો માટે લોકો તરફથી સતત માગણી થતી હોય છે. લોકોને આ અંકો જોવા મળે એ માટે નાગપુરમાં શિયાળુ સત્રમાં એનું ખાસ પ્રદર્શન યોજવામાં આવે છે. આ વખતે પણ નાગપુર વિધાનભવન પરિસરમાં ‘લોકરાજ્ય’ માસિકના અલભ્ય અંકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનની મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ પણ મુલાકાત લીધી હતી. માહિતી અને જનસંપર્ક મહાસંચાલનાલયે આ પ્રદર્શનનું કરેલું આયોજન પ્રશંસાપાત્ર હોવાનું એમણે કહ્યું હતું. ‘લોકરાજ્ય’એ વખતોવખત પ્રકાશિત કરેલા આ વિશેષાંક સાચવી રાખવા જેવા હોવાથી નવી પેઢીએ એનું અવલોકન કરવું જોઈએ એવા પ્રશંસાના શબ્દો મુખ્ય પ્રધાને ઉચ્ચાર્યા હતા. એ અવસરે સંસદસભ્ય સંજય રાઉત પણ હાજર હતા.



**‘લોકરાજ્ય’ના અલભ્ય અંકનું અવલોકન કરતા મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે. એ અવસરે સંસદસભ્ય સંજય રાઉત પણ એમની સાથે હાજર હતા.**

# સ્થાપના લોક-રાજ્યની



**જયંત પાટીલ**
મા. પ્રધાન

**'લોકરાજ્ય'** મારફત મહારાષ્ટ્રની તમામ જનતાને નવા વર્ષની શુભેચ્છાઓ આપતાં મને ખૂબ જ હર્ષ થાય છે. મહાવિકાસ આઘાડીના સ્વરૂપે મહારાષ્ટ્રમાં ખરા અર્થે લોક-રાજ્યની સ્થાપના થઈ છે. મહારાષ્ટ્રનો શ્વાસ ખૂલ્યો છે. પ્રગતિ અને વિકાસની નવી આશાઓ અને આકાંક્ષાઓનો પાયો આ નિમિત્તે નાખવામાં આવ્યો છે. મહાવિકાસ આઘાડીની સરકાર જનતાના મનની અપેક્ષાઓ પૂર્ણ થાય એ કાજે અથાગ મહેનત માટે તૈયાર થઈ છે.

ગત કેટલાંક વર્ષોથી રાજ્યના ખેડૂતોને અનેક કુદરતી અને અન્ય સંકટોનો સામનો કરવો પડે છે. એથી એ લોકો હતાશાથી ઘેરાઈ ગયા છે. ઉત્પાદન ખર્ચમાં વધારો અને આવકમાં ઘટાડો થતાં એ ઘોર નિરાશ થયા છે. હજુ પણ ખેતી જ આપણી અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ હોઈ ખેડૂતે આમ ઘોર નિરાશ થવું યોગ્ય નથી. ખેતરમાં હળ ચાલે ત્યારે જ ખેતી જીવંત થાય છે. હસે છે, ફળે છે અને આપણને નવસંજીવની પ્રદાન કરવાની ભૂમિકા પાર પાડે છે એથી જ ખેતરમાં હળ ચલાવનારા ખેડૂતને બળ આપવું, સામર્થ્ય આપવું, એને આત્મશક્તિ આપવી એ મહાવિકાસ આઘાડીનું પ્રથમ કર્તવ્ય બને છે. આ જાણ રાખીને જ અમે પહેલા દિવસથી કાર્યરત થયા છીએ. પ્રધાનમંડળની પહેલી બેઠકમાં આર્થિક સમસ્યાઓથી ઘેરાયેલા મહારાષ્ટ્રના ખેડૂતોને ઘણી સહાયતા આપવાનો અમે નિર્ણય કર્યો. એ અનુસાર એક જ મહિનામાં અમે રાજ્યના ખેડૂતોને બે લાખ રૂપિયા સુધીનું ઋણ માફ કરનારી 'મહાત્મા જોતિરાવ ફૂલે કરજમાફી યોજના' અમલમાં લાવ્યા છીએ. આ યોજના જટિલ, આંટીઘૂંટીવાળી નહીં હોવાથી એ સાદી, સહેલી, સરળ, સુલભ રહેશે. એની અમે પૂરેપૂરી કાળજી લીધી છે. યોજના માટે પાત્ર ખેડૂતોને અયોગ્ય અને દસ્તાવેજના વમળમાં ન અટવાતાં લાભ મળશે.



પ્રાયોગિક સ્તરે અમે ૧૦ રૂપિયામાં સકસ ભોજનની 'શિવભોજન થાળી' આપવાની યોજના ત્વરિત પ્રારંભ કરવાના છીએ. એનું અવલોકન કરી અમે નજીકના સમયમાં સંપૂર્ણ મહારાષ્ટ્રમાં આ યોજના લાગુ કરવાના છીએ.

સામાજિક હિતની અને જનતાના રોજિંદા જીવનની ગુણવત્તા અને દરજ્જો વધારતી આવી અનેક યોજનાઓની આંકણી અને એના પ્રખર પ્રભાવી અને સમયબદ્ધ અમલ પર અમે ધ્યાન કેન્દ્રિત કરવાના છીએ.

મહારાષ્ટ્રને દેશનો મુગટમણિ માનવામાં આવે છે. કારણ આ પ્રદેશ સંપન્ન અને સમૃદ્ધ છે. વિવિધ ક્ષેત્રોમાં આપણે અગ્રીમતા મેળવી છે. છત્રપતિ શિવાજી મહારાજ, છત્રપતિ શાહુ મહારાજ, મહાત્મા ફૂલે, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકર જેવી મહાન વિભૂતિઓનો વારસો રાજ્યને છે. સામાજિક નજરે એકતાવાળા, આર્થિક નજરે તમામ વર્ગને ન્યાય આપનારા, શિક્ષણની દૃષ્ટિએ નવી તકો યુવાનો સુધી પહોંચાડનારા, ઔદ્યોગિક દૃષ્ટિએ રોજગાર અને સ્વયંરોજગારની વિપુલ તકો નિર્માણ કરનારા નવા મહારાષ્ટ્રનું ઉત્થાન અમારે કરવું છે. મહાવિકાસ આઘાડી સ્વરૂપે એની શરૂઆત થઈ છે.

પ્રગતિ અને વિકાસમાં નિર્માણ થયેલી સમસ્યાઓ દૂર કરી આ પ્રક્રિયા વેગવાન અને પારદર્શક કરવા પર અમારો વધુમાં વધુ ભાર રહેશે. સર્વસમાવેશકતા એ અમારી વિશેષતા હશે. આ રાજ્યના દરેક નાગરિકને સમાન તક, સમાન ન્યાય મળવો જોઈએ. એમની પ્રાકૃતિક અને સંવિધાનિક મૂળ સ્વતંત્રતાઓ સનાતન રહેવી જોઈએ. એ માટે અમે પ્રયત્નોની પરાકાષ્ઠા કરીશું.

જો કે એ કરવા માટે નાગરિકોનો સાથ પણ એટલો જ મહત્ત્વનો છે. રાજ્ય પાસે ઉપલબ્ધ સાધનસામગ્રીઓનો કરકસરથી ઉપયોગ અને વ્યવસ્થાપન કરવું પડશે. આવા સમયે કેટલાક કડવા નિર્ણયો પણ લેવા પડશે. આવા નિર્ણયો અંતે તો રાજ્ય અને જનતાનાં હિતના લાભના જ હોય છે એ એક વાર ધ્યાનમાં આવે એટલે પરસ્પર સહકાર વડે કોઈ પણ ઉદ્દેશ હાંસિલ કરવો અઘરો નથી.

નવા વર્ષમાં આપણે સૌ મળીને આપણા મહારાષ્ટ્રને નવી ઊંચાઈએ લઈ જવા માટે વચનબદ્ધ થઈએ.

'લોકરાજ્ય'નો આ અંક આપને ગમશે એવી આશા છે. ફરીથી નૂતન વર્ષની શુભેચ્છા!

**જયંત પાટીલ**
(અતિથિ સંપાદક)



કરજમાફી કરવા બદલ ખેડૂતોએ મુખ્ય પ્રધાન શ્રી ઉદ્ધવ ઠાકરેનો સત્કાર કર્યો હતો.
એ અવસરે માનનીય પ્રધાન શ્રી જયંત પાટીલ, માનનીય ગૃહ પ્રધાન એકનાથ શિંદે અને અન્યો...

# કરજમુક્તિ...

**રાજ્યમાં** એક કરોડ ૫૩ લાખ ખેડૂત છે. એમાંના મોટા ભાગના ખેતી પર નિર્ભર હોવાથી એમને ખેતી માટે જિલ્લા મધ્યવર્તી સહકારી બૅન્ક અથવા વેપારી બૅન્ક પાસેથી કરજ લેવું પડે છે. ૨૦૧૫થી ૨૦૧૮-૧૯ના સમય દરમિયાન રાજ્યના વિવિધ ભાગમાં દુકાળ જેવી સ્થિતિ નિર્માણ થઈ હતી. એને લીધે મોટા પ્રમાણમાં ૫૦ ટકાથી ઓછી પૈસેવારી જાહેર થઈ હતી. દુકાળ સાથે જ આવેલા કસમયના વરસાદને લીધે રાજ્યના ખેડૂતને વધુ અસર થઈ હતી. આ ખેડૂતોને સરકાર તરફથી તત્કાળ મદદ મળવી જોઈએ એ ભૂમિકા મુખ્ય પ્રધાન શ્રી ઉદ્ધવ ઠાકરેએ લીધી હતી. ખેડૂતોના ખેતર પર જઈને પાકને થયેલા નુકસાનની સમીક્ષા પણ મુખ્ય પ્રધાને કરી હતી.

ખેડૂતોનાં આંસુ લૂંછીને એમની વધેલી ચિંતા દૂર કરવા માટે સરકાર કટિબદ્ધ હોવાનું શ્રી ઠાકરેએ મુખ્ય પ્રધાનપદના શપથ લીધા પછી તરત જ સ્પષ્ટ કર્યું હતું. વિધાનસભામાં વિશ્વાસના ઠરાવ વખતે પણ મુખ્ય પ્રધાનને ખેડૂતોના સર્વાંગી વિકાસ એ જ સરકારનું ધ્યેય હોવાનું કહ્યું. કરજમુક્તિ એ ખેડૂતોની સમસ્યાનું એક પાસું છે અને એ સમસ્યા દૂર કરવામાં આવશે જ. એ સિવાય ખેતી અને ખેડૂત વિકાસની અનેકવિધ યોજના અમલમાં મૂકીને ખેડૂત ચિંતામુક્ત કેમ થશે એ તરફ વિશેષ રીતે ધ્યાન આપવામાં આવશે, એવું એમણે સ્પષ્ટ કર્યું છે. પાક વીમાનાં પ્રકરણોની જલદીથી પતાવટ કરાશે અને એમાં કોઈ પણ ખેડૂત પર અન્યાય થશે નહીં એવી તકેદારી લેવાની સૂચના સંબંધિત તંત્રને એમણે આપી છે.



**મહારાષ્ટ્રમાં પડેલા કમોસમી વરસાદ પછી ખેતર પર જઈને ખેડૂતોનાં આંસુ લૂંછનારા મુખ્ય પ્રધાન શ્રી ઉદ્ધવ ઠાકરેએ ખેડૂતોને કેવળ કરજમુક્ત જ નહીં, પણ ચિંતામુક્ત પણ કરીશું એવું કહ્યું હતું. વિધાનસભામાં વિશ્વાસના ઠરાવની ચર્ચા વખતે ખેડૂતોની પડખે સરકાર ગંભીરતાથી ઊભી રહેશે એવું કહેનારા મુખ્ય પ્રધાને પહેલા જ સત્રમાં બે લાખ સુધીની પાક કરજમુક્તિની જાહેરાત કરીને આ સરકાર ખેડૂતોનાં હિતના નિર્ણય લેનારી હોવાનું પણ સ્પષ્ટ કર્યું છે. એ સાથે દસ રૂપિયામાં 'શિવભોજન'ની જાહેરાત કરીને મહેનતુ જનતાને એકદમ ઓછા દરમાં ભોજનની વ્યવસ્થા કરી આપી છે. છત્રપતિ શિવાજી મહારાજના કલ્યાણકારી રાજ્યનો આદર્શ સામે રાખીને જ રાજ્યનો કારભાર ચલાવવામાં આવશે એવું પણ મુખ્ય પ્રધાને સ્પષ્ટ કર્યું. બોલવું ઓછું અને કામ વધારે એમ કેવળ જાહેરાત ન કરતાં વિધાનમંડળમાં કરેલી જાહેરાતોને પ્રધાનમંડળની બેઠકમાં માન્યતા પણ આપવામાં આવી છે.**

## આશ્વાસનપૂર્તિ

વિધાનમંડળના નાગપુરસ્થિત થયેલા શિયાળુ અધિવેશનમાં કરજમુક્તિ યોજનાની જાહેરાત કરીને મુખ્ય પ્રધાન શ્રી ઠાકરેએ આ સરકાર ખેડૂતોનાં હિતના નિર્ણય લેનારી છે એવી ખાતરી આપી હતી. નાગપુરના સત્રમાં જાહેરાત કરેલી મહાત્મા જોતિરાવ ફૂલે ખેડૂત કરજમુક્તિ યોજનાની રૂપરેખાને પ્રધાનમંડળની બેઠકમાં માન્યતા આપીને એને મૂર્તસ્વરૂપ આપ્યું.

મહાત્મા જોતિરાવ ફૂલે ખેડૂત કરજમુક્તિ યોજના અનુસાર ૧ એપ્રિલ, ૨૦૧૫થી ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધી લીધેલા એકથી વધુ કરજખાતાંમાં ઓછી મુદત પાક કરજ અને ઓછી મુદત પાક કરજના પુનર્ગઠિત કરજની ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજવાળી બાકી અને ચુકવણી ન કરેલી રકમ બે લાખથી ઓછાવાળાં એવાં બધાં ખાતાંને રૂપિયા બે લાખ મર્યાદા સુધી કરજમુક્તિનો લાભ આપવામાં આવશે. આ લાભ રાજ્યના લાખો ખેડૂતોને થવાનો છે. વિશેષ તો આ કરજમુક્તિ આપતાં ખેડૂતોને કોઈ પણ જમીનધારકના ક્ષેત્રનો વિચાર કરવામાં આવશે નહીં. એનો અર્થ અલ્પ જમીનધારકને આ યોજનાનો લાભ મળવાનો છે ઉપરાંત જે ખેડૂત અલ્પ જમીનધારક નથી એમને પણ આ યોજનાનો લાભ મળવાનો છે.

આ યોજનામાં જે ઓછી મુદત પાક કરજખાતાના અથવા ઓછી મુદત પાક કરજના પુનર્ગઠન કરેલા કરજખાતાના મુદ્દલ અને વ્યાજ સાથે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ બાકી હોય એવી અને ચુકવણી ન થયેલી રકમ બે લાખથી વધારે હોય એવાં કરજખાતાંની માહિતી બૅન્ક પાસેથી મગાવવામાં આવી હોવાથી એવા ખેડૂતોની બાબત પર યથાયોગ્ય સંબંધિત યોજના દ્વારા આશ્વાસન આપવાનો પ્રયત્ન કરવામાં આવશે તેમ જ જે ખેડૂતો ઓછી મુદત પાક કરજ નિયમિત રીતે ચુકવણી કરતા હશે એવા ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે તરત જ નવી યોજના જાહેર કરવામાં આવશે.

ખેડૂત એ ગ્રામીણ અર્થવ્યવસ્થાનો કેન્દ્રબિંદુ છે. એના લીધે ખેતી કેન્દ્રિત વિકાસ કરવા તરફ નવી સરકારનું ધોરણ છે. મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ વિદર્ભની જિલ્લા સમીક્ષા બેઠકમાં પણ ખેતીવિષયક બધી બાબત પર વિશેષ રીતે ધ્યાન અપાતું હોવાનું દેખાઈ આવે છે. ખેતમાલ ખરીદી વ્યવસ્થા મજબૂત કરવા સાથે જ સીંચાઈ અને નાણાં પુરવઠો એવી બધી જ બાબતમાંથી ખેડૂતોને ચિંતામુક્ત કરવા તરફ સરકારનું ધોરણ છે.

## કરજમુક્તિનો લાભ

મહાત્મા જોતિરાવ ફૂલે ખેડૂત કરજમુક્તિ યોજના'ના અમલમાં મહેસૂલતંત્રની મોટી જવાબદારી છે. આ તંત્રએ ખેડૂતો સાથે પોતીકો વ્યવહાર કરવો જોઈએ એવા નિર્દેશ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ આપ્યા છે. યોજનાની સમીક્ષા માટે મુખ્ય પ્રધાને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર, સહકારપ્રધાન જયંત પાટીલ, પ્રધાન અનિલ પરબ, મુખ્ય સચિવ અજોય મહેતાની સાથે રાજ્યના તમામ વિભાગીય

આયુક્તો સાથે વિડિયો કૉન્ફરન્સિંગ દ્વારા સંવાદ કર્યો હતો.

## સમયપત્રક પ્રમાણે યોજના પૂર્ણ કરો

ખેડૂતોને આપણે કંઈ આપીએ છીએ એવી ભાવના રાખવા કરતાં આપણે એમના આશીર્વાદ લઈએ છીએ એ ભાવના સાથે કરજમુક્તિની યોજનાનો અમલ થઈ રહ્યો છે, એમ મુખ્ય પ્રધાને કહ્યું હતું. સરકાર સત્તામાં આવી એના એક મહિનાની અંદર આ મહત્ત્વાકાંક્ષી યોજના લાવવામાં આવી છે અને એના પ્રત્યક્ષ અમલનું કામ ક્ષેત્રીય તંત્રનું છે. જે સમયપત્રક આપવામાં આવ્યું છે એ અનુસાર આ યોજના પૂર્ણ કરો એવી સૂચના પણ મુખ્ય પ્રધાને આપી.

## ખાતાની યાદી

આધાર સંલગ્ન ન હોય એવાં કરજ ખાતાંની યાદી ૭ જાન્યુઆરી સુધી પ્રસિદ્ધ કરવામાં આવશે. એ બાદ ખેડૂતોએ એમનાં કરજ ખાતાં આધાર સંલગ્ન કરવાં પડશે.



## બસની વ્યવસ્થા

આધારના નોટિફિકેશન માટે ઈન્ટરનેટની આવશ્યક્તા હોવાથી દુર્ગમ ભાગમાં ઈન્ટરનેટ ન હોય એવા ગામના ખેડૂતોને નજીકના ગામમાં જઈ 'આપણી સરકાર કેન્દ્ર' પર આધાર પ્રમાણિકરણ અને અન્ય બાબતો પૂર્ણ કરવી પડશે. આ માટે ખેડૂતોને લઈ આવવા અને લઈ જવા માટે બસની વ્યવસ્થા કરવાનો આદેશ મુખ્ય પ્રધાને આપ્યો છે.

## સાતબારામાં કરજ કમી

યોજના અંગે ખેડૂતોમાં જાગૃતિ આવશ્યક હોવાથી જિલ્લા તંત્રએ યોગ્ય એ માહિતી વિવિધ માધ્યમથી ખેડૂતોને પહોંચાડવી, ખેડૂતોનાં કરજ ખાતાં આધાર સાથે સંલગ્ન કરવાં, જિલ્લા અધિકારીઓના નિયંત્રણ હેઠળ હોય એવા પોર્ટલમાં માહિતી અપલોડ કરવી, દુર્ગમ ભાગમાં બાયોમેટ્રિકની સુવિધા ઉપલબ્ધ કરાવવી, જે ખેડૂતો કરજમુક્ત થાય એમના સાતબારામાં કરજ કાઢવાની જવાબદારી ગામસ્તરના તંત્રની હશે અને એના પર જિલ્લા અધિકારીનું નિયંત્રણ હોવું જોઈએ એવી સૂચના પણ મુખ્ય પ્રધાને આપી.

## દસ રૂપિયામાં 'શિવભોજન'

ગરીબ અને જરૂરતવાળી જનતાને ઓછા દરમાં ભોજન મળવું જોઈએ, કોઈ પણ વ્યક્તિ ભૂખા પેટે ન રહે આ માટે સરકારે રાજ્યમાં 'શિવભોજન યોજના' અમલમાં મૂકવાની મંજૂરી આપી છે. મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે આ માટે વધુ આગ્રહી છે. વિધાનમંડળના 'શિયાળુ અધિવેશન'માં મુખ્ય પ્રધાને આ બાબત નોંધ કરી હતી. એ અનુસાર રાજ્યમાં કેવળ દસ રૂપિયામાં 'શિવભોજન' ઉપલબ્ધ કરી આપવામાં પ્રધાનમંડળની બેઠકમાં માન્યતા આપવામાં આવી. રાજ્ય સરકારની આ યોજના પ્રાયોગિક ધોરણ પર શરૂ કરવા માટે ત્રણ મહિનામાં ૬ કરોડ ૪૮ લાખ રૂપિયાનો ખર્ચ અપેક્ષિત છે.

રાજ્યની ગરીબ જનતાની પાછળ આ સરકાર ગંભીર રીતે ઊભી છે. મહારાષ્ટ્ર જેવા પ્રગતિ અને પુરોગામી રાજ્યમાં કોઈ પણ ભૂખું રહેવું ન જોઈએ એ માટે સરકાર 'શિવભોજન' યોજના લાવી છે. પ્રાયોગિક ધોરણ પર આ યોજના પહેલા તબક્કામાં રાજ્યના દરેક જિલ્લાનાં મુખ્યાલયના સ્થળે ઓછામાં ઓછું એક ભોજનાલય તેમ જ દરેક ભોજનાલયમાં ઓછામાં ઓછી ૫૦૦ થાળી શરૂ કરવાની સરકારે માન્યતા આપી છે. આ યોજનાને મળનારો પ્રતિસાદ જોતાં આ યોજના રાજ્યના બીજા વિસ્તારમાં પણ અમલમાં મૂકવામાં આવશે.



## આ થાળીમાં શું હશે?

સરકાર તરફથી શરૂ કરવામાં આવનારા ભોજનાલયમાં પ્રત્યેક ૩૦ ગ્રામની બે રોટલી, ૧૦૦ ગ્રામનું શાક, ૧૫૦ ગ્રામનો ભાત અને ૧૦૦ ગ્રામની દાળનો સમાવેશવાળી 'શિવભોજન'ની થાળી દસ રૂપિયામાં આપવામાં આવશે. આ ભોજનાલય બપોરે ૧૨:૦૦થી ૨:૦૦ વાગ્યા સુધી કાર્યરત રહેશે.

## મળનારું અનુદાન

'શિવભોજન' થાળીની કિંમત શહેરી વિસ્તારમાં પ્રતિથાળી ૫૦ રૂપિયા અને ગ્રામીણ વિસ્તારમાં ૩૫ રૂપિયા જેટલી રહેશે. દરેક ગ્રાહક પાસેથી પ્રાપ્ત થયેલા દસ રૂપિયા ઉપરાંત બાકીની રકમ અનુદાન તરીકે આ વિભાગ પાસેથી સીધી જિલ્લાધિકારીને આપવામાં આવશે, એમના દ્વારા સંબંધિતોને એ વિતરીત કરવામાં આવશે. શહેરી વિસ્તાર માટે પ્રતિથાળી ૪૦ રૂપિયા અને ગ્રામીણ વિસ્તાર માટે પચ્ચીસ રૂપિયા અનુદાન હશે.

## ભોજનાલય કોણ શરૂ કરી શકશે?

શિવભોજનાલય શરૂ કરનારી ઈચ્છા ધરાવતી વ્યક્તિ પાસે પોતાની પર્યાપ્ત જગ્યા હોવી જરૂરી છે. યોજના અમલમાં લાવવા માટે હાલની સ્થિતિમાં શરૂ હોય એવી વીશી, મહિલા બચતજૂથ, ભોજનાલય, રેસ્ટોરાં, બિનસરકારી સંસ્થામાંથી સક્ષમવાળા ભોજનાલયની પસંદગી કરવામાં આવશે. એ માટે મહાપાલિકાસ્તર પર જિલ્લાધિકારીની અધ્યક્ષતા હેઠળ તો તાલુકાસ્તર પર તહેસીલદારની અધ્યક્ષતા હેઠળ સમિતિ સ્થાપન કરવામાં આવશે. ગરીબ અથવા મજૂર લોકોની વધારે પ્રવૃત્તિવાળા જિલ્લા, હૉસ્પિટલ, બસસ્થાનક, રેલવેસ્ટેશન પરિસર, બજારપેઠ, સરકારી કાર્યાલયો જેવાં સ્થળે થાળીનું વેચાણ કરવામાં આવશે.

**ટીમ લોકરાજ્ય**




**રાજ્યપાલ શ્રી ભગતસિંહ કોશિયારીએ શ્રી અજિત પવારને નાયબ મુખ્ય પ્રધાનના શપથ લેવડાવ્યા હતા.**

# આપણા નવા પ્રધાનો

## શ્રી અજિત  અનંતરાવ પવાર, નાયબ મુખ્ય પ્રધાન

**જન્મ:** ૨૨ જુલાઈ, ૧૯૫૯. **જન્મસ્થળ:** દેવલાલી-પ્રવરા, **તાલુકો:** રાહુરી, **જિલ્લો:** અહમદનગર. **શિક્ષણ:** બી.કૉમ., **જ્ઞાત ભાષા:** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **વિવાહિત માહિતી:** પત્ની શ્રીમતી સુનેત્રા **સંતાન:** બે દીકરા. **વ્યવસાય:** ખેતી. **પક્ષ:** રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ. **મતદારસંઘ:** ૨૦૧-બારામતી, જિલ્લો: પુણે.

**અન્ય માહિતી:** વિદ્યા પ્રતિષ્ઠાન બારામતી-ટ્રસ્ટી; છત્રપતિ શિક્ષણ સંસ્થા, ભવાનીનગર, તાલુકો: ઈંદાપુરના સંચાલક; શ્રી. છત્રપતિ સહકારી સાકર કારખાના, લિમિટેડ. ભવાનીનગર, માલેગાંવ સહકારી સાકર કારખાના અને સોમેશ્વર સહકારી સાકર કારખાના લિમિટેડ જિલ્લો: પુણેના સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય સહકારી સંઘ, મુંબઈ, વસંતદાદા સુગર ઈન્સ્ટિટ્યૂટ પુણેના સંચાલક, માર્ચ, ૧૯૯૧થી ઓગસ્ટ, ૧૯૯૧ તેમ જ ડિસેમ્બર, ૧૯૯૪થી ડિસેમ્બર, ૧૯૯૮ અધ્યક્ષ, પુણે જિલ્લા મધ્યવર્તી સહકારી બૅન્ક; ૧૧ ડિસેમ્બર ૧૯૯૮થી ૧૭ ઑક્ટોબર, ૧૯૯૯ અધ્યક્ષ, મહારાષ્ટ્ર રાજ્ય સહકારી બૅન્ક મુંબઈ; ૧૯ ડિસેમ્બર, ૨૦૦૫થી સંચાલક. મહારાષ્ટ્ર રાજ્ય સહકારી દૂધ ઉત્પાદક સંઘ; ૨૮ સપ્ટેમ્બર, ૨૦૦૬થી અધ્યક્ષ, પુણે જિલ્લા શિક્ષણમંડળ; સપ્ટેમ્બર ૨૦૦૫થી ૨૩ માર્ચ, ૨૦૧૩; અધ્યક્ષ, મહારાષ્ટ્ર રાજ્ય કબડ્ડી ઍસોસિયેશન; ૧૩ ઓગસ્ટ, ૨૦૦૬થી અધ્યક્ષ, મહારાષ્ટ્ર રાજ્ય ખો-ખો ઍસોસિયેશનના ૧૭ જૂન, ૧૯૯૧થી ૧૮ સપ્ટેમ્બર, ૧૯૯૧ સભ્ય, લોકસભા. ૧૯૯૧-૯૫ (પેટા ચૂંટણી ), ૧૯૯૫-૯૯, ૧૯૯૯-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૪, ૨૦૧૪-૨૦૧૯ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા. ૨૮ જૂન, ૧૯૯૧થી નવેમ્બર, ૧૯૯૨ કૃષિ, ફળોત્પાદન અને ઊર્જા ખાતાના રાજ્યપ્રધાન; નવેમ્બર, ૧૯૯૨થી ફેબ્રુઆરી, ૧૯૯૩ જળસંચય, ઊર્જા અને નિયોજન ખાતાના રાજ્યપ્રધાન: ૨૭ ઑક્ટોબર, ૧૯૯૯થી ૨૫ ડિસેમ્બર, ૨૦૦૩ સીંચાઈ (કૃષ્ણા ખોરે અને કોંકણ સીંચાઈ મહામંડળ), ફળોત્પાદન ખાતાના પ્રધાન; ૨૬ ડિસેમ્બર, ૨૦૦૩થી ૩૧ ઑક્ટોબર, ૨૦૦૪ ગ્રામવિકાસ, પાણીપુરવઠા અને સ્વચ્છતા, સીંચાઈ  (કૃષ્ણા ખોરે કોંકણ સીંચાઈ મહામંડળ) ખાતાના પ્રધાન: ૯ નવેમ્બર, ૨૦૦૪થી ૭ નવેમ્બર ૨૦૦૯ જળસંપદા (કૃષ્ણા ખોરે સીંચાઈ મહામંડળ બાદ કરીને) લાભક્ષેત્ર વિકાસ, પાણીપુરવઠા અને સ્વચ્છતા ખાતાના પ્રધાન; ૭ નવેમ્બર, ૨૦૦૯થી ૯ નવેમ્બર, ૨૦૧૦ જળસંપદા (કૃષ્ણા ખોરે સીંચાઈ મહામંડળ બાદ કરતાં) અને ઊર્જા ખાતાના પ્રધાન: ૧૧ નવેમ્બર, ૨૦૧૦થી સપ્ટેમ્બર, ૨૦૧૪ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન (નાણાં અને નિયોજન તથા ઊર્જા), ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરી ચૂંટાયા. તારીખ ૨૩ નવેમ્બર, ૨૦૧૯થી ૨૬ નવેમ્બર, ૨૦૧૯ સુધી નાયબ મુખ્ય મહારાષ્ટ્ર રાજ્ય.

**સંદર્ભ: ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

## શ્રી અશોકરાવ શંકરરાવ ચવ્હાણ

**જન્મ:** ૨૮ ઑક્ટોબર, ૧૯૫૮. **જન્મસ્થળ:** મુંબઈ. **શિક્ષણ:** બી.એસસી., એમ.બી.એ., **જ્ઞાત ભાષા:** મરાઠી, હિંદી, અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતી:** વિવાહિત, પત્ની શ્રીમતી અમિતા, **સંતાન:** બે દીકરી. **વ્યવસાય:** ખેતી અને ઉદ્યોગ. **પક્ષ:** ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (આઈ) **મતદારસંઘ:** ૮૫-ભોકર, **જિલ્લો:** નાંદેડ.



**અન્ય માહિતી:** ૧૯૮૬-૧૯૯૨ દરમિયાન મહામંત્રી અને ઉપાધ્યક્ષ, મહારાષ્ટ્ર પ્રદેશ યુવક કોંગ્રેસ કમિટી; ૧૯૯૫થી ૧૯૯૯ મહામંત્રી, મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ કમિટી; ૧૯૮૭-૮૯ સભ્ય, લોકસભા, ૧૯૯૨-૯૮ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનપરિષદ, ૧૯૯૯-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૯ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા, ઑક્ટોબર, ૨૦૦૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા; માર્ચ, ૧૯૯૩થી સપ્ટેમ્બર, ૧૯૯૪ રાજ્યપ્રધાન, જાહેર બાંધકામ વિભાગ, નગરવિકાસ અને સંસદીય કાર્ય; સપ્ટેમ્બર, ૧૯૯૪થી માર્ચ, ૧૯૯૫ રાજ્યપ્રધાન, ગૃહ અને સંસદીય કાર્ય; ઑક્ટોબર, ૧૯૯૯થી જાન્યુઆરી, ૨૦૦૩ પ્રધાન, મહેસૂલ, રાજશિષ્ટાચાર, જાન્યુઆરી, ૨૦૦૩થી ઑક્ટોબર, ૨૦૦૪ પ્રધાન, પરિવહન, બંદર, સાંસ્કૃતિક કાર્ય અને રાજશિષ્ટાચાર; નવેમ્બર, ૨૦૦૪થી ૪ ડિસેમ્બર ૨૦૦૮ પ્રધાન, ઉદ્યોગ, ખનિજ કામ, સાંસ્કૃતિક કાર્ય અને રાજશિષ્ટાચાર; ૮ ડિસેમ્બર, ૨૦૦૮થી ૨૬ ઑક્ટોબર, ૨૦૦૯ મહારાષ્ટ્ર રાજ્યના મુખ્ય પ્રધાન; ૭ નવેમ્બર, ૨૦૦૯ના રોજ મુખ્ય પ્રધાનપદના ફરીથી સોગંદ લીધા. ઑક્ટોબર, ૨૦૧૯માં વિધાનસભામાં ચૂંટાયા; ૧૯૮૫ અધ્યક્ષ, સંજય ગાંધી નિરાધાર યોજના, નાંદેડ શહેર; ૧૯૮૭-૧૯૮૯ સભ્ય, કન્સલ્ટેટિવ સમિતિ-કેન્દ્રીય પર્યાવરણ અને વન મંત્રાલય, કાર્મિક, જાહેર તકરાર અને નિવૃત્તિ વેતન મંત્રાલય, વિભાગીય રેલવે યુઝર્સ સમિતિ, હૈદરાબાદ અને દક્ષિણ મધ્ય રેલવે; ૧૯૯૧-૯૨ સભ્ય, સલાહકાર પૅનલ, કેન્દ્રીય સિનેમા પરિરક્ષણ, મુખ્ય પ્રવર્તક, ભાઉરાવ ચવ્હાણ સહકારી સાકર કારખાના લક્ષ્મીનગર દેગાવ-યેળેગાવ, જિલ્લો: નાંદેડ, કારખાનાને સતત ત્રણ વાર કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ પારિતોષિક તેમ જ સ્પેનમાં મેડ્રિડ બિઝનેસ ઈનેન્શિએટિવ ડાયરેક્શનનો આંતરરાષ્ટ્રીય દરજ્જામાં ક્રાઉન એવૉર્ડ; અધ્યક્ષ, શારદા ભવન શિક્ષણ સંસ્થા-નાંદેડ; અધ્યક્ષ, સાઈ સેવાભાવી ટ્રસ્ટ-નાંદેડ.

**સંદર્ભ: ૧૨મી મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્યોનો સંક્ષિપ્ત જીવનપરિચય**

---

## શ્રી દિલીપ દત્તાત્રય વળસે-પાટીલ

**જન્મ:** ૩૦ ઑક્ટોબર, ૧૯૫૬. **જન્મસ્થળ:** નિરગુડસર, **તાલુકો:** આંબેગાંવ, **જિલ્લો:** પુણે. **શિક્ષણ:** બી.એ. (ઓનર્સ), ડી.જે. એલ.એલ.એમ. **જ્ઞાત ભાષા:** મરાઠી, હિંદી અને અંગ્રેજી, **લગ્નસંબંધી માહિતી:** વિવાહિત, પત્ની શ્રીમતી કિરણ. **સંતાન:** એક દીકરી. **વ્યવસાય:** ખેતી અને વેપાર. **પક્ષ:** રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ. **મતદારસંઘ:** ૧૯૬-આંબેગાંવ, **જિલ્લો:** પુણે.



**અન્ય માહિતી:** કૉલેજના જીવનથી રાજકારણમાં તેમ જ સહકારી ચળવળમાં રાજ્યના નેતાઓની સાથે સક્રિય સહભાગ; સંસ્થાપક-અધ્યક્ષ, રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ કેન્દ્ર, પુણે. આ સંસ્થા મારફત ગ્રામીણ, દુર્ગમ આદિવાસી ભાગમાં શૈક્ષણિક, સામાજિક અને આર્થિક ઉન્નતિ માટે વિવિધ ઉપક્રમ શરૂ કર્યા; ગ્રામીણ ભાગમાં દૂધ વ્યવસાયને પ્રોત્સાહન આપીને સંસ્થાને વિકસિત કરી અને એ દ્વારા સર્વસામાન્ય જનતા ખાસ કરીને ગ્રામીણ મહિલા વર્ગનું આર્થિક સક્ષમીકરણ કરવાનું કાર્ય; ટ્રસ્ટી-યશવંતરાવ ચવ્હાણ પ્રતિષ્ઠાન, મુંબઈ અને મહારાષ્ટ્રની અનેક સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓની સાથે સંકળાયેલા: સંચાલક, પુણે જિલ્લા મધ્યવર્તી સહકારી બૅન્ક; સંસ્થાપક-ચૅરમૅન, ભીમાશંકર સહકારી સાકર કારખાના; ૧૯૯૦-૯૫, ૧૯૯૫-૯૯, ૧૯૯૯-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૪, ૨૦૧૪-૨૦૧૯ સભ્ય; મહારાષ્ટ્ર વિધાનસભા; ૧૯૯૨-૯૩ સમિતિ પ્રમુખ, વિધાનમંડળ સમિતિ વર્ષ ૧૯૯૮-૯૯માં રાષ્ટ્રકુળ સંસદીય મંડળ મહારાષ્ટ્ર શાખા દ્વારા આપવામાં આવતા મહારાષ્ટ્ર વિધાનસભાના ઉત્કૃષ્ટ સભ્યના પુરસ્કારથી સન્માનિત; ઑક્ટોબર, ૧૯૯૯થી ડિસેમ્બર, ૨૦૦૨ ઉચ્ચ અને ટેક્નિકલ એજ્યુકેશન ખાતાના પ્રધાન; ડિસેમ્બર, ૨૦૦૨થી નવેમ્બર, ૨૦૦૪ ઊર્જા, અને ઉચ્ચ તથા ટેકનિકલ એજ્યુકેશન પ્રધાન; નવેમ્બર, ૨૦૦૪થી માર્ચ, ૨૦૦૫ ઊર્જા (અપારંપારિક ઊર્જાને બાદ કરતાં) અને તબીબી શિક્ષણપ્રધાન; માર્ચ, ૨૦૦૫થી ડિસેમ્બર, ૨૦૦૮ ઊર્જા (અપારંપારિક ઊર્જાને બાદ કરતાં), તબીબી શિક્ષણ, ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણપ્રધાન; ડિસેમ્બર, ૨૦૦૮થી ઑક્ટોબર, ૨૦૦૯ નાણાં અને નિયોજનપ્રધાન; પ્રધાનપદે કાર્યરત રહીને મહત્ત્વપૂર્ણ ધોરણાત્મક અને ઉલ્લેખનીય નિર્ણય લીધા, એમાં મુખ્ય 'મહારાષ્ટ્ર જ્ઞાન મહામંડળ' નામની કંપનીની સ્થાપના, વિદ્યુત કાયદા ૨૦૦૩ની રાજ્યમાં અમલબજાવણી કરી; મહારાષ્ટ્ર રાજ્ય વિદ્યુતમંડળનું વિભાજન કરીને સૂત્રધાર કંપની, મહાનિર્મિતી, મહાપારેષણ અને મહાવિતરણ એમ ચાર કંપનીની સ્થાપના, ઊર્જા વિકાસ માટે રોડમૅપ, ૬૦૦૦ મેગાવોટનો પ્રકલ્પ નાખવાનું અને વિદ્યુત પાયાભૂત સુવિધા નિર્માણ કરવાનાં કામ, ૨૦૦૯-૨૦૧૪ અધ્યક્ષ, મહારાષ્ટ્ર વિધાનસભા, ૨૦૧૨-૧૩માં મહારાષ્ટ્ર વિધાનમંડળના અમૃત મહોત્સવ સમારંભનું ભારતના રાષ્ટ્રપતિ મહામહિમ પ્રતિભાતાઈ પાટીલની મુખ્ય હાજરીમાં આયોજન કર્યું તેમ જ યશવંતરાવ ચવ્હાણ અને વસંતરાવ નાઈકની જન્મશતાબ્દી અવસરે પ્રદર્શન અને ચર્ચાસત્રનું આયોજન, ઑક્ટોબર-૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાયા.

**સંદર્ભ: ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

## શ્રી ધનંજય પંડિતરાવ મુંડે

**જન્મઃ** ૧૫ જુલાઈ, ૧૯૭૫. **જન્મસ્થળઃ** મુંબઈ. **શિક્ષણઃ** બી.એસ.એલ. **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી, અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતીઃ** વિવાહિત, પત્ની શ્રીમતી રાજશ્રી. **સંતાનઃ** બે દીકરી. **વ્યવસાયઃ** ખેતી, વેપાર અને સમાજસેવા. **પક્ષઃ** રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી **મતદારસંઘઃ** ૨૩૩-પરળી



**અન્ય માહિતીઃ** અધ્યક્ષ, નાથ પ્રતિષ્ઠાન, પરળી વૈજનાથ, આ સંસ્થા મારફત સામૂહિક વિવાહ, વૃક્ષારોપણ, આરોગ્ય તપાસણી શિબિરનું, ક્રીડાસ્પર્ધાનું તેમ જ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન. વિદ્યાર્થીઓને શાળાપયોગી વસ્તુનું વિતરણ, ૨૦૦૩માં ઘાટનાંદૂર ખાતે રેલવે અકસ્માતમાં ૧૨ લોકોના પ્રાણ બચાવ્યા; ગ્રામીણ ભાગમાં પીવાના પાણીની ગંભીર સમસ્યાના નિવારણ માટે ગામમાં ૨૦૦ કરતાં વધુ બોરવેલ ખોદાવ્યા; ૨૦૦૧માં બેરોજગાર અને આતંકવાદ વિરોધી યુવક મોરચા; ૨૦૦૮માં દિલ્હી ખાતે યુવા ક્રાંતિ રેલીમાં મહારાષ્ટ્રના યુવકોનું નેતૃત્વ; ૨૦૦૯માં પુણે ખાતે યુવા સંકલ્પ રેલીનું આયોજન કર્યું. ૧૯૯૭-૯૮ ભારતીય જનતા યુવા મોરચા મહારાષ્ટ્ર પ્રદેશ વિદ્યાર્થી આઘાડીના પ્રમુખઃ ૧૯૯૮-૨૦૦૧ ઉપાધ્યક્ષ અને ૨૦૦૧-૨૦૦૭ મહામંત્રી અને ૨૦૦૭-૨૦૧૦ અધ્યક્ષ, ભારતીય જનતા યુવા મોરચા; ૨૦૦૨-૨૦૦૭ સભ્ય, ૨૦૦૭-૨૦૧૦ ઉપાધ્યક્ષ, જિલ્લા પરિષદ બીડ; સંચાલક, સંત જગમિત્ર સહકારી સૂતર મિલ લિમિટેડ, ટોકવાડી-પરળી વૈજનાથ; ૨૦૧૦-૧૩, ૨૦૧૩-૧૬ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનપરિષદ ડિસેમ્બર, ૨૦૧૪થી જુલાઈ, ૨૦૧૬ વિરોધી પક્ષ નેતા, વિધાનપરિષદ, જુલાઈ, ૨૦૧૬માં મહારાષ્ટ્ર વિધાનપરિષદમાં ફરીથી ચૂંટાઈ આવ્યા, વિધાનપરિષદના વિરોધી પક્ષ નેતા; ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ચૂંટાઈ આવ્યા.

---

## શ્રી વિજય નામદેવરાવ વડેટ્ટીવાર

**જન્મઃ** ૧૨ ડિસેમ્બર, ૧૯૬૨. **જન્મસ્થળઃ** કરંજી, **તાલુકોઃ** ગોંડપિંપરી, **જિલ્લોઃ** ચંદ્રપુર. **શિક્ષણઃ** એચ.એસ.સી. **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી, અંગ્રેજી અને તેલુગુ. **લગ્નસંબંધી માહિતીઃ** વિવાહિત, પત્ની શ્રીમતી કિરણ. **સંતાનઃ** એક દીકરો અને ત્રણ દીકરી. **વ્યવસાયઃ** ખેતી અને વેપાર. **પક્ષઃ** ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (આઈ). **મતદારસંઘઃ** ૭૩- બ્રહ્મપુરી, **જિલ્લોઃ** ચંદ્રપુર



**અન્ય માહિતીઃ** સંસ્થાપક-અધ્યક્ષ, સેમાના વન વિકાસ શૈક્ષણિક સંસ્થા; વિદર્ભ, સ્તરીય એકાંકિકા સ્પર્ધા, કવિ સંમેલનો, ક્રીડાસ્પર્ધાનું આયોજન; ગરીબ વિદ્યાર્થીઓને સેર્વોત્તપરી મદદ; શિવસેનાના માધ્યમથી આરોગ્ય તપાસણી શિબિરો, રક્તદાન, નેત્રદાન, નેત્રચિકિત્સા અને મફત ચશ્માં વિતરણ શિબિરોનું આયોજન; બેરોજગારોને માર્ગદર્શન અને ખેડૂત, ખેતમજૂર, વન કામગારોના ન્યાય-હક્ક માટે મોરચા, આંદોલનો કરીને ન્યાય મેળવી આપવા માટે પ્રયત્ન; ગઢચિરોલી જિલ્લામાં કારવાફા, તુલતુલી, દિના ઉપસા સીંચાઈ પ્રકલ્પો માટે આદોલનનું નેતૃત્વ, પૂરગ્રસ્તોને મદદ; દૂધ ઉત્પાદન અને પ્રક્રિયા કેન્દ્ર શરૂ કરીને (શિવાણી ડેરી) ગરીબ, આદિવાસી, ખેડૂતોને ગાય-ભેંસ ઉપલબ્ધ કરી આપીને રોજગારનાં સાધનો ઉપલબ્ધ કરી આપ્યાં; અધ્યક્ષ, ચંદ્રપુર જિલ્લા મધ્યવર્તી બૅન્ક, સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય સહકારી બૅન્ક; અધ્યક્ષ, સ્વદેશી મરઘાંપાલન સહકારી સંસ્થા, ગઢચિરોલી; અધ્યક્ષ, સેમાના વિદ્યા અને વન વિકાસ પ્રશિક્ષણ સંસ્થા, ગઢચિરોલી; ચિમૂર અને સિંદેવાહિં ખાતે નગરપરિષદ સ્થાપના માટે પ્રયત્ન; ગઢચિરોલી, વડસા (દે), ભદ્રાવતી, વરોરા, ચંદ્રપુર, બ્રહ્મપુરી નગરપરિષદમાં ચૂંટણી દ્વારા શિવસેનાની સત્તા માટે વિશેષ પ્રયત્ન; કુરખેડા, આરમોરી, વડસા, ગઢચિરોલી, ચામોશી, ધાનોરા અને મુલચેરા પંચાયત સમિતિમાં શિવસેનાની સત્તા સંપાદન કરી; ગઢચિરોલી જિલ્લા નિર્માણ આંદોલનમાં સહભાગ, ધરપકડ અને કારાવાસઃ ૧૯૮૬થી ગઢચિરોલી શિવસેના જિલ્લાપ્રમુખઃ ૧૯૯૫-૯૮ અધ્યક્ષ, વનવિકાસ મહામંડળ, આ દરમિયાન જંગલ કામગાર, વન મજૂર સહકારી સંસ્થાની મુશ્કેલીઓનો નિકાલ લાવીને ખોટમાં જતાં મહામંડળોને નફામાં લાવ્યા; શિવસેનાની ૫૫૦ ગામોમાં શાખાઓ શરૂ કરીઃ ૧૯૯૭થી ગઢચિરોલી જિલ્લામાં અને ચિમૂર ભાગની ઘણી ગ્રામપંચાયતો પર વર્ચસ્વ મેળવ્યું; ૨૦૦૫થી કોંગ્રેસ પક્ષનું કાર્ય; સભ્ય, જિલ્લા પરિષદ, ગઢચિરોલી; ૧૯૯૮-૨૦૦૪ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનપરિષદ; ૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૨૦૦૪, ૨૦૧૪-૨૦૧૯ સભાસદ, મહારાષ્ટ્ર વિધાનસભા; વિધાનમંડળના રોજગાર બાંયધરી, લોકલેખા અને આશ્વાસન સમિતિના સભ્ય, નવેમ્બર, ૨૦૦૯થી નવેમ્બર, ૨૦૧૦ જળસંપદા અને સંસદીય કાર્ય, નાણાં ને આયોજન અને ઊર્જા ખાતાના રાજ્યપ્રધાન; થોડો સમય વિધાનસભાના વિરોધી પક્ષનું કામ સાંભળ્યું; ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

**સંદર્ભઃ ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

## શ્રી અનિલ વસંતરાવ દેશમુખ



**જન્મઃ** ૯ મે, ૧૯૫૦. **જન્મસ્થળઃ** નાગપુર. **શિક્ષણઃ** એમ.એસસી. (ઍગ્રિ.) **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતીઃ** વિવાહિત, પત્ની શ્રીમતી આરતી **સંતાનઃ** બે દીકરા અને એક દીકરી. **વ્યવસાયઃ** ખેતી. **પક્ષઃ** રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ. **મતદારસંઘઃ** ૪૮-કાટોલ, જિલ્લોઃ નાગપુર.

**અન્ય માહિતીઃ** અનેક સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ સાથે નજીકનો સંબંધ, શિક્ષણનો દરજ્જો ઊંચો લાવવા માટે વિશેષ પ્રયત્ન, વિવિધ ખાતાના પ્રધાનપદનો કાર્યભાર સંભાળીને ખેડૂત, મહિલા અને યુવકોને કેન્દ્રસ્થાને રાખીને વિવિધ યોજના અમલમાં લાવ્યા. કૌશલ્ય વિકાસના વિવિધ ઉપક્રમો શરૂ કર્યા, મહિલાને આર્થિક સ્થિરતા પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન, વિવિધ સામાજિક કાર્યમાં એમનો સહભાગ હોય છે. ૧૯૭૦થી ૧૯૯૯ કોંગ્રેસ પક્ષનું કાર્ય, ૧૯૯૯થી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષનું કાર્ય; ૨૩ મે, ૧૯૭૨થી ૯ જૂન, ૧૯૯૨ સભાપતિ, પંચાયત સમિતિ, નરખેડ, જિલ્લોઃ નાગપુર; ૯ જુલાઈ, ૧૯૯૨થી ૧૨ માર્ચ, ૧૯૯૫. અધ્યક્ષ, જિલ્લાપરિષદ, નાગપુર, ૧૯૯૫-૯૯, ૧૯૯૯-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૧૪ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા; માર્ચ, ૧૯૯૫થી જુલાઈ, ૧૯૯૯ શાળાકીય શિક્ષણ, ઉચ્ચ અને ટેક્નિકલ એજ્યુકેશન, સાંસ્કૃતિક કાર્ય ખાતાના રાજ્યપ્રધાન; ઑક્ટોબર, ૧૯૯૯થી માર્ચ, ૨૦૦૧ શાળાકીય શિક્ષણ, માહિતી અને જનસંપર્ક, ક્રીડા અને યુવક કલ્યાણ ખાતાના રાજ્યપ્રધાન; માર્ચ, ૨૦૦૧થી ઑક્ટોબર, ૨૦૦૪ રાજ્ય ઉત્પાદન શુલ્ક, અન્ન અને ઔષધ પ્રશાસન ખાતાના રાજ્યપ્રધાન; નવેમ્બર, ૨૦૦૪થી ડિસેમ્બર, ૨૦૦૮ જાહેર બાંધકામ (સાર્વજનિક ઉપક્રમ) ખાતાના પ્રધાન; ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

કૃષિ, શૈક્ષણિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં જોરદાર કામગીરી. વસંતરાવ દેશમુખ પ્રતિષ્ઠાન અંતર્ગત વિવિધ સામાજીક કાર્યક્રમ. આમાં સમુહ લગ્ન, ખેડૂતો અને યુવકા કલ્યાણ માટે વિવિધ કાર્યક્મોનો સમાવેશ.

**સંદર્ભ : ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

---

## શ્રી હસન મિયાલાલ મુશ્રીફ

**જન્મઃ** ૨૪ માર્ચ ૧૯૫૪. **જન્મસ્થળઃ** કાગલ, **જિલ્લોઃ** કોલ્હાપુર. **શિક્ષણઃ** બી.એ. (અર્થશાસ્ત્ર) **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી, અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતીઃ** વિવાહિત, પત્ની શ્રીમતી સાહેરા. **સંતાનઃ** ત્રણ દીકરા અને એક દીકરી. **વ્યવસાયઃ** ખેતી. **પક્ષઃ** રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી. **મતદારસંઘઃ** ૨૭૩-કાગલ, **જિલ્લોઃ** કોલ્હાપુર.

**અન્ય માહિતીઃ** વિદ્યાર્થી ચળવળમાં સહભાગ; અધ્યક્ષ, આદર્શ શિક્ષણ સંસ્થા, કાગલ; અધ્યક્ષ, ભાઈ માધવરાવ બાગલ શિક્ષણ સંસ્થા, કોલ્હાપુર; અધ્યક્ષ, નાગનાથ શિક્ષણ સંસ્થા-એકોંડિ; ખેડૂત, દુર્બળ અને પછાતવર્ગના વિકાસ માટે સતત પ્રયત્નશીલ; મહારાષ્ટ્ર-કર્ણાટક સીમા પ્રશ્ન મા. શરદરાવજી પવારના નેતૃત્વમાં આંદોલનમાં સક્રિય સહભાગઃ ખેડૂત સંગઠનના તમાકુ અને દૂધ ભાવવધારા આંદોલનમાં સક્રિય સહભાગ; સભ્ય અને ૧૯૯૭-૯૮ સભાપતિ, પંચાયત સમિતિ, કાગલ; સભ્ય, જિલ્લાપરિષદ, કોલ્હાપુરઃ ૧૯૮૬-૨૦૧૫ સંચાલક, અમુક સમય વાઈસ ચૅરમૅન અને ચૅરમૅન, કોલ્હાપુર જિલ્લા મધ્યવર્તી સહકારી બૅન્ક. આ બૅન્કનાં માધ્યમથી અનેક નવીનતાભરી યોજના સભાસદોના હિત માટે શરૂ કરી. એથી સરકારે આ બૅન્કને વિશેષ સન્માનિત કરી; અધ્યક્ષ, સંજય ગાંધી નિરાધાર યોજના, કાગલ; સંચાલક અને ઉપાધ્યક્ષ, મહારાષ્ટ્ર રાજ્ય સહકારી દૂધ મહાસંઘ મર્યાદિત (મહાનંદ), ગોરેગાંવ, મુંબઈ; વાઈસ ચૅરમૅન ખા. સદાશિવરાવ મંડાલિક, કાગલ તાલુકા સહકારી સાકર કારખાના, હમીદવાડા; સભ્ય, કાગલ તાલુકા ખરીદી-વિક્રી સંઘ સંસ્થાપક-સંચાલક. છત્રપતિ શાહુ સહકારી સાકર કારખાના લિમિટેડ, કાગલ; વાઈસ ચૅરમૅન, કાગલ તાલુકા સહકારી સૂતર મિલ મર્યાદિત અને શરદ સહકારી સૂતર મિલ મર્યાદિત. કાગલ; સંચાલક, કોલ્હાપુર જિલ્લા સહકારી કૃષિ ઉદ્યોગ સહકારી સંસ્થા; ઉપાધ્યક્ષ, જિલ્લા કોંગ્રેસ સમિતિ; ૧૯૯૯થી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષનું કાર્ય; ૧૯૯૯-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૪, ૨૦૧૪-૨૦૧૯ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા; માર્ચ, ૨૦૦૧થી જુલાઈ, ૨૦૦૪ પશુસંવર્ધન અને દૂધવિકાસ ખાતાના રાજ્યપ્રધાન; જુલાઈ, ૨૦૦૪થી ઑક્ટોબર, ૨૦૦૮ પશુસંવર્ધન, દૂધવિકાસ, શાળાકીય



શિક્ષણ, ઔકાફ ખાતાના રાજ્યપ્રધાન; નવેમ્બર, ૨૦૦૮થી નવેમ્બર, ૨૦૦૯ નગરવિકાસ, પશુસંવર્ધન, દૂધવિકાસ, મત્સ્ય વ્યવસાય, અલ્પસંખ્યાંક, ઔકાફ. કાયદો અને ન્યાયખાતાના રાજ્યપ્રધાનઃ નવેમ્બર, ૨૦૦૯થી જૂન, ૨૦૧૪, કામગારખાતાના રાજ્યપ્રધાન; ૨૭ જૂન, ૨૦૧૪થી ઑક્ટોબર, ૨૦૧૪ જળસંપદા (કૃષ્ણા ખોરે મહામંડળ) ખાતાના પ્રધાન. ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

**વિદેશપ્રવાસઃ** યુરોપ, ન્યુઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા, ચીન અને જિનેવા, વગેરે દેશમાં અભ્યાસ મુલાકાત.

**સંદર્ભઃ ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્યનો સંક્ષિપ્ત જીવન પરિચય**

## પ્રા. વર્ષા એકનાથ ગાયકવાડ



**જન્મઃ** ૩ ફેબ્રુઆરી, ૧૯૭૫. **જન્મસ્થળઃ** મુંબઈ. **શિક્ષણઃ** એમ.એસસી.(ગણિત), બી.એડ. **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતીઃ** વિવાહિત, પતિશ્રી રાજુ બાબુ ગોડસે. **વ્યવસાયઃ** સામાજિક કાર્ય. **પક્ષઃ** ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (આઈ). **મતદારસંઘઃ** ૧૭૮-ધારાવી (અનુસૂચિત જાતિ)

**અન્ય માહિતીઃ** અધ્યક્ષા, નિર્મલ મહિલા પછાતવર્ગીય ઔદ્યોગિક સહકારી સંસ્થા, વિક્રોલી, મુંબઈ; રયત મહાસંઘ અને અભય શિક્ષણ કેન્દ્ર સંસ્થાના માધ્યમથી શૈક્ષણિક ને સામાજિક ઉપક્રમ શરૂ કર્યા; ખાસ કરીને મહિલાના સક્ષમીકરણ માટે વિવિધ ઉપક્રમોના માધ્યમથી કાર્યરત; વંચિત અને ઉપેક્ષિત વર્ગના વિદ્યાર્થીઓના ઉત્થાન માટે મદદ; શહેરી સમસ્યાના ઉકેલ પર વિશેષ ભાર; સંગઠનોના માધ્યમથી મહિલા અને યુવતીઓનું સંગઠન કરીને એમની ઉદ્યમશીલતા ને સામાજિક જરૂરતો પૂરી પાડવાના વિશેષ પ્રયત્નો; કારોબારી સમિતિનાં સભ્ય, મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ કમિટી; ૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૪, ૨૦૧૪-૨૦૧૯ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભાઃ ૨૦૦૪-૨૦૦૮ સભ્ય અને ૨૦૦૮-૨૦૦૯ સમિતિ પ્રમુખ, મહિલાઓના હક્ક અને કલ્યાણ સમિતિ; રાષ્ટ્રકુળ સંસદીય મંડળ મહારાષ્ટ્ર શાખા દ્વારા ૨૦૦૬- ૨૦૦૭ માટેનો મહારાષ્ટ્ર વિધાનસભામાં ઉત્કૃષ્ટ ધારાસભ્ય તરીકે પુરસ્કાર પ્રાપ્ત; ૭ નવેમ્બર, ૨૦૦૯થી ૧૦ નવેમ્બર, ૨૦૧૦ તબીબી શિક્ષણ, ઉચ્ચ અને ટેક્નિકલ એજ્યુકેશન, પર્યટન અને વિશેષ સહાય ખાતાનાં રાજ્યપ્રધાન. ૧૧ નવેમ્બર, ૨૦૧૦થી ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૪ મહિલા અને બાળવિકાસ ખાતાનાં પ્રધાન. ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યાં.

**વિદેશપ્રવાસઃ** અમેરિકાના પ્રમુખની ચૂંટણીની સમીક્ષા કરવા માટે નિયુક્ત કરેલા પ્રતિનિધિમંડળમાં સહભાગ; ૨૦૦૮માં રાષ્ટ્રકુળ સંસદીય મંડળ, મહારાષ્ટ્ર શાખા દ્વારા અમેરિકાના અભ્યાસની મુલાકાતમાં સહભાગ; ૨૦૦૯માં ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલૅન્ડ અને સિંગાપોરની અભ્યાસ મુલાકાત.

**સંદર્ભઃ ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

---

## ડૉ. રાજેન્દ્ર ભાસ્કરરાવ શિંગણે

**જન્મઃ** ૩૦ માર્ચ, ૧૯૬૧. **જન્મસ્થળઃ** ડોંગર શેવલી, **જિલ્લોઃ** બુલઢાણા. **શિક્ષણઃ** બી.એ.એમ.એસ. **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી, અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતીઃ** વિવાહિત, પત્ની શ્રીમતી રજની. **સંતાનઃ** એક દીકરી. **વ્યવસાયઃ** ખેતી.

**પક્ષઃ** રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી. **મતદારસંઘઃ** ૨૪-સિંદખેડરાજા, જિલ્લોઃ બુલઢાણા



**અન્ય માહિતીઃ** અધ્યક્ષ, સિદ્ધેશ્વર શિક્ષણ પ્રસારક મંડળ, સાકરખેર્ડા, રાષ્ટ્રમાતા જીજાઉ કન્યા વિદ્યાલય, સિંદખેડરાજા, જિલ્લોઃ બુલઢાણા; મુખ્ય પ્રશાસક, મહારાષ્ટ્ર રાજ્ય કપાસ માર્કેટિંગ મહાસંઘ, જીજામાતા સહકારી સાકર કારખાના લિમિટેડ, દુસરબીડ, તાલુકોઃ સિંદખેડા, સંચાલક, પૈનગંગા સહકારી સૂતર મિલ, સાકરખેર્ડા, તાલુકોઃ સિંદખેડા, ૧૯૯૨-૨૦૦૧ અધ્યક્ષ, બુલઢાણા જિલ્લા મધ્યવર્તી સહકારી બૅન્ક ૧૯૯૩ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય સહકારી બૅન્ક, ૨૦૦૭ સંચાલક, (બિનહરીફ) મહારાષ્ટ્ર રાજ્ય માર્કેટિંગ ફેડરેશન મુંબઈ; ૧૯૮૫ અધ્યક્ષ, જિલ્લા યુવક કોંગ્રેસ, જુલાઈ, ૨૦૦૪થી મહામંત્રી, મહારાષ્ટ્ર પ્રદેશ રાષ્ટ્રવાદી કોંગ્રેસ, ૧૯૯૫-૯૯, ૧૯૯૯-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૯, અધ્યક્ષઃ રાજમાતા જીજાઉ છોકરીઓની સૈનિકી શાળા, ચંધાઈ, તાલુકો ચીખલી. અધ્યક્ષઃ (૧૯૯૦થી ૨૦૦૫) સહકાર મહર્ષિ સ્વ. ભાસ્કરરાવજી શિંગણે નાગરી સહકારી પતસંસ્થા મર્યાદિત, બુલઢાણા, અધ્યક્ષ (૨૦૧૫થી)ઃ ધી વિદર્ભ કો-ઑપરેટિવ માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ-નાગપુર. ૧૯૯૫થી ૧૯૯૮ દરમિયાન વિધાનમંડળની લોકલેખા, જાહેર ઉપક્રમ અને અંદાજ સમિતિના સભ્ય. ૨૦૦૯-૧૪ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા, માર્ચ, ૨૦૦૧થી જુલાઈ, ૨૦૦૨ શાળાકીય શિક્ષણ, માર્કેટિંગ માહિતી અને જનસંપર્ક ખાતાના રાજ્યપ્રધાન; જુલાઈ, ૨૦૦૨થી જાન્યુઆરી, ૨૦૦૩ શાળાકીય શિક્ષણ, માર્કેટિંગ ખાતાના રાજ્યપ્રધાન; જાન્યુઆરી, ૨૦૦૩થી જુલાઈ, ૨૦૦૪ શાળાકીય શિક્ષણના રાજ્યપ્રધાન, ૧૬ નવેમ્બર, ૨૦૦૪થી ડિસેમ્બર, ૨૦૦૮ મહેસૂલ, પુનર્વસન, માહિતી અને જનસંપર્ક, ભૂકંપ પુનર્વસન અને મદદ, ક્રીડા અને યુવક કલ્યાણ અને માજી સૈનિકોના કલ્યાણખાતાના રાજ્યપ્રધાન, ડિસેમ્બર, ૨૦૦૮થી ઑક્ટોબર, ૨૦૦૯ જાહેર આરોગ્ય અને કુટુંબ કલ્યાણખાતાના પ્રધાન; ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

શૈક્ષણિક, સામાજિક, સાંસ્કૃતિક તેમ જ સહકાર ક્ષેત્રમાં ઉત્તમ કામગીરી. યુવાનોને રોજગાર મળે એ માટે વિવિધ સહકારી સંસ્થાની શરૂઆત કરી. ખેડૂતોના પ્રશ્નોની સારી જાણકારી હોવાથી એમના માટે વિવિધ યોજના અને કાર્યક્રમ શરૂ કર્યા. મહિલા અને યુવાનોને રોજગાર ઉપલબ્ધ કરી આપ્યો.

**સંદર્ભઃ ૧૨મી મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

## શ્રી નવાબ મોહમ્મદ ઈસ્લામ મલિક

**જન્મઃ** ૨૦ જૂન ૧૯૫૯. **જન્મસ્થળઃ** ધુસવા-ઈટાઈ-રામપુર, **તાલુકોઃ** ઉતરૌલા, **જિલ્લોઃ** બલરામપુર (ઉત્તર પ્રદેશ). **શિક્ષણઃ** એફ.વાય.બી.એ. **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી, અંગ્રેજી અને ઉર્દૂ. **લગ્નસંબંધી માહિતીઃ** વિવાહિત, પત્ની શ્રીમતી મેહજબીન. **સંતાનઃ** બે દીકરા અને બે દીકરી **વ્યવસાયઃ** વેપાર. **પક્ષઃ** રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ. **મતદારસંઘઃ** ૧૭૨-અણુશક્તિ નગર, જિલ્લોઃ મુંબઈ ઉપનગર.



**અન્ય માહિતીઃ** સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રમા સારું યોગદાન. વિદ્યાર્થીઓના પ્રશ્નો માટે હંમેશાં આગેવાની. વંચિત અને ઉપેક્ષિત વર્ગના વિદ્યાર્થીઓને હક્કનું અને દર્જેદાર શિક્ષણ ઉપલબ્ધ કરી આપવા માટે વિશેષ પ્રયત્ન. અધ્યક્ષ, હ્યુમન વેલ્ફેર ઑર્ગેનાઈઝેશન, રક્તદાન શિબિરો, વિદ્યાર્થી આંદોલન, કૉલેજ શિક્ષણ ફીવધારા વિરોધી આંદોલન, વિદ્યાર્થી, સંસદ આંદોલનમાં સક્રિય સહભાગ; ૧૯૯૩-૯૫ સામાજિક એકતા અને અંખડતા અને ધાર્મિક સદ્ભાવના અને જાતીય એકતા વધારવા માટે વિવિધ કાર્યક્રમનું આયોજન, ૧૯૯૮ મુંબઈ સેન્ટ્રલ રેલવેસ્ટેશન પર રેલ રોકો આંદોલનમાં સક્રિય સહભાગ; ૧૮૭ કરોડ રૂપિયાના ફ્લાયઓવર પુલના પ્રસ્તાવને મંજૂરી માટે પ્રયત્ન; કુર્લા (પ) કામાણી જંક્શન અગ્નિશમન કેન્દ્ર શરૂ કર્યું; ઝૂંપડાવાસીઓને ફોટો-પાસ માટે મદદ; ઝૂપડાંવાસીઓને મફત ઘર મેળવી આપવા માટે પ્રયત્ન; રેલવેલાઈન ઝૂંપડાવાસીઓના પુનર્વસન કાર્યમાં મદદ, રાજ્યની તૃતીય પંથીઓને વિશેષ સહાય યોજના અંતર્ગત દર મહિને માનધન આપવા માટે વિશેષ પ્રયત્ન, ૧૯૯૬-૯૯ (પેટા-ચૂંટણી), ૧૯૯૯-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૯, ૨૦૧૯-૧૪ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા; ઑક્ટોબર, ૧૯૯૯થી ઑક્ટોબર, ૨૦૦૪ ગૃહનિર્માણ, ઝૂંપડપટ્ટી સુધારણા અને ગલીચવસતિ સુધારણા, વિશેષ સહાય અને ઔકાફ ખાતાના રાજ્યપ્રધાન; જુલાઈ, ૨૦૦૪થી ઑક્ટોબર, ૨૦૦૪ વિશેષ સહાય અને ટેક્નિકલ એજ્યુકેશન ખાતાના પ્રધાન; નવેમ્બર, ૨૦૦૪થી માર્ચ, ૨૦૦૫ કામગાર ખાતાના પ્રધાન; ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

---

## શ્રી રાજેશ અંકુશરાવ ટોપે

**જન્મઃ** ૧૧ જાન્યુઆરી, ૧૯૬૯. **જન્મસ્થળઃ** ઔરંગાબાદ. **શિક્ષણઃ** બી.ઈ. (મૅકેનિકલ). **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી, અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતીઃ** વિવાહિત, પત્ની શ્રીમતી મનિષા. **સંતાનઃ** એક દીકરો. **વ્યવસાયઃ** ખેતી. **પક્ષઃ** રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ. **મતદારસંઘઃ** ૧૦૦-ઘનસાવંગી, જિલ્લો જાલના.

**અન્ય માહિતીઃ** ૧૯૯૧-૯૫ કારોબારી સભ્ય, ડૉ. બાબાસાહેબ આંબેડકર મરાઠવાડા વિદ્યાપીઠ, ઔરંગાબાદ; સચિવ, મત્સ્યોદરી શિક્ષણ સંસ્થા, જાલના; અધ્યક્ષ, ખોલેશ્વર બહુઉદ્દેશીય સંસ્થા, અંકુશનગર, જાલના. આ સંસ્થા દ્વારા સામૂહિક વિવાહનું આયોજન; ૧૯૯૭થી અધ્યક્ષ, સમર્થ સહકાર સાકર કારખાના લિમિટેડ, અંકુશનગર; ૧૯૯૪થી સંસ્થાપક-અધ્યક્ષ, યશવંત સહકારી સૂતર મિલ લિમિટેડ, અંબડ; ૧૯૯૫થી સંચાલક, ધ મહારાષ્ટ્ર સ્ટેટ કો-ઑપરેટિવ હાઉસિંગ ફાઈનાન્સ કૉર્પોરેશન, મુંબઈ; અધ્યક્ષ, સમર્થ સહકારી બૅન્ક, જાલના; સભ્ય અને ૧૯૯૬થી ઑક્ટોબર, ૧૯૯૯ વિરોધી પક્ષ નેતા, જિલ્લાપરિષદ, જાલના; ૧૯૯૬ રાષ્ટ્રીય યુવક કોંગ્રેસના નેતૃત્વમાં જેલભરો આંદોલનમાં સહભાગ; ૧૯૯૭ બેરોજગાર યુવાનોના આંદોલનમાં ધરપકડ; ૧૯૯૨-૯૬ અધ્યક્ષ, જાલના જિલ્લા યુવક કોંગ્રેસ (આઈ); ૧૯૯૬-૯૯ ઉપાધ્યક્ષ, મહારાષ્ટ્ર પ્રદેશ યુવક કોંગ્રેસ (આઈ); મે, ૧૯૯૯થી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષનું કાર્ય; ૧૯૯૯-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૪-૨૦૧૯ સભાસદ, મહારાષ્ટ્ર વિધાનસભા, માર્ચ, ૨૦૦૧થી જાન્યુઆરી, ૨૦૦૩ જળસંધારણ, વેપાર, વાણિજ્ય અને પર્યાવરણ ખાતાના રાજ્યપ્રધાન; જાન્યુઆરી ૨૦૦૩થી જુલાઈ, ૨૦૦૪ પર્યાવરણ અને ઉદ્યોગ ખાતાના રાજ્યપ્રધાન; નવેમ્બર, ૨૦૦૪થી ડિસેમ્બર, ૨૦૦૮ નગરવિકાસ, સામાન્ય પ્રશાસન, શહેરી જમીન ટોચ મર્યાદા, જળસંધારણ અને સંસદીય કાર્યખાતાના રાજ્યપ્રધાન; ડિસેમ્બર, ૨૦૦૮થી ઑક્ટોબર, ૨૦૦૯ ઉચ્ચ અને ટેક્નિકલ એજ્યુકેશન, તબીબી શિક્ષણ ખાતાના પ્રધાન, નવેમ્બર, ૨૦૦૯થી સપ્ટેમ્બર, ૨૦૧૪ ઉચ્ચ અને ટેક્નિકલ એજ્યુકેશન ખાતાના પ્રધાન; ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.



૧૯૯૪ અને ૨૦૧૦માં એમણે અનુક્રમે લંડન અને ઑસ્ટ્રેલિયાની મુલાકાત લીધી. શૈક્ષણિક ક્ષેત્રમાં એમણે પોતાનું ઉત્તમ યોગદાન આપ્યું છે. વિવિધ સંસ્થાના માધ્યમથી યુવાનોને રોજગારની તક ઉપલબ્ધ કરી આપી. કૌશલ્ય વિકાસ કાર્યક્રમ શરૂ કર્યા. વિવિધ શિક્ષણ સંસ્થાની શરૂઆત કરીને ઉચ્ચ શિક્ષણની તકો ઉપલબ્ધ કરી આપી.

વિવિધ સહકારી સંસ્થાના માધ્યમથી ખેડૂતોની જીવનશૈલી ઊંચી લાવવા માટે વિશેષ પ્રયત્ન, ખાસ કરીને મહિલાનું સશક્તિકરણ કરીને એમને આત્મનિર્ભર કરવા પર ભાર. ગ્રામીણ ધિરાણ પુરવઠાની સુધારણા માટે વિશેષ કાર્ય.

**સંદર્ભઃ ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભા સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

## શ્રી સુનીલ છત્રપાલ કેદાર



**જન્મ:** ૭ એપ્રિલ, ૧૯૬૧. **જન્મસ્થળ:** નાગપુર. **શિક્ષણ:** બી.એસસી. (કૃષિ), એમ.બી.એ. **જ્ઞાત ભાષા:** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતી:** વિવાહિત, પત્ની શ્રીમતી અનુજા **સંતાન:** બે દીકરી. **વ્યવસાય:** ખેતી અને લઘુ ઉદ્યોગ. **પક્ષ:** ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (આઈ) **મતદારસંઘ:** ૪૯-સાવનેર, જિલ્લો: નાગપુર.

**અન્ય માહિતી:** ૧૯૯૨ સભ્ય, જિલ્લાપરિષદ, નાગપુર, ૧૯૯૨ અધ્યક્ષ, ગણેશ પ્રાસાદિક શિક્ષણ સંસ્થા. આ સંસ્થા દ્વારા ચાર માધ્યમિક શાળા અને કૉલેજ શરૂ કરી; દુકાળગ્રસ્ત ખેડૂતોની સમસ્યાના નિવારણ માટે સતત પ્રયત્નશીલ; સંચાલક, ધ વિદર્ભ કો-ઑપરેટિવ માર્કેટિંગ સોસાયટી, નાગપુર; સંચાલક, શ્રી બાબાસાહેબ કેદાર જિનિંગ પ્રેસિંગ સોસાયટી સાવનેર; સંચાલક, બેરિસ્ટર શેષરાવ વાનખેડે ટ્રસ્ટ, નાગપુર; નાગપુર જિલ્લા દૂધ સંઘની સ્થાપના કરી; નાગપુર જિલ્લામાં ખેડૂતોના વિવિધ પ્રશ્નો માટે ખેડૂત, ખેતમજૂર અને કામગારોના મેળાનું આયોજન; દુર્ગમ ભાગમાં વીજળીની સમસ્યા, ખેતમાલને યોગ્ય ભાવ મળે એ માટે પ્રયત્નશીલ; યુવાનોને સંગઠિત કરીને કળા, ક્રીડા અને સાંસ્કૃતિક મંડળોની સ્થાપના કરી; ગ્રામીણ ભાગની જનતા માટે પાણીપુરવઠો, રસ્તા, આરોગ્ય, વગેરે સુવિધા મેળવી આપવા માટે પ્રયત્ન; ગરીબ બીમારોને મદદ; અધ્યક્ષ, નાગપુર જિલ્લા કપાસ ઉત્પાદક સહકારી સૂતર મિલ, પાટણ-સાવંગી; ૧૯૯૩-અધ્યક્ષ, નાગપુર જિલ્લા મધ્યવર્તી સહકારી બૅન્ક; સંચાલક, બેરિસ્ટર. શેષરાવ વાનખેડે ટ્રસ્ટ, ૧૯૯૫-૯૯, ૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૪, ૨૦૧૪-૨૦૧૯ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા; માર્ચ, ૧૯૯૫થી જૂન, ૧૯૯૫ ઊર્જા અને પરિવહન ખાતાના રાજ્યપ્રધાન, જૂન, ૧૯૯૫થી ૧૯૯૬ ઊર્જા, પરિવહન અને બંદર ખાતાના રાજ્યપ્રધાન; ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

**સંદર્ભ: ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભા સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

---

## શ્રી સંજય દુલીચંદ રાઠોડ

**જન્મ:** ૩૦ જૂન, ૧૯૭૧. **જન્મસ્થળ:** યવતમાળ. **શિક્ષણ:** બી.કૉમ., બી.પી.એડ. **જ્ઞાત ભાષા:** મરાઠી, હિંદી અને બંજારા. **લગ્નસંબંધી માહિતી:** વિવાહિત, પત્ની શ્રીમતી શીતલ. **સંતાન:** એક દીકરો અને એક દીકરી. **વ્યવસાય:** ખેતી. **પક્ષ:** શિવસેના. **મતદારસંઘ:** ૭૯-દિગ્રસ, જિલ્લો: યવતમાળ.



**અન્ય માહિતી:** સંગઠન કૌશલ્યની આવડત, બહોળો જનસંપર્ક અને પ્રબળ ઈચ્છાશક્તિના આધારે એમણે ગ્રામપંચાયત, પંચાયત સમિતિ, જિલ્લાપરિષદ જેવી કોઈ પણ ચૂંટણીમાં ભાગ ન લેતાં સીધી વિધાનસભા ચૂંટણીમાં લડ્યા. ૨૦૦૪માં દારવ્હા મતદારસંઘમાંથી વિજયી; સચિવ, છત્રપતિ શિવાજી કળા, શિક્ષણ, ક્રીડા, કૃષિ અને ગ્રામીણ વિકાસ પ્રતિષ્ઠાન, શિવપુરી, તાલુકા કળંબ, જિલ્લો: યવતમાળ; આર્થિક દૃષ્ટિએ પછાત વિદ્યાર્થીઓને શાળા ઉપયોગી સાહિત્યનું વિતરણ; આદિવાસી માટે નૃત્ય અને લોકનૃત્ય સ્પર્ધાનું આયોજન; પ્લાસ્ટિકમુક્તિ, મચ્છરમુક્તિ ઝુંબેશનું આયોજન; કુપોષિત બાળકોમાં દૂધ પાવડર અને બિસ્કિટનું વિતરણ; આત્મહત્યા કરનારા ખેડૂતોના કુટુંબીઓને આર્થિક મદદ; ગરીબ જરૂરતમંદને બીમારો માટે મદદ; સહકારના માધ્યમથી જનતાના વિકાસ માટે વિશેષ પ્રયત્ન; ગ્રામવિકાસ સહકારી સંસ્થા, આદિવાસી સહકારી સંસ્થા, વિવિધ કારોબારી સંસ્થા, તાલુકા દેખરેખ સહકારી સંસ્થા, ખરીદી-વિક્રી સહકારી સંસ્થા, કૃષિ ઉત્પન્ન બજાર સમિતિના કાર્યમાં સક્રિય સહભાગ; ૧૯૯૧થી શિવસેનામાં કાર્યરત; ૧૯૯૭ જિલ્લાપ્રમુખ, શિવસેના યવતમાળ જિલ્લા; શિવસેનાનાં દરેક આંદોલનમાં સક્રિય સહભાગ; વિદર્ભસ્તરે આદિવાસી પરિષદ, બંજારા સમાજ મેળાવા અને સરપંચ પરિષદનું આયોજન; નિરાધારને અનુદાન માટે તેમ જ પાણી અને ખેડૂતોના પ્રશ્નોના નિકાલ માટે ધરણા તેમ જ અન્યાય અત્યાચારના વિરોધમાં આંદોલનો કર્યાં; ૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૪, સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા; સભ્ય, પંચાયત રાજ સમિતિ અને ઉપવિધાન સમિતિ; ૫ ડિસેમ્બર, ૨૦૧૪થી મહેસૂલ ખાતાના રાજ્યપ્રધાન; ૨૦૧૪-૨૦૧૯ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા; ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

બીમારો માટે 'મા આરોગ્ય સેવા સમિતિ'ની સ્થાપના, તબીબી કૉલેજના પરિસરમાં બીમારોનાં કુટુંબીઓ માટે સર્વ સુવિધાયુક્ત એવું 'માતોશ્રી પ્રતિક્ષાલય અને વિશ્રામગૃહ' બાંધ્યું, મતદારસંઘનાં ૨૩૪ ગામોમાં નેત્ર ચકાસણી શિબિરો, ૩૪ હજાર બીમારોને ચશ્માંનું વિતરણ, મતદારસંઘમાં નિયમિત રીતે 'મહાઆરોગ્ય' શિબિરનું આયોજન, વગેરે સામાજિક કાર્યમાં આગેવાની.

પ્રશાસન સુશાસિત થાય, નાગરિકોની સમસ્યા તાકીદે નિકાલ લાવીને એમાં સમય, શ્રમ અને પૈસાની બચત થાય એ માટે જિલ્લામાં ઉપવિભાગીય સ્તરે 'જનતા દરબાર' અર્થાત્ સમાધાન દિવસનું આયોજન.

**સંદર્ભ: ૧૩મી વિધાનસભા સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

## શ્રી ગુલાબરાવ રઘુનાથ પાટીલ

**જન્મ:** ૫ જૂન, ૧૯૬૭. **જન્મસ્થળ:** બોરખેડા, તાલુકોઃ ધરણગાવ, જિલ્લોઃ જળગાવ. **શિક્ષણ:** એચ.એસ.સી. **જ્ઞાત ભાષા:** મરાઠી, હિંદી, અંગ્રેજી અને મારવાડી. **લગ્નસંબંધી માહિતી:** વિવાહિત, પત્ની શ્રીમતી માયા. **સંતાન:** બે દીકરા અને એક દીકરી. **વ્યવસાય:** ખેતી અને વેપાર. **પક્ષ:** શિવસેના. **મતદારસંઘ:** ૧૪-જળગાંવ (ગ્રામીણ), જિલ્લોઃ જળગાંવ.



**અન્ય માહિતી:** ગરીબ અને અપંગ વિદ્યાર્થીઓને શિક્ષણ મળે અને એમનું સક્ષમીકરણ થાય એ માટે મદદકાર્ય; રક્તદાન શિબિરોનું આયોજન; ગરીબ, જરૂરતમંદ બીમારોને આરોગ્યસેવા મળે એ માટે મદદ; સામાજિક અન્યાય સામે જનઆંદોલનમાં સક્રિય સહભાગ; ૧૯૯૨-૯૭ સભ્ય, પંચાયત સમિતિ; ૧૯૯૭-૯૮ સભાસદ પંચાયત સમિતિ; ૧૯૯૭-૯૮ સભ્ય અને સભાપતિ, પંચાયત સમિતિ, એરંડોલ; ૧૯૯૭ સભ્ય અને સભાપતિ, કૃષિ સમિતિ જિલ્લાપરિષદ, જલગાંવ, ૧૯૯૫-૯૭ સંચાલક, કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ, ધરણગાંવ; ૧૯૯૬-૯૯ સભ્ય, મ્હાડા નાસિક વિભાગ; ૧૯૮૪-૮૯ શિવસેનાના શાખાપ્રમુખ, ઉપ-તાલુકાઓના પ્રમુખ અને ૧૯૯૬ જિલ્લાના પ્રમુખ, ૨૦૦૩ ઉપ-નેતા તરીકે કાર્ય; ૧૯૯૯-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૯, ૨૦૧૪-૨૦૧૯ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા; વિધાનમંડળના પંચાયત રાજ, રોજગાર બાંયધરી, અંદાજ સમિતિ, આશ્વાસન સમિતિના સભ્ય; ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા. રાજ્યના પ્રધાનમંડળમાં સભ્ય તરીકે એમણે અનેક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધા. સંગઠનના માધ્યમથી લોકસંગ્રહ અને એના માધ્યમથી વિવિધ પ્રશ્નોના નિકાલ માટે પ્રયત્ન. ખેતીના આધુનિકીકરણથી ખેડૂતોની સમસ્યાનું નિવારણ કરવું જોઈએ એ માટે આગ્રહ તેમ જ વિવિધ યોજનાઓને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે પ્રયત્નશીલ.

**સંદર્ભ: ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભા સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

---

## શ્રી અમિત વિલાસરાવ દેશમુખ

**જન્મ:** ૨૧ માર્ચ, ૧૯૭૬. **શિક્ષણ:** બી. ઈ. (કેમિકલ). **જ્ઞાત ભાષા:** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતી:** વિવાહિત, પત્ની શ્રીમતી આદિતિ. **વ્યવસાય:** ખેતી અને ઉદ્યોગ. **પક્ષ:** ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (આઈ). **મતદારસંઘ:** ૨૩૫-લાતુર શહેર, જિલ્લોઃ લાતુર.


**અન્ય માહિતી:** ૧૯૯૭થી યુવા કોંગ્રેસનું કાર્ય, એના માધ્યમથી યુવાનું સક્ષમીકરણ કરવા પર ભાર; ૨૦૦૦થી સંસ્થાપક-અધ્યક્ષ, વિકાસ સહકારી સાકર કારખાના લિમિટેડ; કારખાનામાં યશ તેમ જ આઈએસઓ અને પર્યાવરણ નામાંકન મેળવનારા દેશમાંનું એકમાત્ર કારખાનું; ૨૦૦૨ અને ૨૦૦૮ ઉપાધ્યક્ષ, મહારાષ્ટ્ર પ્રદેશ યુવક કોંગ્રેસ (આઈ); સાંગલી અને સોલાપુર જિલ્લાના પ્રભારી; લાતુર મતદારસંઘમાં લોકસભા અને વિધાનસભા ચૂંટણી દરમિયાન મહત્ત્વની જવાબદારી અને ભૂમિકા બજાવી; ૨૦૦૨ સંસ્થાપક અધ્યક્ષ, વિકાસ કો-ઑપરેટિવ બૅન્ક લિમિટેડ, ૨૦૦૮ સંસ્થાપક અધ્યક્ષ, વિકાસ કો-ઑપરેટિવ ઍગ્રો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ૨૦૦૮ અધ્યક્ષ, લાતુર તાલુકા સમન્વય સમિતિ; ૨૦૦૬ કૃષિ ઉત્પન્ન સમિતિની ચૂંટણી બિનવિરોધ થાય એમાં મહત્ત્વની ભૂમિકા; ગરીબ અને જરૂરતવાળા વિદ્યાર્થીઓને શાળાપયોગી વસ્તુનું વિતરણ, આર્થિક દૃષ્ટિએ દુર્બળ અને ગરીબ કુટુંબની વ્યક્તિને સંસારોપયોગી વસ્તુનું વિતરણ; અપંગોને સાઈકલનું વિતરણ; પર્યાવરણ સંવર્ધન, વૃક્ષારોપણ, પાણીની પરબની સુવિધા ઉપલબ્ધ કરી આપી; સમૂહ લગ્નસમારંભ, યુવાનોને માર્ગદર્શન શિબિર, આરોગ્ય તપાસણી શિબિરોનું આયોજન; વિદ્યાર્થી માટે વ્યક્તિત્વના વિકાસ માટે વક્તૃત્વ, નિબંધ, ચર્ચાસત્ર, રંગોળી અને વેષભૂષા, વગેરે સ્પર્ધાનું આયોજન; નવોદિત નાટ્યકારોને અને રંગકર્મીઓને મંચ મળે એ માટે 'પુ.લ. દેશપાંડે રાજ્યસ્તરીય નાટકસ્પર્ધા'નું આયોજન; સંગીત, નાટક, લોકકળા, લોકનૃત્ય, ભજનસ્પર્ધાના આયોજનથી કલાકારોને મંચ મેળવી આપીને એમની કળા-ગુણને તક મેળવી આપી; યુવાનો માટે વિવિધ ઉદ્યોગ, વ્યવસાય, ખેતી પૂરક વ્યવસાય, જોડ-ધંધો, કૃષિ યાંત્રિકીકરણ, દૂધ વ્યવસાય જેવા રોજગાર ઉપલબ્ધ કરી આપીને બેરોજગારી ઓછી કરવાનો પ્રયત્ન, ખાસ કરીને યુવાનોની



ઉદ્યમશીલતા વધે એ માટે એમને આવશ્યક એ મદદ; ગ્રામીણ અને શહેરી સમસ્યાની જાણ, એમના નિવારણ માટે વિવિધ યોજના શરૂ કરવા વિશેષ ભાર, ક્રિકેટ, વૉલીબૉલ, કબડ્ડી, ખો-ખો, દોડ, સાઈકલિંગ, વગેરે સ્પર્ધાનું આયોજન; મહિલા, અલ્પસંખ્યાંક, પછાત અને અન્ય પછાત વર્ગના વિકાસ માટે વિશેષ પ્રયત્ન; ૨૦૦૯-૨૦૧૪, ૨૦૧૪-૨૦૧૯ સભ્ય મહારાષ્ટ્ર વિધાનસભા, ૨ જૂન, ૨૦૧૪થી ઑક્ટોબર, ૨૦૧૪ પર્યટન, અન્ન અને ઔષધ પ્રશાસન, રાજ્ય ઉત્પાદન શુલ્ક, નવા અને નવીનીકરણ ઊર્જા ખાતાના રાજ્યપ્રધાન; ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

**સંદર્ભ: ૧૩મી વિધાનસભા સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

## શ્રી દાદાજી દગડુ ભૂસે



**જન્મઃ** ૬ માર્ચ, ૧૯૬૪. **જન્મસ્થળઃ** માલેગાંવ, જિલ્લો નાસિક. **શિક્ષણઃ** ડી.સી.ઈ. **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતીઃ** વિવાહિત, પત્ની શ્રીમતી અનિતા. **સંતાનઃ** બે દીકરા

**પક્ષઃ** શિવસેના. **મતદારસંઘઃ** ૧૧૫-માલેગાંવ બાહ્ય, જિલ્લોઃ નાસિક

**અન્ય માહિતીઃ** શિવસેના તાલુકાપ્રમુખ, માલેગાંવ; પક્ષના દરેક ઉપક્રમમાં સક્રિય સહભાગ; જાગર શિવશાહીના માધ્યમથી સામાન્ય લોકોને સરકારની વિવિધ યોજનાની માહિતી આપી; સંજય ગાંધી નિરાધાર યોજના, 'ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ નિવૃત્તિ વેતન અનુદાન યોજના અને શ્રાવણબાળ પક્ષ યોજના'નું અનુદાન લાભાર્થીઓને મેળવી આપ્યું; રસ્તા, પાણી, આરોગ્ય સુવિધા જેવાં સામાજિક કામો કર્યાં; મહિલા બચતજૂથના માધ્યમથી મહિલાઓને રોજગારની તક ઉપલબ્ધ કરી આપી; સરકારી પડતર જમીન અને ગામડાંની સરકારી જમીન ૧૫,૦૦૦ લાભાર્થીઓને મેળવી આપી; વન હક્ક સમિતિના માધ્યમથી વનજમીન નિયમિત કરી; દરિદ્રરેખાની વ્યક્તિને મદદઃ માલેગાંવ ખાતે અતિરિક્ત જિલ્લાધિકારી કાર્યાલય શરૂ કરવા માટે પ્રયત્ન; આમ આદમી વીમા યોજના, સ્વર્ણજયંતી ગ્રામીણ રોજગાર યોજના શરૂ કરી; લોકસહભાગથી એ.પી.જે. અબ્દુલ કલામ બંધારા તૈયાર કર્યા; ગરીબોને ઓછા દરે ઘરો મેળવી આપ્યાં; ભારત નિર્માણ અને રાષ્ટ્રીય પેયજળ અંતર્ગત પાણીપુરવઠા યોજના કાર્યાન્વિત કરી; સમૂહ વિવાહ, દીનગરીબ રોગીઓને મદદ, રક્તદાન, આરોગ્ય તપાસણી શિબિરોનું આયોજન, ઍમ્બ્યુલન્સ ઉપલબ્ધ કરી આપી; શાળાપયોગી વસ્તુનું વિતરણ; કમ્પ્યુટર પ્રશિક્ષણ કેન્દ્ર શરૂ કર્યાં; જીમખાનાં શરૂ કરવામાં આવ્યાં; વ્યસનમુક્તિ અને સ્વચ્છતા અભિયાન શરૂ કર્યાં; વન હક્ક સમિતિ દ્વારા વનજમીન નિયમિત કરવી, જાગર શિવશાહીના કાર્યક્રમના માધ્યમથી જાતિના પ્રમાણપત્ર મેળવી આપ્યા. અન્ય કાર્યો કર્યાં; ૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૪ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા; ૨૦૧૪-૨૦૧૯ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા; સહકાર ખાતાના રાજ્યપ્રધાન; ઑક્ટોબર, ૨૦૧૯માં વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

**સંદર્ભઃ ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભા સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

---

## ડૉ. જિતેન્દ્ર સતીશ આવ્હાડ


**જન્મઃ** ૫ ઓગસ્ટ ૧૯૬૩. **જન્મસ્થળઃ** નાસિક. **શિક્ષણઃ** બી.એ. માસ્ટર ઑફ લેબર સ્ટડીઝ (એમ.એલ.એસ), પીએચ.ડી. (મુંબઈ વિદ્યાપીઠ). **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતીઃ** વિવાહિત, પત્ની શ્રીમતી ઋતા. **સંતાનઃ** એક દીકરી. **વ્યવસાયઃ** ખેતી અને વેપાર. **પક્ષઃ** રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ. **મતદારસંઘઃ** ૧૪૯-મુંબ્રા-કળવા, જિલ્લોઃ થાણે



**અન્ય માહિતીઃ** શાળાકીય શિક્ષણ દરમિયાન સામાજિક કાર્યમાં સહભાગ; ૧૯૭૭ થાણે ખાતે 'સૅન્ટ જોન શાળા'માં સ્કૂલ પાર્લામિન્ટમાં વડા પ્રધાન તરીકે પસંદગી; ૧૯૮૦-૮૧ જિમખાના સચિવ, બી.એન. બાંદોડકર વિજ્ઞાન યુનિવર્સિટી, થાણે; ૧૯૮૧ મહામંત્રી, ઑલ ઈન્ડિયા સ્ટુડન્ટ ઑર્ગેનાઈઝેશન; ૧૯૮૭-૮૮ યુનિવર્સિટીના પ્રતિનિધિ, મહારાષ્ટ્ર ઈન્સ્ટિટ્યૂટ ઑફ લેબર સ્ટડીઝ, ૮ ઑક્ટોબર, ૨૦૧૩ના રોજ મહારાષ્ટ્રના સામાજિક, ધાર્મિક ઝુંબેશ વિષય પર મહાનિબંધ લખ્યો, મુંબઈ યુનિવર્સિટી પાસેથી ડૉક્ટરેટ પદવી પ્રાપ્ત; સેનેટ સભાસદ, મુંબઈ યુનિવર્સિટી; સંસ્થાપક, સંઘર્ષ સેવાભાવી સંસ્થા, થાણે; કે. લીલાવતી સતીશ આવ્હાડ એજ્યુકેશન સંસ્થા દ્વારા ઔરંગાબાદ ખાતે એરોનોટિકલ કૉલેજમાં તેમ જ મુખેડ, જિલ્લો-નાંદેડ ખાતે ડી.એડ. કૉલેજ શરૂ કરી; અધ્યક્ષ, અખિલ ભારતીય વંજારી યુવક સંઘ; અધ્યક્ષ, થાણે જિલ્લા યોગ ઍસોસિયેશન; પ્રમુખ સલાહકાર, કાસ્ટ્રાઈબ જીવન પ્રાધિકરણ અને આરોગ્ય સેવા કર્મચારી અને મહારાષ્ટ્ર રાજ્ય માથાડી અને જનરલ કામગાર સંગઠનઃ અધ્યક્ષ, મહારાષ્ટ્ર બેસબૉલ ઍસોસિયેશન; અધ્યક્ષ, ઈન્ડિયન પાઈલટ ગિલ્ડ કર્મચારી સંગઠન; થાણે ખાતે નવા-એ-ફન સંસ્થાના વતી સામાજિક કાર્યમાં યોગદાન બદલ જીવન ગૌરવ પુરસ્કારથી સન્માનિત; મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશનના બંધારણ ઉપસમિતિમાં પસંદગી, અધ્યક્ષ, થાણે જિલ્લા ખો-ખો સંગઠન; ૧૯૮૮-૯૧ મહામંત્રી, મહારાષ્ટ્રપ્રદેશ એન.યુ.એસ.આઈ. વિદ્યાર્થી સંગઠનઃ ૧૯૯૧-૯૩ મહામંત્રી, અખિલ ભારતીય એન.યુ.એસ.આઈ; ૧૯૯૩-૯૮ અધ્યક્ષ, થાણે મહાનગરપાલિકા શિક્ષણમંડળ; ૧૯૯૩-૯૬ મહામંત્રી, મહારાષ્ટ્ર પ્રદેશ યુવક કોંગ્રેસ કમિટી; ૧૯૯૯-૨૦૦૬ અધ્યક્ષ, અખિલ ભારતીય રાષ્ટ્રવાદી યુવક કોંગ્રેસ કમિટી; ૨૦૦૬થી રાષ્ટ્રીય સચિવ, અખિલ ભારતીય રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ; ૨૦૦૮થી અધ્યક્ષ, થાણે શહેર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષઃ ૨૦૧૨ પ્રવક્તા, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ; ૨૦૧૩-૧૪ કાર્યાધ્યક્ષ મહારાષ્ટ્ર પ્રદેશ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ; સભ્ય, મહારાષ્ટ્ર વિધાનમંડળ આશ્વાસન સમિતિ, આમદાર નિવાસ વ્યવસ્થા સમિતિ; ૨૦૦૮ મુખ્ય દંડક, વિધાનપરિષદ રાષ્ટ્રવાદી કોંગ્રેસ વિધાનમંડળ પક્ષ; ૨૦૦૯ અને ૨૦૧૪ દંડક (વિધાનસભા) વિધાનમંડળ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ; ૨૦૧૦ નવાં યુવાધોરણ નક્કી કરવા માટે સરકારે ગઠન કરેલી સમિતિના સભ્ય; એઈડ્સ ફોરમ સમિતિના સભ્ય; ૨૦૧૧ સભ્ય, રાજ્યની ખાનગી અને ધર્માદાય હૉસ્પિટલ તપાસણી વિધાનમંડળ તદર્થ સમિતિ; ૨૦૧૨ સમિતિ પ્રમુખ, ઉપ વિધાન સમિતિ; ડિસેમ્બર, ૨૦૦૯ તાલુકા અધ્યક્ષ, વિધાનસભા; ૨૦૦૨-૨૦૦૮, ૨૦૦૮-૨૦૦૯ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનપરિષદ, ૨૦૦૯-૨૦૧૪, ૨૦૧૪-૨૦૧૯ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા; મે, ૨૦૧૪થી સપ્ટેમ્બર, ૨૦૧૪ તબીબી શિક્ષણ અને ફળોત્પાદન ખાતાના પ્રધાન; ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

**સંદર્ભઃ ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભા સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

## શ્રી સંદીપાનરાવ આસારામ ભુમરે



**જન્મઃ** ૧૩ જુલાઈ, ૧૯૬૩. **જન્મસ્થળઃ** પાચોંડ, બુદ્રુક તાલુકોઃ પૈઠણ, જિલ્લોઃ ઔરંગાબાદ. **શિક્ષણઃ** એસ.એસ.સી. **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતીઃ** વિવાહિત, પત્ની શ્રીમતી પુષ્પા. **સંતાનઃ** એક દીકરો અને બે દીકરી. **વ્યવસાયઃ** ખેતી. **પક્ષઃ** શિવસેના. **મતદારસંઘઃ** ૧૧૦-પૈઠણ, જિલ્લોઃ ઔરંગાબાદ.

**અન્ય માહિતીઃ** સાક્ષરતા અભિયાન કાર્યક્રમમાં સહભાગ; ગ્રામીણ ભાગમાં પ્રાથમિક શાળા શરૂ કરવા માટે પ્રયત્ન; વંચિત અને ઉપેક્ષિત વર્ગના વિદ્યાર્થીઓને દર્જેદાર અને હક્કનું શિક્ષણ મળે એ માટે સતત પ્રયત્નશીલ; સંગઠનના માધ્યમથી યુવાનોનું સંગઠન બનાવીને એમને ઉદ્યમશીલ અને સામાજિક દૃષ્ટિએ જાગરૂક કરવા માટે વિશેષ પ્રયત્ન; મહિલાઓનું સશક્તિકરણ થાય અને સમાજની કુપ્રથાનું નિર્મૂલન થાય એ માટે દહેજ વિરોધી ચળવળ શરૂ કરી; ખેડૂત અને મહેનતુ સમાજની છોકરીઓનો ખર્ચનો ભાર કુટુંબ પર આવે નહીં એ સાથે જ દહેજ જેવી કુપ્રથાનું નિર્મૂલન થાય એ માટે સામૂહિક વિવાહનું આયોજન; ગ્રામીણ ભાગના કલાકારોને હક્કનું મંચ ઉપલબ્ધ થાય અને એમના કળાગુણને તક મળે એ માટે નાટ્યસ્પર્ધા; યુવાનોમાં ખેલાડીવૃત્તિ વધે એ સાથે જ મન, મગજ અને મનોબળ મજબૂત થાય એ માટે કબડ્ડી, ક્રિકેટ, વૉલીબૉલ સ્પર્ધાનું આયોજન; આપણા ઉચ્ચ સાંસ્કૃતિક વારસાનું જતન થાય એ માટે પ્રયત્નશીલ; એ સાથે જ લેજીમ ટુકડી અને વ્યાયામશાળા શરૂ કરીને યુવાનોમાં સંઘભાવના વૃદ્ધિ પામે એ માટે પ્રયત્નશીલ; ૧૯૮૯ શિવસેના શાખાપ્રમુખ અને સર્કલપ્રમુખ, પાચોંડ; ૧૯૮૯-૯૪ સભ્ય, ગ્રામપંચાયત, પાચોંડ; ૧૯૯૨-૯૪ ઉપસભાપતિ, પંચાયત સમિતિ, પૈઠણ; સંચાલક, ઔરંગાબાદ જિલ્લા મધ્યવર્તી સહકારી બૅન્ક; ૧૯૯૩-૨૦૧૪ સંચાલક, સંત એકનાથ સહકારી સાકર કારખાના, પૈઠણ; ૧૯૯૫-૯૯, ૧૯૯૯-૨૦૦૪,૨૦૦૪-૨૦૦૯, ૨૦૧૪-૨૦૧૯ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસસભા; ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

**સંદર્ભઃ ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભા સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

---

## શ્રી શામરાવ ઉર્ફ બાળાસાહેબ પાંડુરંગ પાટીલ

**જન્મઃ** ૨૯ જુલાઈ, ૧૯૬૧. **જન્મસ્થળઃ** કરાડ, જિલ્લોઃ સાતારા. **શિક્ષણઃ** એફ.વાય.બી.એ. **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતીઃ** વિવાહિત, પત્ની શ્રીમતી જયમાલા. **સંતાનઃ** એક દીકરો. **વ્યવસાયઃ** ખેતી અને સામાજિક કાર્ય. **પક્ષઃ** રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ. **મતદારસંઘઃ** ૨૫૯-કરાડ (ઉત્તર), જિલ્લોઃ સાતારા.



**અન્ય માહિતીઃ** ખેડૂતો અને શેરડી તોડ મજૂરો માટે વિવિધ ઉપક્રમોના માધ્યમથી પ્રયત્નશીલ; ખેતીના આધુનિકરણ માટે પ્રયત્નશીલ; ખેતીમાં ઉત્પાદનખર્ચ ઓછો થાય અને ઉત્પાદકતા વધે એ માટે પ્રયત્ન; વંચિત અને ઉપેક્ષિત વર્ગના વિદ્યાર્થીઓને હક્કનું અને સારું શિક્ષણ મળે એ માટે વિવિધ સંસ્થાના માધ્યમથી કાર્યરત; સંગઠનના માધ્યમથી યુવાનોનું અને મહિલાનું સશક્તિકરણ થાય એ માટે કાર્યરત; ગ્રામીણ સમસ્યાના નિવારણ માટે વિશેષ પ્રયત્ન; ખેડૂત, મજૂરને હક્કનો નાણાપુરવઠો થાય એમાંથી ખેતીના અને ગ્રામીણ વ્યવસાયમાં રોકાણ વધે એ માટે સંસ્થાત્મક કાર્ય; બેરોજગાર યુવાનોને રોજગાર મેળવી આપવા માટે પ્રયત્નશીલ; ૨૦૦૮થી અધ્યક્ષ, સહ્યાદ્રિ શિક્ષણ સંસ્થા, યશવંતનગર; ૨૦૦૨થી અધ્યક્ષ, મહારાષ્ટ્ર એજ્યુકેશન સંસ્થા, કરાડ; ૧૯૯૪ ગવર્નિંગ કાઉન્સિલ સભ્ય, શિક્ષણમંડળ; ૨૦૦૫થી કારોબારી ટ્રસ્ટી, વેણુતાઈ ચવ્હાણ ચૅરિટેબલ પબ્લિક ટ્રસ્ટ, કરાડ, ૨૦૧૩થી અધ્યક્ષ; શ્રી શિવાજી એજ્યુકેશન સોસાયટી, કરાડ, ૨૦૧૪થી અધ્યક્ષ, યશવંતરાવ ચવ્હાણ પ્રતિષ્ઠાન, મુંબઈ વિભાગીય કેન્દ્ર, કરાડ; ૧૯૯૨થી સંચાલક અને ૧૯૯૬થી ચૅરમૅન, સહ્યાદ્રિ સહકારી સાકર લિમિટેડ; યશવંતનગર; આ કારખાનામાં રાષ્ટ્રીય સાકર સંઘ પાસેથી ૧૯૯૮-૯૯ના કેન ડેવલપમેન્ટ દ્વિતીય ક્રમાંક એવૉર્ડ; ૨૦૧૧-૧૨ ઉત્કૃષ્ટ આર્થિક વ્યવસ્થાપનનો પ્રથમ પુરસ્કાર; ૨૦૧૧-૧૨નો ત્રીજો તેમ જ કેન ડેવલપમેન્ટનો તૃતીય પુરસ્કાર, ૧૯૯૪-૯૬ ચૅરમૅન, સહ્યાદ્રિ શેરડી ઉત્પાદક અને તોડની પરિવહન સંસ્થા; અધ્યક્ષ, પી.ડી. પાટીલ સહકારી બૅન્ક લિમિટેડ, કરાડ; ચૅરમૅન, કૃષ્ણાઈ સહકારી દૂધ ઉત્પાદક સંસ્થા, કરાડ, ૨૦૧૦થી સંચાલક, રાષ્ટ્રીય સહકારી સાકર કારખાના સંઘ, નવી દિલ્હી; ડિસેમ્બર, ૨૦૦૩થી ઉપાધ્યક્ષ, મહારાષ્ટ્ર રાજ્ય સહકારી સાકર કારખાના સંઘ, મુંબઈ, ૧૯૯૨-૯૯ કોંગ્રેસ પક્ષનું કાર્ય, ૧૯૯૯થી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષનું કાર્ય, ૧૯૯૯-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૪, ૨૦૧૪-૨૦૧૯ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા; ૨૦૧૨-૧૪ સમિતિ પ્રમુખ અંદાજ સમિતિ; ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

**વિદેશપ્રવાસઃ** મોરેશિયસ, બ્રાઝિલ, ઈંગ્લૅન્ડ, ઈટાલી, ઑસ્ટ્રેલિયા, સિંગાપોર, વગેરે દેશોની અભ્યાસ મુલાકાત.

**સંદર્ભઃ ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભા સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

## ઍડ. યશોમતી ઠાકુર (સોનવણે)



**જન્મ:** ૧૭ મે, ૧૯૭૪. **જન્મસ્થળ:** અમરાવતી. **શિક્ષણ:** બી.એ. એલ.એલ.બી. **જ્ઞાત ભાષા:** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતી:** વિવાહિત, પતિ રાજેશ સોનાવણે. **સંતાન:** એક દીકરો-એક દીકરી. **વ્યવસાય:** ખેતી. **પક્ષ:** ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (આઈ). **મતદારસંઘ:** ૩૯-તિવસા, જિલ્લો: અમરાવતી.

**અન્ય માહિતી:** ૧૯૮૯ ડ્યુક ઑફ એડનબર્ગનો બ્રોન્ઝ પદક પ્રાપ્ત; ૧૯૯૩ ઑલ ઈન્ડિયા એન.સી.સી.ની બેઝિક લીડરશિપ કેમ્પમાં નિશાનબાજીનો સુવર્ણ ચંદ્રક; ૧૯૯૪માં પ્રજાસત્તાક દિનના દિલ્હી ખાતેની પરેડમાં સહભાગ; ગ્રામીણ ભાગમાં ગુણાત્મક શિક્ષણ વિકાસ માટે ગરીબ, જરૂરતમંદ વિદ્યાર્થીઓને શાળાપયોગી વસ્તુનું વિતરણ અને ગ્રામીણ ભાગની ૨૬૨ માધ્યમિક શાળામાં ગ્રંથાલયના વિવિધ ઉપયુક્ત વિષયોનાં પુસ્તકોનું વિતરણ તેમ જ બાળકોના વ્યક્તિત્વ વિકાસ માટે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરીને એમના ગુણાત્મકતા ફરક નિર્માણ કરવા માટે પ્રયત્ન; ગ્રામીણ ભાગની મહિલા અને બાળકોની રોજિંદી વિવિધ સમસ્યાના નિવારણ માટે સતત પ્રયત્નશીલ; સમાજના જરૂરતમંદ અને ગરીબોને કાયદા અંગેનું માર્ગદર્શન આપીને એમની સમસ્યાનું નિરાકરણ કરવા માટે સતત પ્રયત્નશીલ; ભૂકંપગ્રસ્તોને મદદ, વિવિધ સામાજિક કાર્યક્રમનું આયોજન કરીને સમાજ પ્રબોધન કરવા માટે મહત્ત્વનું કાર્ય; છોકરાઓમાં સંઘભાવના વધે એ માટે રમતગમત વિશે માર્ગદર્શન, યુવાનોમાં ખેલાડીવૃત્તિ જાગૃત થાય એ સાથે જ ખેલાડીને એક સક્ષમ મંચ ઉપલબ્ધ થાય એ માટે વિવિધ રમતગમત સ્પર્ધાનું આયોજન; ગરીબ બીમારોને આરોગ્યસેવા મળે એ માટે વિવિધ ઉપક્રમના માધ્યમથી મદદ, ગ્રામીણ મહિલાઓની આર્થિક ઉન્નતિથી એમનું સશક્તિકરણ કરવા માટે બચતજૂથની ચળવળ નિર્માણ પર ભાર; રુક્મિણીનું પિયર શ્રીક્ષેત્ર કૌંડણ્યપુરનો વિકાસ કરીને કાર્તિકી એકાદશીએ સરકારી પૂજા શરૂ કરી; સંત તુકડોજી મહારાજ અને સંત ગાડગેબાબાની કર્મભૂમિ અને નિર્વાણભૂમિનો સર્વાંગી વિકાસ કર્યો; ૨૦૦૪- ૨૦૦૮ મહામંત્રી, મહારાષ્ટ્ર પ્રદેશ યુવા કોંગ્રેસ; ૨૦૦૭થી સચિવ, મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ કાયદા સલાહકાર સમિતિ; ૨૦૦૮થી મહામંત્રી, અખિલ ભારતીય યુવા કોંગ્રેસ; ૨૦૧૦-૨૦૧૪ જનરલ સેક્રેટરી, મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ કમિટી, ૨૦૦૪થી સભ્ય,મહારાષ્ટ્ર રાજ્ય મહિલાપંચ; ૨૦૦૯-૨૦૧૪, ૨૦૧૪-૨૦૧૯ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા; ૨૦૧૦-૨૦૧૨ સમિતિપ્રમુખ, મહિલાના હક્ક અને કલ્યાણ સમિતિ; ઑક્ટોબરમાં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યાં.

**સંદર્ભ: ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભા સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

---

## ઍડ. અનિલ દત્તાત્રય પરબ



**જન્મ:** ૩૧ ડિસેમ્બર ૧૯૬૪. **જન્મસ્થળ:** મુંબઈ. **શિક્ષણ:** બી.કૉમ. એલએલ.બી. **જ્ઞાત ભાષા:** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતી:** વિવાહિત, પત્ની શ્રીમતી સુનિતા. **સંતાન:** બે દીકરી. **વ્યવસાય:** ઉદ્યોગ. **પક્ષ:** શિવસેના. **મતદારસંઘ:** મહારાષ્ટ્ર વિધાનસભ્યો દ્વારા ચૂંટાઈ આવ્યા.

**અન્ય માહિતી:** સંગઠનના માધ્યમથી સામાજિક અને સાંસ્કૃતિક કાર્ય; ગરીબ, જરૂરતવાળા વિદ્યાર્થીઓને શાળાપયોગી સાહિત્યનું વિતરણ; ગરીબ બીમારોને આરોગ્યસેવા મળે એ માટે હંમેશાં તત્પર, ગોવિંદા, ગણેશોત્સવ, નવરાત્રોત્સવનાં આયોજનના માધ્યમથી યુવાનોમાં સંગઠન નેતૃત્વ વધે, એમના વિવિધ કળાગુણોને તક મળવાની સાથે જ એમનામાં સામાજિક સમજ વધે એ માટે પ્રયત્નશીલ; આરોગ્ય તપાસણી, રક્તદાન શિબિરનું આયોજન; ગરીબ વંચિત અને સામાન્ય વર્ગના નાગરિકોને કાયદા વિશેની મફત સલાહ આપીને એમને હક્ક મેળવી આપવા માટે મદદ; વિવિધ ક્રીડાસ્પર્ધાનું તેમ જ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન; બાન્દ્રા ખાતે સરકારી વસાહતની સમસ્યાના નિવારણનો પ્રયત્ન; સ્પર્ધા પરીક્ષા માટે માર્ગદર્શન શિબિરનું આયોજન; ૨૦૦૧થી શિવસેના વિભાગપ્રમુખ, પક્ષના કાયદા વિશેના કામની જવાબદારી, પક્ષના સર્વ આંદોલનમાં સક્રિય સહભાગ; ૨૦૦૪-૨૦૧૦, ૨૦૧૨-૨૦૧૮ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનપરિષદ; જુલાઈ, ૨૦૧૮માં વિધાનપરિષદમાં ફરીથી ચૂંટાઈ આવ્યા. વિધાનપરિષદમાં વિવિધ પ્રશ્નો રજૂ કરી સામાન્યજનના પ્રશ્નો રજૂ કરવાનું મહત્ત્વનું કાર્ય. વિધાનમંડળ એક અભ્યાસુ અને રાજ્યના પ્રશ્નોની અને રાજ્યના બળસ્થાનની ઉત્તમ જાણ, એ સાથે જ મુંબઈ મહાનગરીના વિવિધ પ્રશ્નોના નિવારણ માટે આગ્રહી, મુંબઈની ઝૂંપડપટ્ટી અને દુર્લક્ષિત વસતિના વિકાસ માટે સતત પ્રયત્નશીલ નેતા તરીકે ઓળખ. કૉલેજ શિક્ષણ દરમિયાન વિદ્યાર્થી સંગઠનનું કામ કરીને યુવાનોના સંગઠનથી વિવિધ સામાજિક, સાંસ્કૃતિક કાર્ય કર્યાં. નાગરી સમસ્યાની જાણ હોવાથી એમના નિવારણ માટે મહત્ત્વના ઉપાય સૂચવ્યા. વંચિત અને જરૂરતમંદ લોકોની મદદ માટે કાયમ તત્પર એવા શ્રી પરબનો જનસંપર્ક બહોળો છે.

## શ્રી ઉદય રવીન્દ્ર સામંત

**જન્મ:** ૨૬ ડિસેમ્બર, ૧૯૭૫. **જન્મસ્થળ:** ગોવા. **શિક્ષણ:** ડિપ્લોમા ઈન ઑટોમોબાઈલ એન્જિનિયરિંગ. **જ્ઞાત ભાષા:** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતી:** વિવાહિત, પત્ની શ્રીમતી જયા. **સંતાન:** બે દીકરી. **વ્યવસાય:** ખેતી અને વેપાર. **પક્ષ:** શિવસેના. **મતદારસંઘ:** ૨૬૬-રત્નાગિરિ, જિલ્લો: રત્નાગિરિ.



**અન્ય માહિતી:** અધ્યક્ષ, રત્નાગિરિ જિલ્લા ક્રિકેટ ઍસોસિયેશન; શ્રી સાઈ અનિરુદ્ધ એજ્યુકેશન સોસાયટી (અંગ્રેજી માધ્યમશાળા, ઔદ્યોગિક પ્રશિક્ષણ સંસ્થા અને મહાવિદ્યાલય શરૂ કરી), પાલી પંચક્રોશિ વિવિધ કાર્યકારી સોસાયટી અને રત્નાગિરિ જિલ્લા કળા અને સાંસ્કૃતિક કલાકાર સંગઠન; ઉપાધ્યક્ષ રત્નાગિરિ જિલ્લા ઑટોચાલક, માલિક સંગઠન; સંસ્થાપક, શાંતાદુર્ગા નાગરી સહકારી પતપેઢી, રત્નાગિરિ; ૨૦૦૦-૨૦૦૩ અધ્યક્ષ, રણજિત ગ્રામીણ બિગર ખેતી સહકારી પતસંસ્થા અને લોકમાન્ય ગ્રાહક સહકારી સંસ્થા, પાલી; સંસ્થાપક સભ્ય, અભિનવ સ્વયંરોજગાર સેવા સહકારી સંસ્થા; સંસ્થાપક, જ્ઞાનજ્યોતિ સાર્વજનિક ગ્રંથાલય, પાલી; મુખ્ય પ્રવર્તક, રજિસ્ટર્ડ રત્નાગિરિ સ્વયંરોજગાર સેવા સંસ્થા ફેડરેશન; સલાહકાર, સહ્યાદ્રિ સ્વયંરોજગાર સેવા સહકારી સંસ્થા; સંસ્થાપક, લક્ષ્મી પલ્લીનાથ ગ્રાહક સહકારી સંસ્થા અને નિયોજિત રત્નાગિરિ તાલુકા અપંગ પુનર્વસન સેવા સંસ્થા મર્યાદિત; ૨૦૦૦માં રત્નાગિરિમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ વતી ખાદી ગ્રામોદ્યોગ શિબિરનું આયોજન; ચાટે ક્લાસિસ વિરોધી મોરચામાં સહભાગ; જયહિંદ સંસ્થા સ્થાપન કરીને આ સંસ્થા દ્વારા રક્તદાન શિબિર કાર્યક્રમનું આયોજન, જિલ્લાસ્તરે જાખડી સ્પર્ધાનું આયોજન; ગરીબ બીમારોને મદદ; સ્વામી વિવેકાનંદ વ્યાખ્યાનમાળાનું આયોજન; ગરીબ અને હોશિયાર વિદ્યાર્થીઓને શાળાપયોગી વસ્તુનું વિતરણ; ગરીબ અને જરૂરતમંદને દિવાળી તહેવાર નિમિત્તે મફત ફરાળી વસ્તુનું વિતરણ; વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન; આંતર કૉલેજ યુવા મહોત્સવનું આયોજન; સ્વાતંત્ર્ય સૈનિક અને ગુણવંત વિદ્યાર્થીઓના સત્કાર સમારંભનું આયોજન; રત્નાગિરિ જિલ્લામાં ૮૦ ગામમાં યુવા જોડો કાર્યક્રમનું આયોજન; શ્રમદાનથી ખાનૂ, જોયશીવાડી, પાથરટ, પાવસ, તોણદે અને કશેળી ગામોમાં બંધો બાંધ્યા; નાચણે ગામમાં નળપાણી યોજના માટે જીવન પ્રાધિકાર કાર્યાલય પર મોરચા કાઢ્યા; પૂર્ણગઢ ખાતે વાવાઝોડાગ્રસ્તની મદદ; જિલ્લાસ્તરે મૅરેથોન સ્પર્ધાનું આયોજન; કોંકણ રેલવે પ્રકલ્પગ્રસ્તના પ્રશ્નના નિવારણ માટે પ્રયત્ન; ન્યુ ઈંગ્લિશ હાઈ સ્કૂલ, પાલી, માધ્યમિક વિદ્યામંદિર, નાણીજ, અ.આ. દેસાઈ હાઈ સ્કૂલ, હાતખંબા, ન્યુ ઈંગ્લિશ સ્કૂલ, ટેંભે, આદર્શ વિદ્યામંદિર, કુરતડે, મહાલક્ષ્મી માધ્યમિક વિદ્યામંદિર, ખેડશી અને જાગુષ્ટે માધ્યમિક હાઈ સ્કૂલ, કુંવારબાવ શાળાને કમ્પ્યુટર સૉફ્ટવેર મેળવી આપ્યું; સભ્ય, અખિલ ભારતીય મરાઠી નાટ્યપરિષદ નિયામક મંડળ, મુંબઈ: અધ્યક્ષ, અખિલ ભારતીય મરાઠી નાટ્યપરિષદ, રત્નાગિરિ શાખા; બાળમહોત્સવ, નાટ્યસ્પર્ધા, એકાંકી સ્પર્ધા અને રંગસંમેલનનું આયોજન; ૨૦૦૩-૨૦૦૪ના મહારાષ્ટ્ર પત્રકારસંઘનો 'કોંકણરત્ન' પુરસ્કાર અને ૨૦૦૪-૨૦૦૫નો રમજાન મુબારક તરફે 'યુવારત્ન' પુરસ્કાર પ્રાપ્ત; ૨૦૦૭ના ધ પ્રાઈડ ઑફ ઈન્ડિયાનો 'ભાસ્કર' એવૉર્ડ, ૨૦૧૩માં કોંકણ મરાઠી સાહિત્ય પરિષદનો 'સાહિત્ય મિત્ર સન્માન પુરસ્કાર' પ્રાપ્ત; ૧૯૯૬-૯૯ એન.એસ.યુ.આઈ.ના કાર્યમાં સક્રિય સહભાગ; ફેબ્રુઆરી, ૧૯૯૫થી મે, ૧૯૯૯ ઉપાધ્યક્ષ, જિલ્લા યુવા કોંગ્રેસ; ૧૯૯૯-૨૦૦૦ પ્રધાન, જુલાઈ, ૨૦૧૦થી ૨૦૧૨ અધ્યક્ષ, મહારાષ્ટ્ર પ્રદેશ રાષ્ટ્રવાદી યુવા કોંગ્રેસ; ૧૯૯૬-૯૯ અધ્યક્ષ, પાલી યુવા મંચ: ૧૯૯૯-૨૦૦૧ નિરીક્ષક, કોલ્હાપુર જિલ્લા રાષ્ટ્રવાદી યુવા કોંગ્રેસ; ૨૦૦૨-૨૦૦૩ અધ્યક્ષ, રણજિત ગ્રામીણ સહકારી નાણાસંસ્થા, પાલી; અધ્યક્ષ, રત્નાગિરિ જિલ્લા રાષ્ટ્રવાદી યુવા કોંગ્રેસ; ૨૦૧૪થી શિવસેના પક્ષનું કાર્ય ૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૪, ૨૦૧૪-૨૦૧૯ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા; ૧૧ જૂન, ૨૦૧૩થી સપ્ટેમ્બર, ૨૦૧૪ નગર વિકાસ વન, કાયદો અને ન્યાય, બંદર અને મત્સ્ય વ્યવસાય ખાતાના રાજ્યપ્રધાન; વિધાનમંડળની રોજગાર બાંયધરી અને પંચાયત રાજ સમિતિના સભ્ય; ઑક્ટોબર, ૨૦૧૯માં ફરીથી મહારાષ્ટ્ર વિધાનસભામાં ચૂંટાઈ આવ્યા.

**૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભા સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

---

## ઍડ. કે. સી. પાડવી



**જન્મ:** ૩ માર્ચ ૧૯૫૭. **જન્મસ્થળ:** અસલી, તાલુકો: અકરાણીમહાલ, જિલ્લો: નંદુરબાર. **શિક્ષણ:** બી.એ. એલ.એલ.એમ. **જ્ઞાત ભાષા:** મરાઠી, હિંદી, અંગ્રેજી અને આદિવાસી ભાષા. **લગ્નસંબંધી માહિતી:** વિવાહિત, પત્ની શ્રીમતી હેમલતા. **સંતાન:** એક દીકરો અને એક દીકરી. **વ્યવસાય:** ખેતી અને વકીલાત. **પક્ષ:** ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (આઈ). **મતદારસંઘ:** ૧-અક્કલકુવા (અનુસૂચિત જમાતી), જિલ્લો: નંદુરબાર.

**અન્ય માહિતી:** સંસ્થાપક અધ્યક્ષ, અખિલ ભારતીય આદિવાસી વિદ્યાર્થી સંગઠન; અધ્યક્ષ, સાતપુડા માનવમુક્તિ કેન્દ્ર, અસલી અસ્તંબા; અધ્યક્ષ, માતા મોગરા શિક્ષણ સંસ્થા, અસલી. આ સંસ્થા દ્વારા આદિવાસી ભાગમાં બે આશ્રમ શાળા, ત્રણ હાઈ સ્કૂલ શરૂ કરી; આદિવાસી સમાજ જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન સંગઠનાત્મક કાર્ય પર ભાર; હોળી, દિવાળી મહોત્સવનું આયોજન; ચૅરમૅન, ધી હિલવોલી ફૂડ ઍન્ડ ફ્રૂટ પ્રોસેસિંગ કો-ઑપરેટિવ સોસાયટી લિમિટેડ, અસલી, તાલુકા અક્રાણી, જિલ્લો: નંદુરબાર; ૧૯૯૦ સુધી જનતા દળનું કાર્ય; ૧૯૯૧થી કોંગ્રેસ પક્ષનું કાર્ય; ૧૯૯૦-૯૫, ૧૯૯૫-૯૯, ૧૯૯૯-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૪, ૨૦૧૪-૨૦૧૯માં સભ્ય. ઑક્ટોબર, ૨૦૧૯માં વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

**સંદર્ભ: ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભા સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

## શ્રી શંકરરાવ યશવંતરાવ ગડાખ



**જન્મઃ** ૨૯ મે, ૧૯૭૦. **શિક્ષણઃ** બી.કૉમ. **પક્ષઃ** શિવસેના. **મતદારસંઘઃ** ૨૨૧-નેવાસા.

**અન્ય માહિતીઃ** વિધાનસભા સભાસદ ઑક્ટોબર, ૨૦૦૯થી ૨૦૧૪ સુધી; સંચાલક, અહમદનગર જિલ્લા સહકારી બૅન્ક લિમિટેડ. અહમદનગર ૨૦૦૭થી ૨૦૧૬; ચૅરમૅન, અહમદનગર ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઑપરેટિવ બૅન્ક લિમિટેડ ૨૦૦૭થી ૨૦૦૮; ચૅરમૅન-મૂળા સહકારી સાકર કારખાના લિમિટેડ સોનાઈ ૧૯૯૪થી ૨૦૦૫; સંસ્થાપક, મૂળા સહકારી બૅન્ક લિમિટેડ, સોનાઈ; સંસ્થાપક, 'બાજાર' મૂળા મધ્યવર્તી સહકારી ગ્રાહક સંસ્થા લિમિટેડ, સોનાઈ સંસ્થાપક, નેવાસા, તાલુકા સહકારી દૂધ સંઘ લિમિટેડ સોનાઈ; ટ્રસ્ટી, મૂળા એજ્યુકેશન સોસાયટી, સોનાઈ; નેવાસા તાલુકાના ખેડૂતોના ખેતરમાં પાણી અને વીજળીના પ્રશ્નો માટે અવારનવાર આંદોલન કર્યાં; નેવાસા તાલુકા માર્કેટ કમિટીના ઘોડેગાવમાં ખેડૂતોની સુવિધા માટે મોટા ટર્નઓવરવાળી કાંદા માર્કેટ શરૂ; પાંઢરીપુલ એમ.આઈ.ડી.સી. કાર્યાન્વિત કરવા માટે સતત પ્રયત્ન; જિલ્લામાં સૌથી વધુ મહિલા બચતજૂથનું સંગઠન; જિલ્લા સહકારી બૅન્કના અધ્યક્ષીય કાળમાં ખેતી, શિક્ષણ અને મહિલા બચતજૂથ વિશે સુવર્ણ મહોત્સવો નિર્ણય લેવામાં આગેવાની; મૂળા કારખાનાના ૩૦ મેગાવોટ ક્ષમતાના સહવીજ નિર્મિતી પ્રકલ્પ શરૂ કરવામાં આગેવાની; મૂળા કારખાનાના અધ્યક્ષ દરમિયાન કારખાનામાં સતત બે વર્ષ ત.ડ.ખ. પાસેથી ઉત્કૃષ્ટ આર્થિક વ્યવસ્થાપનનો પુરસ્કાર; ૨૦૦૩ના દુકાળમાં ૬૦૦૦ પશુઓ માટે છાવણી ચલાવેલી; સંગઠનના કામ માટે વખતોવખત યુવા અને ખેડૂતોના મેળાવાનું આયોજન; નિયંત્રણ હેઠળની સંસ્થાના માધ્યમથી અસરકારક જનસંપર્ક; જાહેર ઠેકાણે લોકોની મુલાકાત લઈને મુશ્કેલીઓના નિવારણ માટે પ્રયત્ન અને એ માટે સ્વતંત્ર જનસંપર્ક કાર્યાલય.

---

## શ્રી અસલમ રમજાન અલી શેખ



**જન્મઃ** ૫ નવેમ્બર, ૧૯૬૮. **જન્મસ્થળઃ** મુંબઈ. **શિક્ષણઃ** આઠમું ધોરણ **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી, અંગ્રેજી, ગુજરાતી અને ઉર્દૂ. **લગ્નસંબંધી માહિતીઃ** વિવાહિત, પત્ની શ્રીમતી રિઝવાના. **સંતાનઃ** એક દીકરો-બે દીકરી. **વ્યવસાયઃ** સામાજિક કાર્ય. **પક્ષઃ** ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (આઈ). **મતદારસંઘઃ** ૧૬૨-મલાડ પશ્ચિમ, જિલ્લોઃ મુંબઈ ઉપનગર.

**અન્ય માહિતીઃ** અધ્યક્ષ, વિઝન ફાઉન્ડેશન, મુંબઈઃ સચિવ, રમજાન અલી ઈંગ્લિશ હાઈ સ્કૂલ અને કનિષ્ઠ મહાવિદ્યાલય; દીનગરીબ બીમારોને મદદ; વિદ્યાર્થીઓને શાળાપયોગી વસ્તુનું વિતરણ; ૨૦૦૨-૨૦૧૨ નગરસેવક, ૨૦૦૭-૨૦૦૮ અધ્યક્ષ, પી ઉત્તર પ્રભાગ સમિતિ, મહાનગરપાલિકા, મુંબઈ; કોંગ્રેસ પક્ષના દરેક ઉપક્રમમાં સક્રિય સહભાગ; ૨૦૦૯-૨૦૧૪, ૨૦૧૪-૨૦૧૯ સભ્ય મહારાષ્ટ્ર વિધાનસભા; ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

**સંદર્ભઃ ૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભા સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

---

## શ્રી આદિત્ય ઉદ્ધવ ઠાકરે



**જન્મઃ** ૧૩ જૂન, ૧૯૯૦. **શિક્ષણઃ** બી.એ. એલ.એલ.બી. **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતીઃ** અવિવાહિત. **પક્ષઃ** શિવસેના. **મતદારસંઘઃ** ૧૮૨-વરલી.

**અન્ય માહિતીઃ** વરલી વિધાનસભા મતદારસંઘમાંથી વિધાનસભા ચૂંટણી-૨૦૧૯માં વિજયી, હાલમાં યુવા સેનાના પ્રમુખ અને ૨૦૧૭માં મુંબઈ જિલ્લા ફૂટબૉલ ઍસોસિયેશનના અધ્યક્ષ, વર્ષ ૨૦૦૭માં My Thoughts in White and Black નામનો કવિતાસંગ્રહ પ્રસિદ્ધ. ઉમ્મીદ આ ખાનગી આલબમ માટે ૮ ગીતની રચના, કૉલેજ દરમિયાન પોતાની નેતૃત્વશૈલીની છાપ ઉમટાવીને આગળ રાજકારણમાં પોતાના નેતૃત્વગુણ સિદ્ધ કરીને આજે યુવાનોના પ્રશ્ન જ્વલંત રીતે રજૂ કરી યુવાનોને પોતાનો હક્ક મેળવી આપવામાં અમૂલ્ય કામગીરી બજાવે છે. પોતાની વિશેષ કાર્યશૈલીથી શૈક્ષણિક ક્ષેત્રમાં અમૂલ્ય બદલ ઘડવા માટે એ સતત પ્રયત્નશીલ હોય છે. શાળાના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પોતાનું વિશેષ યોગદાન આપીને તંત્રજ્ઞ વિકસિત શિક્ષણ પદ્ધતિ અંગીકાર કરવા પર એમનો વિશેષ ભાર છે. શૈક્ષણિક સુધારણા સાથે યુવાનોને રોજગાર મળે એ માટે એ ખાસ પ્રયત્નશીલ છે. ૨૩ જાન્યુઆરી, ૨૦૧૮થી શિવસેના નેતા; ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ચૂંટાઈ આવ્યા. યુવાનોની સાથે જ ખેડૂત, મહેનતુ જનતાના વિકાસ માટે સતત એ પ્રયત્નશીલ છે.

# રાજ્ય પ્રધાનો

## શ્રી અબ્દુલ નબી સત્તાર



**જન્મઃ** ૧ જાન્યુઆરી, ૧૯૬૫. **જન્મસ્થળઃ** સિલ્લોડ, **જિલ્લોઃ** ઔરંગાબાદ. **શિક્ષણઃ** બી.એ. **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતીઃ** વિવાહિત, પત્ની શ્રીમતી નફીઝા બેગમ. **સંતાનઃ** બે દીકરા અને પાંચ દીકરી. **વ્યવસાયઃ** વેપાર. **પક્ષઃ** શિવસેના. **મતદારસંઘઃ** ૧૦૪-સિલ્લોડ, જિલ્લોઃ ઔરંગાબાદ

**અન્ય માહિતીઃ** અધ્યક્ષ, નૅશનલ એજ્યુકેશન સંસ્થા; અધ્યક્ષ, પ્રગતિ શિક્ષણ સંસ્થા; અધ્યક્ષ, પ્રિયદર્શની ક્રીડા મંડળ સિલ્લોડ; સાર્વજનિક ગણેશોત્સવ તેમ જ રક્તદાન શિબિરનું આયોજન, આદિવાસી અને દલિત સમાજના સામૂહિક વિવાહનું આયોજન; કિલ્લારી, જિલ્લોઃ લાતુર ખાતે અને ગુજરાતમાં ભૂજ ખાતે ભૂકંપગ્રસ્તોને મદદ; મોહાડી પૂરગ્રસ્તોને મદદ; ૧૯૮૪થી ૧૯૯૦ સભ્ય, ગ્રામપંચાયત સિલ્લોડ; ૫ માર્ચ, ૧૯૯૪થી ૯ જાન્યુઆરી, ૧૯૯૬, ૨૯ ઓગસ્ટ, ૧૯૯૮થી ૪ માર્ચ, ૧૯૯૯ અને ૧૫ ફેબ્રુઆરી, ૨૦૦૦થી ૬ સપ્ટેમ્બર, ૨૦૦૧, અધ્યક્ષ, નગરપરિષદ, સિલ્લોડ; ચૅરમૅન, વિવિધ કાર્ય સેવા સોસાયટી, સિલ્લોડ; સંચાલક, કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ, સિલ્લોડ; સંચાલક, મ્હસોબા મહારાજ તેલિબિયાં ઉત્પાદક સહકારી સંસ્થા; સંચાલક, દૂધ ઉત્પાદક સહકારી સંસ્થા, સિલ્લોડ; સંચાલક, ઔરંગાબાદ જિલ્લા મધ્યવર્તી સહકારી બૅન્ક; ૨૦૦૧-૨૦૦૬ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનપરિષદ; ઑક્ટોબર, ૨૦૦૯-૨૦૧૪, ૨૦૧૪-૨૦૧૯ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા, ૨ નવેમ્બર, ૨૦૦૯થી ડિસેમ્બર, ૨૦૧૦ અન્ન ને નાગરી પુરવઠા અને ગ્રાહક સંરક્ષણ તથા સાર્વજનિક બાંધકામ ખાતાના રાજ્યપ્રધાન. ૨ જૂન, ૨૦૧૪થી સપ્ટેમ્બર, ૨૦૧૪ પશુસંવર્ધન, દૂધવિકાસ અને મત્સ્યવ્યવસાય ખાતાના પ્રધાન, ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

**૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભા સભાસદોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

---

## શ્રી સતેજ ઉર્ફે બંટી ડી. પાટીલ

**જન્મઃ** ૧૨ એપ્રિલ, ૧૯૭૨. **જન્મસ્થળઃ** કસબા બાવડા, તાલુકોઃ કરવીર, જિલ્લોઃ કોલ્હાપુર. **શિક્ષણઃ** ડીબીએ. **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતીઃ** વિવાહિત, પત્ની શ્રીમતી પ્રતિમા. **સંતાનઃ** એક દીકરો ને એક દીકરી. **વ્યવસાયઃ** ખેતી. **પક્ષઃ** ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (આઈ). **મતદારસંઘઃ** કોલ્હાપુર સ્થાનિક પ્રાધિકારી સંસ્થા.



**અન્ય માહિતીઃ** ૧૯૯૨-૯૩ અધ્યક્ષ, શિવાજી વિદ્યાપીઠ સ્ટુડન્ટ્સ કાઉન્સિલ, ૨૦૦૪-૨૦૧૦ સેનેટ સભ્ય, શિવાજી વિદ્યાપીઠ, કોલ્હાપુરઃ ચૅરમૅન, 'પદ્મશ્રી' ડૉ. ડી.વાય. પાટીલ સહકારી સાકર કારખાના લિમિટેડ. ગગનબાવડા; અધ્યક્ષ, શ્રી મૌની વિદ્યાપીઠ, ગારગોટી અને હનુમાન ભક્તમંડળ, કસબા બાવડા; ઉપાધ્યક્ષ , ડૉ. ડી.વાય. પાટીલ એજ્યુકેશન સોસાયટી, પુણે અને કોલ્હાપુર; ઉપાધ્યક્ષ, કોલ્હાપુર ડિસ્ટ્રિક્ટ મૅચ્યોર બૉક્સિંગ ઍસોસિયેશન, કોલ્હાપુર; ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (આઈ) પક્ષનું કાર્ય; જાંબુસર જિલ્લોઃ મરોચ, ગુજરાતમાં જાંબુસરમાં મરોચ ખાતે પક્ષ નિરીક્ષક, સંચાલક, કોલ્હાપુર જિલ્લા મધ્યવર્તી સહકારી બૅન્ક, સલાહકાર, ટેલિફોન ઍડ્વાઈઝરી કમિટી, સભ્ય, વસંતદાદા શુગર ઈન્સ્ટિટ્યૂટ, પુણે; શ્રીરામ સેવા સોસાયટીનું કાર્ય; ડી.વાય. પાટીલ હૉસ્પિટલના માધ્યમથી ગરીબ બીમારોને મદદ; આરોગ્ય શિબિરનું આયોજન; કરવીર તાલુકામાં એક જ દિવસે ૧૦ હજાર વૃક્ષ રોપવામાં આવ્યાં. કોલ્હાપુર જિલ્લામાં પૂરગ્રસ્તોને મદદ; ડી.વાય. પાટીલ શૈક્ષણિક સંકુલના માધ્યમથી રક્તદાન શિબિરનું આયોજન; મહિલા પ્રશિક્ષણ શિબિરનું, એઈડ્સ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન; ગરીબ અને જરૂરતમંદ વિદ્યાર્થી દત્તક યોજના, વ્યક્તિત્વ વિકાસ શિબિર, હોશિયાર વિદ્યાર્થીઓનો સત્કાર, વ્યક્તિત્વ વિકાસ માટે વિદ્યાર્થીઓ માટે વિવિધ ઉપક્રમોનું આયોજન; આંતરરાષ્ટ્રીય સ્તરે ખેલાડીઓને મદદ; જિલ્લાપરિષદ અને મહાનગરપાલિકાના વિદ્યાર્થીઓને શાળાપયોગી વસ્તુનું વિતરણ; ભારતીય સંસ્કૃતિની એકત્ર કુટુંબ પદ્ધતિ રહે એ માટે ટ્રસ્ટ અને ફાઈટર્સ સ્પોર્ટ્સ ક્લબના મારફત પ્રા. સંજય દેસાઈના સ્મરણાર્થે આદર્શ સંયુક્ત કુટુંબ પુરસ્કાર ૨૦૦૨થી શરૂ કર્યો; મહિલા મહોત્સવનું આયોજન; લગ્ન પહેલાં એઈડ્સ તપાસણી સરકાર તરફથી ફરજિયાત કરવી એ માટે પ્રયત્ન; જન્મદિવસ નિમિત્તે પ્રોત્સાહન તરીકે શાળાકીય વિદ્યાર્થીઓને પુસ્તકોનું વિતરણ, ૨૦૧૪માં 'લિમ્કા બુક ઑફ રેકૉર્ડ' અને ૨૦૧૬માં વર્લ્ડ રેકૉર્ડ્સ ઑફ ઈન્ડિયામાં નોંધ; ૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૪ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા, ૨૦૧૦થી ૨૦૧૪ ગૃહ, ગ્રામવિકાસ, અન્ન અને ઔષધ પ્રશાસન, ફળોત્પાદન ખાતાના રાજ્યપ્રધાન; જાન્યુઆરી ૨૦૧૬માં મહારાષ્ટ્ર વિધાનપરિષદમાં ચૂંટાઈ આવ્યા.

## શ્રી શંભુરાજા શિવાજીરાવ દેસાઈ



**જન્મ:** ૧૭ નવેમ્બર, ૧૯૬૬. **જન્મસ્થળ:** મુંબઈ. **શિક્ષણ:** બી.કૉમ. **જ્ઞાત ભાષા:** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતી:** વિવાહિત, પત્ની શ્રીમતી સ્મિતાદેવી. **સંતાન:** એક દીકરો ને એક દીકરી. **વ્યવસાય:** ખેતી. **પક્ષ:** શિવસેના. **મતદારસંઘ:** ૨૬૧-પાટણ, જિલ્લો: સાતારા.

**અન્ય માહિતી:** ૧૯૮૬થી મુખ્ય ટ્રસ્ટી, દૌલત ઔદ્યોગિક પ્રશિક્ષણ સંસ્થા; મોરણા શિક્ષણ સંસ્થા મર્યા. દૌલતનગર, મરળી, તાલુકો: પાટણ. આ સંસ્થા તરફે પોલિટેક્નિક કૉલેજ, જુનિયર અને સિનિયર કૉલેજ, ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ શરૂ કરી; તબીબી શિબિર અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન; ગ્રામીણ ડુંગરાળ ભાગમાં તબીબી સેવાકાર્ય શરૂ કર્યું; ૧૯૮૬થી સંચાલક અને ૧૯૮૬-૯૬ ચૅરમૅન, ૧૯૯૬-૨૦૧૪ માર્ગદર્શક-સંચાલક, લોકનેતા બાળાસાહેબ દેસાઈ સહકારી સાકર કારખાના લિમિટેડ-દૌલતનગર, મરળી, તાલુકો: પાટણ, જિલ્લો: સાતારા; સહકારક્ષેત્રમાં ૧૯ વર્ષની વયે એશિયા ખંડના સૌથી ઓછી ઉંમરના ચૅરમૅન તરીકે પસંદગી, ૨૦૦૦ સંસ્થાપક, શિવદૌલત સહકારી બૅન્ક, મલ્હારપેઠ; સભ્ય, નૅશનલ ફેડરેશન ઑફ સુગર ફેક્ટરી, નવી દિલ્હી; ૨૦૦૨-૨૦૦૪ કેન્દ્રીય પ્રતિનિધિ, બૅન્ક ઑફ મહારાષ્ટ્ર; સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય સહકારી સાકર કારખાના સંઘ; ૧૯૮૬થી સામાજિક કાર્યમાં સક્રિય સહભાગ; ૧૯૯૭થી પાટણ તાલુકામાં અને સાતારા જિલ્લામાં શિવસેનાના સંગઠનમાં કાર્ય: ૧૯૯૨-૧૯૯૭ સભ્ય, પંચાયત સમિતિ પાટણ; ૧૯૯૨-૨૦૦૨ સભ્ય, જિલ્લાપરિષદ, સાતારા; ૨૦૦૪-૨૦૦૯ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા; સભ્ય, ગ્રંથાલય સમિતિ, રાષ્ટ્રકુળ સંસદીય મંડળ મહારાષ્ટ્ર શાખા તરફથી ૨૦૦૭-૨૦૦૮ના ઉત્કૃષ્ટ ધારાસભ્ય તરીકે પુરસ્કાર ભારતના રાષ્ટ્રપતિ પ્રતિભાતાઈ પાટીલના હસ્તે અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા; ૨૦૧૪-૨૦૧૯ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા; ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

**૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભા સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

---

## શ્રી ઓમપ્રકાશ ઉર્ફે બચ્ચુ બાબારાવ કડૂ

**જન્મ:** ૫ જુલાઈ, ૧૯૭૦. **જન્મસ્થળ:** બેલોરા, તાલુકો: ચાંદુરબજાર, જિલ્લો: અમરાવતી. **શિક્ષણ:** બી.કૉમ. **જ્ઞાત ભાષા:** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતી:** વિવાહિત, પત્ની શ્રીમતી નયના. **સંતાન:** એક દીકરો. **વ્યવસાય:** ખેતી. **પક્ષ:** અપક્ષ. **મતદારસંઘ:** ૪૨-અચલપુર, જિલ્લો: અમરાવતી.



**અન્ય માહિતી:** આઠમા ધોરણમાં હતા ત્યારથી જ ગામમાં તમાશાબંદી માટે આંદોલન; ૧૯૯૪ શાળાના વિદ્યાર્થીઓના પ્રવેશ માટે આંદોલન; કપાસ અને વીજળીના પ્રશ્નો માટે ડેરા આંદોલન; આદિવાસીને જમીન માટે અર્ધદફન આંદોલન; પોતાનાં લગ્નનો ખર્ચ બચાવીને ૨૫૦ અપંગોને લગ્ન સમારંભમાં ત્રણ પૈડાંવાળી સાઈકલ અને કૃત્રિમ અવયવનું વિતરણ, વિદ્યાર્થીઓ માટે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન; વિદર્ભ સ્તરે કુસ્તી અને કબડ્ડી સ્પર્ધાનું આયોજન; ૧૫૦૦ હૃદયના દરદીને દત્તક લઈને ઉપચાર અને શસ્ત્રક્રિયા; ૨૦૦ બ્રેન ટ્યુમરના દરદી પર મુંબઈ ખાતે ઉપચાર; ૧૦૦ કર્કરોગના દરદીને તબીબી સહાય અને મદદ; ૨૦૦૦ દરદીઓની મોતિયાની શસ્ત્રક્રિયા; ૧૦૦૦ રક્તદાન શિબિરનું આયોજન કરીને ૧૫,૦૦૦ બાટલી લોહી કે.ઈ.એમ. હૉસ્પિટલ, મુંબઈ, જનરલ હૉસ્પિટલ, અમરાવતી અને મેડિકલ કૉલેજ, નાગપુર ખાતે રક્ત બૅન્કને આપી; પોતે ૭૦ વખત રક્તદાન કર્યું; અપંગોને સાઈકલનું વિતરણ; ૧૯૮૯-૯૨ ભારતીય વિદ્યાર્થી સેનાના પ્રમુખ; ૧૯૯૨-૯૮ શિવસેના તાલુકાપ્રમુખ સંસ્થાપક અધ્યક્ષ, પ્રહાર વિદ્યાર્થી સંગઠનના સભાસદ, સત્યશોધક બહુઉદ્દેશીય સંગઠન ટોંગલાપુર, તાલુકો: ચાંદુરબજાર, જિલ્લો: અમરાવતી; સંસ્થાપક. પ્રહાર કામગાર સંગઠન, પ્રહાર મહિલા દૂધ ઉત્પાદક સંઘ, પ્રહાર કૃષિપ્રક્રિયા નિર્યાતદાર સંસ્થા, પ્રહાર ઔદ્યોગિક વિકાસ સંસ્થા; સંસ્થાપક, પ્રહાર યુવાશક્તિ સંગઠન: ૧૯૯૯ પ્રહાર સંગઠન પક્ષ તરફથી ઉલ્લેખનીય સામાજિક કાર્ય માટે ૨૦૧૩-૧૪ના સહ્યાદ્રિ ચૅનલનો 'આર્ય ચાણક્ય' પુરસ્કાર; એમ.આઈ.ટી.નો ઉત્કૃષ્ટ લોકપ્રતિનિધિ પુરસ્કાર; મહારાષ્ટ્ર સરકાર વતી ૨૦૧૧-૧૨નો 'રક્તમિત્ર' પુરસ્કારથી સન્માનિત; ગ્રામપંચાયત, પંચાયત સમિતિ, જિલ્લાપરિષદ અને નગરપરિષદમાં ૯૬ સભાસદ ચૂંટાઈ લાવવામાં યશ; ૧૯૯૩-૯૮ સભ્ય, ગ્રામપંચાયત; ૧૯૯૭-૨૦૦૨ સભ્ય અને ૧૯૯૭-૯૮ સભાપતિ, પંચાયત સમિતિ, ચાંદુરબજાર; ૧૯૯૭-૯૮ સભ્ય, જિલ્લાપરિષદ અમરાવતી; ૨૦૦૪-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૪, સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા; સભ્ય, વિધાનમંડળ પંચાયત રાજ સમિતિ, ગ્રંથાલય સમિતિ; ૨૦૧૪-૨૦૧૯ સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા; ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ફરીથી ચૂંટાઈ આવ્યા.

**૧૩મી મહારાષ્ટ્ર વિધાનસભા સભ્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય**

## ડૉ. વિશ્વજીત પતંગરાવ કદમ



**જન્મઃ** ૧૩ જાન્યુઆરી, ૧૯૮૧. **શિક્ષણઃ** બી.ઈ., એમ.બી.એ., પીએચ.ડી. **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતીઃ** વિવાહિત, પત્ની શ્રીમતી સ્વપ્નાલી. **વ્યવસાયઃ** સામાજિક કાર્ય, શિક્ષણક્ષેત્ર. **પક્ષઃ** ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (આઈ). **મતદારસંઘઃ** પલુસ કડેગાંવ

**અન્ય માહિતીઃ** કાર્યવાહક, ભારતીય વિદ્યાપીઠ, મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ કમિટીના કાર્યાધ્યક્ષ તરીકે ઓગસ્ટ, ૨૦૧૯થી કાર્યરત, રયત શિક્ષણ સંસ્થાના સંચાલક મંડળના સભ્ય તરીકે નિમણૂક તેમ જ એ જ સંસ્થાના કારોબારી મંડળમાં (એક્ઝિક્યુટિવ કાઉન્સિલ) પસંદગી; પ્રકુલગુરુ, ભારતીય વિદ્યાપીઠ અભિમત વિશ્વવિદ્યાલય, પ્રદીર્ઘકાળથી સોનહિરા સહકારી સાકર કારખાના અને સાગરેશ્વર સહકારી સૂતર મિલ; કડેગાંવ, જિલ્લો-સાંગલી આ બન્ને સહકારી ઉદ્યોગના સંચાલક પદે, વેસ્ટર્ન ઈન્ડિયા ફૂટબૉલ ઍસોસિયેશનના ઉપાધ્યક્ષ, પુણે; જિલ્લા ફૂટબૉલ ઍસોસિયેશનના નિર્વાચિત અધ્યક્ષ, ફૂટબૉલ રમતની વિવિધ સ્પર્ધાનું આયોજન કરનારા ડેક્કન ઈલેવન ક્લબ ક્ષેત્રના પ્રતિષ્ઠિત ફૂટબૉલ સંગઠનની સાથે નિકટતા; યુવા કોંગ્રેસની ચૂંટણીમાં પ્રથમ સપ્ટેમ્બર, ૨૦૧૧માં અને ફરીથી બીજી વાર જાન્યુઆરી, ૨૦૧૪માં મહારાષ્ટ્ર પ્રદેશ યુવા કોંગ્રેસના અધ્યક્ષ પદે બહુમતીથી પસંદગી, ૨૭ શાખા ધરાવતી ભારતી સહકારી બૅન્ક લિમિટેડ, પુણે આ મલ્ટિસ્ટેટ શેડ્યુઅલ બૅન્કનું અનેક વર્ષ કામ સંભાળ્યું; અખિલ ભારતીય તંત્રશિક્ષણ પરિષદ, (એ.આઈ.સી.ટી.ઈ). નવી દિલ્હી-ભારત સરકારના માનવ સંસાધન મંત્રાલયે નિર્માણ કરેલી સંસ્થામાં સભ્ય તરીકે કામ કર્યું; ભારત સરકારના અન્નપ્રક્રિયા ઉદ્યોગ વ્યવસાય વિભાગના ભારતીય દ્રાક્ષ પ્રક્રિયા મંડળના અધ્યાપન, સંશોધન, હૉસ્પિટાલિટી વ્યવસાય, વગેરેનું પ્રતિનિધિ સભ્ય તરીકે નામાંકન થયું; ભારત સરકારના માનવ અને સંસાધન વિભાગ અંતર્ગત ઉપશિક્ષણ વિભાગ અંતર્ગત નિયોજન આયોગના ટેક્નિકલ વિજ્ઞાન વિશે અભ્યાસ જૂથના સભ્ય; શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સમાજોપયોગી કાર્ય કરનારા અભિજીત કદમ મેમોરિયલ ફાઉન્ડેશનના વ્યવસ્થાપકીય ટ્રસ્ટી. ૨૦૧૮માં પેટા-ચૂંટણીમાં સભ્ય, મહારાષ્ટ્ર વિધાનસભા; ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ચૂંટાઈ આવ્યા.

---

## શ્રી દત્તાત્રય વિઠોબા ભરણે



**જન્મઃ** ૧ જૂન, ૧૯૬૮. **જન્મસ્થળઃ** અંથુર્ણે. **શિક્ષણઃ** બી.કૉમ. **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી, અંગ્રેજી. **લગ્નસંબંધી માહિતીઃ** વિવાહિત, પત્ની શ્રીમતી સારિકા. **સંતાનઃ** એક દીકરો. **વ્યવસાયઃ** ખેતી. **પક્ષઃ** રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ. **મતદારસંઘઃ** ૨૦૦-ઈંદાપુર.

**અન્ય માહિતીઃ** ૧૯૯૨થી સંચાલક, ૨૦૦૩-૨૦૦૮ ચૅરમૅન, શ્રી છત્રપતિ સહકારી સાકર કારખાના, ભવાનીનગર, ઈંદાપુર; ૧૯૯૬થી સંચાલક, ૨૦૦૨-૨૦૦૩ ચૅરમૅન, પુણે જિલ્લા મધ્યવર્તી સહકારી બૅન્ક; ૧૯૯૧-૯૯ કોંગ્રેસ પક્ષનું કાર્ય, ૧૯૯૯થી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષનું કાર્ય, ૨૦૧૨-૧૪ સભ્ય અને માર્ચ, ૨૦૧૨થી સપ્ટેમ્બર, ૨૦૧૪ અધ્યક્ષ, જિલ્લાપરિષદ, પુણે; આ દરમિયાન ઉત્કૃષ્ટ કાર્ય માટે સમાજ કલ્યાણ વિભાગના ૨૦૧૩નો અપંગ કલ્યાણ રાજ્ય પુરસ્કાર પ્રાપ્ત; ૨૦૧૪-૧૯ સભ્ય મહારાષ્ટ્ર વિધાનસભા; ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ચૂંટાઈ આવ્યા.

**સંદર્ભઃ ૧૨મી મહારાષ્ટ્ર વિધાનસભા સભ્યોનો સંક્ષિપ્ત જીવનપરિચય**

---

## શ્રીમતી આદિતી સુનીલ તટકરે



**શિક્ષણઃ** બી.એ., એમ.એ. **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી, અંગ્રેજી. **પક્ષઃ** રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી. **મતદારસંઘઃ** ૧૯૩-શ્રીવર્ધન.

**અન્ય માહિતીઃ** જયહિંદ કૉલેજમાં ૨૦૦૨-૨૦૦૯ પ્રોફેસર તરીકે કામ કર્યું. યુપીએસસી પરીક્ષા માટે ૨૦૦૨-૨૦૦૯ સુપરવાઈઝર તરીકે કામ કર્યું, ૨૦૦૨-૨૦૦૯ સામાજિક અને રાજકીય કાર્યમાં સક્રિય. ૨૦૧૨માં રાષ્ટ્રવાદી યુવતી કોંગ્રેસમાં. કોંકણ વિભાગીય સમન્વયક તરીકે કામ શરૂ. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૭ના વરસે ખાતે રોહા ગ્રુપમાંથી રાયગઢ જિલ્લાપરિષદનાં સભાસભ્ય. ૨૧ માર્ચ, ૨૦૧૭ના રાયગઢ જિલ્લાપરિષદના અધ્યક્ષપદે અને ૨૫ નવેમ્બર, ૨૦૧૯ સુધી રાયગઢ જિલ્લાપરિષદનાં અધ્યક્ષ. ઑક્ટોબર, ૨૦૧૯ મહારાષ્ટ્ર વિધાનસભામાં ચૂંટાઈ આવ્યાં.

## શ્રી સંજય બાબુરાવ બનસોડે



**જન્મઃ** ૧ જુલાઈ, ૧૯૭૩. **શિક્ષણઃ** ૧૨મું ધોરણ સુધી **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **લગ્નસબંધી માહિતીઃ** વિવાહિત, પત્ની શિલ્પા. **વ્યવસાયઃ** ખેતી-રાજકારણ. **પક્ષઃ** ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (આઈ). **મતદારસંઘઃ** ૨૩૭-ઉદગીર (અનુસૂચિત જાતિ).

**અન્ય માહિતીઃ** ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ચૂંટાઈ આવ્યા. ગામસ્તરે પ્રચંડ જનસંપર્ક. સામાન્ય લોકોના મહત્ત્વના પ્રશ્નોના નિવારણ માટે સતત પ્રયત્નશીલ; યુવાનોનું સંગઠન બનાવીને ગ્રામસ્તરે બદલાવ ઘડીને લાવવાના પ્રયત્ન; વિદ્યાર્થી સંગઠનનું કાર્ય કરતાં કરતાં વિવિધ પ્રશ્નોના નિવારણ માટે વિશેષ પ્રયત્ન. ગ્રામીણ મહારાષ્ટ્રની જાણકારી, વંચિત અને ગરીબ જનતા માટેની વિવિધ સરકારી યોજના એમના સુધી પહોંચાડવા માટે વિશેષ પ્રયત્ન કર્યા. ગરીબ અને વંચિત વર્ગના યુવાનોને શિક્ષણ માધ્યમથી પોતાનું જીવનસ્તર ઊંચે લઈ જઈને સામાજિક બદલાવ ઘડવા માટે પ્રયત્નશીલ, વિદ્યાર્થીઓને હંમેશાં મદદરૂપ થયા.

---

## શ્રી પ્રાજક્ત પ્રસાદરાવ તનપુરે



**જન્મઃ** ૧૩ સપ્ટેમ્બર, ૧૯૭૬. **શિક્ષણઃ** બી.ઈ., એમ.બી.એ., એમ.એસ. **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **લગ્નસબંધી માહિતીઃ** વિવાહિત. **વ્યવસાયઃ** ખેતી. **પક્ષઃ** રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ. **મતદારસંઘઃ** ૨૨૩-રાહુરી

**અન્ય માહિતીઃ** પ્રસાદ સાકર કારખાનાના ચૅરમૅન, લોકનિયુક્ત નગરાધ્યક્ષ, ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ચૂંટાઈ આવ્યા. નગરાધ્યક્ષ પદના માધ્યમથી રાહુરીની વિવિધ શહેરી સમસ્યાના નિવારણ માટે વિશેષ પ્રયત્ન. ગ્રામીણ અને શહેરી પ્રશ્નોની ઉત્તમ જાણકારી. લોકોમાં સુમેળ રાખીને કામ કરવાપર ભાર. યુવા સંગઠન બનાવીને એમના દ્વારા બદલાવ લાવનારા નેતા તરીકે ઓળખ. ગરીબ-વંચિત સમાજના ઉત્થાન માટે સરકારની વિવિધ યોજના એમના સુધી પહોંચાડવા માટે શરૂ કરેલા વિવિધ ઉપક્રમો, ખેતી અને ખેડૂતો વિશેનો અભ્યાસનો એમનો વિષય હોય, ખેડૂતોના જીવનમાં સકારાત્મક બદલાવ ઘડી લાવવા માટે સતત પ્રત્યશીલ.

---

## શ્રી રાજેન્દ્ર શામગોંડા પાટીલ (યડ્રાવકર)

**જન્મઃ** ૫ મે, ૧૯૭૦. **શિક્ષણઃ** ડિપ્લોમા (સિવિલ). **જ્ઞાત ભાષાઃ** મરાઠી, હિંદી અને અંગ્રેજી. **પક્ષઃ** રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ. **મતદારસંઘઃ** ૨૮૦-શિરોળ.



**અન્ય માહિતીઃ** અધ્યક્ષ, શરદ સહકારી સાકર કારખાના લિમિટેડ, નરંદે, તાલુકોઃ હાતકણંગલે, અધ્યક્ષ, પાર્વતી કો-ઑપરેટિવ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ લિમિટેડ, યડ્રાવ, તાલુકો શિરોળ, અધ્યક્ષ પાર્વતી સહકારી સૂતર મિલ લિમિટેડ, કુરંદવાડ, તાલુકોઃ શિરોળ, અધ્યક્ષ ધી ઑલ ઈન્ડિયા ફેડરેશન ઑફ કો-ઑપરેટિવ સ્પિનિંગ મિલ્સ લિમિટેડ, મુંબઈ, અધ્યક્ષ પદ્માવતી યંત્રમાગ ઔદ્યોગિક સહકારી સંસ્થા મર્યા., યડ્રાવ, તાલુકોઃ શિરોળ, અધ્યક્ષ પાર્વતી કો-ઑપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ, યડ્રાવ, તાલુકોઃ શિરોળ, સંચાલક મહારાષ્ટ્ર રાજ્ય સહકારી ઔદ્યોગિક વસાહત ફેડરેશન લિમિટેડ, સંચાલક કોલ્હાપુર જિલ્લા મધ્યવર્તી સહકારી બૅન્ક લિમિટેડ, કોલ્હાપુર સંચાલક કોલ્હાપુર જિલ્લા ખેડૂત વિણકરી સહકારી સૂતર મિલ લિમિટેડ, યડ્રાવ, તાલુકોઃ શિરોળ, શૈક્ષણિક અધ્યક્ષ શામરાવ પાટીલ (યડ્રાવકર) એજ્યુકેશનલ ઍન્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ, જયસિંગપુર સંચાલિત-શરદ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી, કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, યડ્રાવ, તાલુકોઃ શિરોળ-શરદ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી (પોલીટેક્નિક), યડ્રાવ, તાલુકોઃ શિરોળ-શરદ કૃષિ મહાવિદ્યાલય, જૈનાપુર, તાલુકોઃ શિરોળ, શામરાવ પાટીલ (યડ્રાવકર) ઔદ્યોગિક પ્રશિક્ષણ કેન્દ્ર, યડ્રાવ, તાલુકોઃ શિરોળ, જ્ઞાનગંગા હાઈ સ્કૂલ અને પ્રાથમિક વિદ્યા મંદિર, જયસિંગપુર, તાલુકોઃ શિરોળ, દાનલિંગ વિદ્યાલય, ઉમળવાડ, તાલુકોઃ શિરોળ, શરદ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ, યડ્રાવ, તાલુકોઃ શિરોળ, શરદ પ્લે-ગ્રુપ ઍન્ડ નર્સરી, યડ્રાવ, તાલુકોઃ શિરોળ, શરદ કમ્પ્યુટર ઈન્સ્ટિટ્યૂટ, યડ્રાવ, તાલુકો :શિરોળ, આર્થિક-અધ્યક્ષ, યડ્રાવ કો-ઑપરેટિવ બૅન્ક લિમિટેડ, યડ્રાવ, તાલુકોઃ શિરોળ, રાજકીય-મા. કાર્યાધ્યક્ષ, કોલ્હાપુર જિલ્લા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી, મા. અધ્યક્ષ, એન.એસ.યુ.આઈ. શિરોળ તાલુકો, મા. ઉપાધ્યક્ષ; કોલ્હાપુર જિલ્લા યુવા કોંગ્રેસ (આઈ), મા. સંગઠન સચિવ; મહારાષ્ટ્ર યુવા કોંગ્રેસ (આઈ), (૧૯૯૫-૯૯), મા. મહામંત્રી; મહારાષ્ટ્ર રાજ્ય રાષ્ટ્રવાદી યુવા કોંગ્રેસ પાર્ટી (૧૯૯૯થી ૨૦૦૫), મા. મહામંત્રી; મહારાષ્ટ્ર પ્રદેશ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી; ઑક્ટોબર, ૨૦૧૯માં મહારાષ્ટ્ર વિધાનસભામાં ચૂંટાઈ આવ્યા.

**ભયમુક્ત, ચિંતામુક્ત અને ભૂખમુક્ત નવું પ્રગતિશીલ મહારાષ્ટ્ર રચવા માટે સરકાર પ્રાધાન્ય આપી ધ્યાન કેન્દ્રિત કરશે, દરેક ઘટકના વિકાસ તરફ સમગ્રતઃ ધ્યાન આપવામાં આવશે, એવું પ્રતિપાદન મુખ્ય પ્રધાન શ્રી ઉદ્ધવ ઠાકરેએ નાગપુર ખાતેના પ્રથમ જ અધિવેશનમાં સ્પષ્ટ કર્યું છે. રાજ્યના વિવિધ પ્રશ્નો બાબત વિધાનસભાનાં બન્ને ગૃહોમાં આત્મવિશ્વાસપૂર્વક અને સકારાત્મકતાથી જવાબ આપવામાં આવ્યા. લોકાભિમુખ સરકાર આપતી વખતે પ્રગતિનાં નવાં શિખરો સર કરીને, રાજ્ય નિર્માણ કરીને દેશમાંનાં અન્ય રાજ્યો સામે આદર્શ નિર્માણ કરવાનો મનસૂબો પણ શ્રી ઠાકરેએ વ્યક્ત કર્યો હતો. ખેડૂતો અને મહેનતુ પ્રજાનું કલ્યાણ, યુવાનોના હાથમાં કામ અપાવવા માટે રોજગાર નિર્માણ પર ખાસ ભાર, રાજ્યમાં સીંચાઈ, રસ્તા સહિત માળખાકીય વિકાસના પ્રકલ્પોને વેગ આપવા સાથે એમાંથી નવા સમૃદ્ધ અને નવું, બળશાળી મહારાષ્ટ્ર રચવાનો સંકલ્પ શ્રી ઠાકરેએ વ્યક્ત કર્યો હતો.**



# ગભરાતા નહીં, નિશ્ચિંત રહેજો...

**સુધારિત** નાગરિકત્વ કાયદા બાબત નાગરિકોએ કોઈ પણ ગેરસમજ મનમાં રાખવી નહીં. રાજ્યમાંના કોઈ પણ જાતિ-ધર્મના નાગરિકને નુકસાન થવા નહીં દેવામાં આવે એવી સ્પષ્ટ વાત ઉદ્ધવ ઠાકરેએ નાગપુર ખાતેના વિધાનસભાના અધિવેશનમાં કરી હતી.

સુધારિત નાગરિકત્વ કાયદો મંજૂર થયા બાદ દેશમાં અશાંતિ, ભય અને ગેરસમજનું વાતાવરણ છે. દેશભરમાં આ કાયદાના વિરોધમાં આંદોલનો થઈ રહ્યાં છે અને આંદોલન દરમિયાન કેટલીક જગ્યાએ હિંસાચાર થઈ રહ્યો છે. આવામાં સૌએ સાથે મળીને જનતાના મનમાં પ્રવર્તતી ગેરસમજ દૂર કરવાની જરૂર છે. આને

કારણે નાગરિકોએ મનમાં ભય રાખવો નહીં. કાયદાનો વિરોધ કરવા માટે લોકશાહી માર્ગે આંદોલન કરીને નિવેદન આપવું. આ બાબત અમે સંબંધિતો સાથે ચર્ચા કરવા તૈયાર છીએ. આંદોલનમાં હિંસાચારનો માર્ગ ન લેતાં રાજ્યની છબિને ઠેસ ન પહોંચે એની તકેદારી રાખો એમ પણ શ્રી ઠાકરેએ જણાવ્યું હતું.

## દેવાંમાફીની વચનપૂર્તિ

ખેડૂતોને ચિંતામુક્ત કરવા માટે જરૂરી તમામ ઉપાયો હાથ ધરવામાં આવશે, એવું પ્રતિપાદન મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ વિશ્વાસના મતનો સામનો કરતી વખતે કર્યું હતું. વિધાનસભાના પહેલા જ અધિવેશનમાં ખેડૂતો માટે દેવાંમાફીની જાહેરાત કરતાં મુખ્ય પ્રધાન ઠાકરેએ પોતાનું આ વચન પૂરું કર્યું.

ખેડૂતોને ચિંતામુક્ત કરવા માટે 'મહાત્મા જોતિબા ફૂલે શેતકરી કરજમુક્તિ યોજના-૨૦૧૯'ની જાહેરાત મુખ્ય પ્રધાને વિધાનસભાનાં બન્ને ગૃહોમાં કરીને આ સરકાર ખેડૂતોની પાછળ મક્કમ રીતે ઊભી હોવાનું સ્પષ્ટ કર્યું. સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધી આ યોજના અંતર્ગત ખેડૂતદીઠ ઓછામાં ઓછા બે લાખ રૂપિયા સુધીનો લાભ મળવાનો છે. આને કારણે ખેડૂતોની સ્થિતિ સુધરવાની છે. એમના પરનો દેવાનો બોજો ઓછો થવાનો છે.

## શિવભોજન યોજના

શિવછત્રપતિ રૈયતના રાજા હતા આથી ગરીબ જનતા એમને પોતાના દેવતા માનતી હતી. મહાવિકાસ આઘાડીની સરકાર શિવાજી મહારાજે ચીંધેલી દિશામાં રાજ્ય કારભાર ચલાવવા બંધાયેલી છે એમ કહી મુખ્ય પ્રધાને દસ રૂપિયામાં ભોજન આપતી 'શિવભોજન યોજના' રાજ્યમાં શરૂ થવાની છે એવી જાહેરાત કરી. શરૂઆતમાં દરેક જિલ્લાના મુખ્યાલયના સ્થળે આ યોજના અમલમાં મૂકવામાં આવશે. પહેલા તબક્કામાં ૫૦ સ્થળે શરૂ કરવામાં આવશે.

## સીંચાઈ પ્રકલ્પોને વેગ

'બલિ રાજા જળસંજીવની' યોજનામાં વિદર્ભમાંના બાવન પ્રકલ્પ રખડી પડ્યા છે. જૂન, ૨૦૨૩ સુધી આ કામ તબક્કા વાર પ્રાધાન્ય આપી પૂર્ણ કરવામાં આવનારાં છે. અમરાવતી વિભાગમાં સીંચાઈનો અનુશેષ દૂર થાય એ માટે ૧૦૦ પ્રકલ્પ હાથ ધરવામાં આવ્યા હતા, પણ ૪૬ પ્રકલ્પ હજી અપૂર્ણ છે અને એ પણ ૨૦૨૨ સુધી પૂર્ણ કરવામાં આવનારા છે.

## સમૃદ્ધિ મહામાર્ગ

હિંદુ હૃદયસમ્રાટ બાળાસાહેબ ઠાકરે સમૃદ્ધિ મહામાર્ગનું કામ વિદર્ભ સહિત રાજ્ય માટે મહત્ત્વનું હોવાથી આ મહામાર્ગ આપેલી મુદ્દતમાં પૂર્ણ થશે એમ મુખ્ય પ્રધાન શ્રી ઠાકરેએ વિધાનસભામાં જણાવ્યું હતું. આ મહામાર્ગ માટે કુલ ૨૮,૦૦૦ કરોડ રૂપિયાનું કરજ ઊભું કરવામાં આવનારું હતું. આ કરજ પર ૬૪૦૦ કરોડ રૂપિયા વ્યાજનાં થયાં હોત, પણ હવે કરજની રકમ ૩૫૦૦ કરોડ રૂપિયા જેટલી ઘટાડવામાં આવી હોવાથી વ્યાજપેટે જનારા સરકારના ૨૫૦૦ કરોડ રૂપિયા બચશે. આ મહામાર્ગ પર ૨૦ નવાં નગરો કૃષિ સમૃદ્ધિ કેન્દ્રો તરીકે વિકસાવવામાં આવશે તેમ જ કૃષિપ્રક્રિયા ઉદ્યોગની સ્થાપના પણ કરવામાં આવશે. આ મહામાર્ગના પરિસરના ઉદ્યોગ, પર્યટન વ્યવસાય મોટા પ્રમાણમાં વધશે અને એના કારણે પાંચ લાખ સીધા રોજગારનું નિર્માણ થશે.

## ભાત ખેતી મિશન

ગોંદિયા, ભંડારા, ગઢચિરોલી અને ચંદ્રપુર આ ચાર જિલ્લામાં ચોખાની ખેતી થાય છે. એ વધારવા માટે અને બ્રાઉન રાઈસ ઉદ્યોગને વિકસિત કરવા માટે 'ભાત ખેતી મિશન' હાથ ધરવામાં આવ્યું છે. આને કારણે કૃષિપ્રક્રિયા ઉદ્યોગ પણ મોટા પ્રમાણમાં વિકસશે. ધાન ઉત્પાદક ખેડૂતોને આધાર આપવા માટે આ પૂર્વે સરકારે ક્વિંટલદીઠ ૫૦૦ રૂપિયાની સબસિડી આપી છે. એમાં ૨૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવશે એવી જાહેરાત મુખ્ય પ્રધાને કરી હતી.

## ફૂડ પ્રોસેસિંગ ક્લસ્ટર

વિદર્ભમાં પાકતા કપાસ પર મૂલ્યવર્ધન કરી રોજગાર નિર્માણ કરવા માટે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કપાસ ઉદ્યોગને વેગ આપી એમનું સ્તર ઊંચું લઈ જવામાં આવશે. વિદર્ભમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગને વેગ

# વિદર્ભ ડાયરી

## નુકસાન ભરપાઈ

કમોસમી વરસાદને કારણે નુકસાન થયું છે એવા ખેડૂતોની મદદ માટે સરકારે ૬.૬ હજાર કરોડ રૂપિયા મંજૂર કર્યા છે અને એમાંના ૨૧૦૦ કરોડ રૂપિયા વિતરિત કરવામાં આવ્યા છે. કમોસમી વરસાદના કારણે થયેલું નુકસાન ભરી કાઢવું અને પૂરગ્રસ્તોને મદદ માટે સરકારે ૧૪,૬૦૦ કરોડ રૂપિયાની માગણી કેન્દ્ર સરકાર પાસેથી કરી છે. એવી માહિતી નાણાપ્રધાન જયંત પાટીલે વિધાનસભાને આપી હતી. રાજ્ય સરકાર દ્વારા મદદની વહેંચણી ચાલુ છે. મંજૂર ૬૬૦૦ કરોડ રૂપિયામાંથી ૨૧૦૦ કરોડ રૂપિયા જિલ્લા અધિકારી મારફત વિતરીત કરવામાં આવ્યા છે. બાકીની રકમ જમા કરવાની કાર્યવાહી શરૂ છે.

## ઍરપોર્ટને મળશે નવી સગવડો

રાજ્યનાં તમામ ઍરપોર્ટ પર પ્રલંબિત સમસ્યાઓ ઉકેલવા માટે ટૂંક સમયમાં ઉપાય હાથ ધરવામાં આવશે એવી માહિતી મુખ્ય પ્રધાને વિધાનપરિષદમાં આપી હતી.

## ભૂકંપ પ્રભાવિતોને મદદ

પાલઘર જિલ્લામાં પાછલાં બે વર્ષમાં ભૂકંપના અનેક આંચકા લાગ્યા. આ ભૂકંપ પ્રભાવિત પરિસરના નાગરિકોમાં ભૂકંપના આંચકા સંબંધી જાગરૂકતા તથા કટોકટીના સમયની કાર્યવાહીનું પ્રશિક્ષણ અને સૌથી ઉપર મદદ આપવામાં આવી રહી હોવાની માહિતી ભૂકંપ પુનર્વસન પ્રધાન સુભાષ દેસાઈએ વિધાનપરિષદમાં આપી.



## ધાન ખરીદીની રકમ

ગોંદિયા તથા ભંડારા જિલ્લાના ધાન ઉત્પાદક ખેડૂતો પાસેથી ખરીદી કરેલા ધાનની ચુકવણી તત્કાળ કરવા માટે આશરે ૧૩ કરોડ ૮૦ લાખ રૂપિયાનું ભંડોળ વિતરીત કરવાની કાર્યવાહી ચાલી રહી છે. કોંકણની ધાન ખરીદીની ચુકવણી પણ તરત કરવાની સૂચના આપવામાં આવી રહી હોવાની માહિતી અન્ન, નાગરી પુરવઠા તથા ગ્રાહક સંરક્ષણપ્રધાન છગન ભુજબળે વિધાનપરિષદમાં આપી.

## 'દિશા' કાયદો

મહિલાઓ પર થતાં અત્યાચાર રોકવા માટે મહિલા તથા બાળકીઓ નિર્ભય થઈ હરીફરી શકે અને ગુનેગારો પર ધાક બેસે એ માટે આંધ્ર પ્રદેશની તરજ પર 'દિશા' જેવો કાયદો ઘડવા બાબત સરકાર ગંભીરતાથી વિચાર કરી રહી હોવાની માહિતી ગૃહપ્રધાન એકનાથ શિંદેએ વિધાનપરિષદને આપી.

## મહાપોર્ટલની ક્ષમતા

પશુસંવર્ધન વિભાગનાં વિવિધ પદોની ભરતી માટે મોટા પ્રમાણમાં અરજીઓ આવી હોવાથી આટલા મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓની ઑનલાઈન પરીક્ષા લેવા માટે મહાપોર્ટલની ક્ષમતા ઓછી પડવાની છે. આથી મહાપોર્ટલની ક્ષમતા વધે ત્યાં સુધી ભરતીપ્રક્રિયાને રોકી દેવામાં આવી છે. મહાપોર્ટલના સંદર્ભમાં પરીક્ષાર્થીઓની લાગણી ધ્યાનમાં લેતાં આ પરીક્ષા પદ્ધતિમાં જરૂરી ફેરફાર કરવામાં આવશે એવી માહિતી મુખ્ય પ્રધાને વિધાનપરિષદમાં આપી હતી.

આપવા માટે ફૂડ પ્રોસેસિંગ ક્લસ્ટર ઊભું કરવાનું સરકારે ઠરાવ્યું હોવાનું મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

## વિશેષ કાર્યાલયો

પોતાની સમસ્યાઓના ઉકેલ માટે ગ્રામીણ ભાગોમાંથી શહેરમાં આવતા સમાન્ય નાગરિકોનો સમય, મહેનત અને નાણાં બચે એ માટે જિલ્લાસ્તર પર મુખ્ય પ્રધાન સચિવાલય અંતર્ગત વિશેષ કાર્યાલય શરૂ કરવાનો સરકારનો વિચાર છે. પ્રાયોગિક સ્તરે આવાં કાર્યાલયો શરૂ કરવામાં આવશે. આ કાર્યાલયના માધ્યમથી નાગરિકોની સમસ્યાઓ, નિવેદનો પર કાર્યવાહી કરવા સાથે જ સ્વતંત્ર તબીબી કક્ષ પણ ત્યાં શરૂ કરવામાં આવશે.

નિર્ણય લીધો હતો, પણ એ બાબતનો નિર્ણય સરકારે અમલમાં મૂક્યો નહીં. આ સરકારી નિર્ણય તરત અમલમાં લાવવામાં આવશે.

## વિકાસને વેગ

વિદર્ભની ખનિજ સંપત્તિનો ઉપયોગ કરી રોજગારને વેગ આપવા માટે જમશેદપુર-ભિલાઈ જેવો મોટો સ્ટીલ પ્લાન્ટ આ ક્ષેત્રમાં પણ ઊભો કરવામાં આવશે. વન હક્ક કાયદા અંતર્ગત સંપાદિત કરવામાં આવેલી જમીન પર ખેતી અથવા એને સંલગ્ન વ્યવસાય કરી શકાય એ માટે અસરકારક યોજના લાવવામાં આવશે. દુર્ગમ આદિવાસી વિસ્તારમાં રસ્તા અને પુલ બનશે તો એમના સુધી



**વાશિમ જિલ્લા સમીક્ષા બેઠકનું માર્ગદર્શન કરતા મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે**

## રસ્તા નિર્માણ: નવી ટેક્નોલૉજી

રસ્તાનું મજબૂતીકરણ તથા સુધારણા માટે હાલ કાર્યરત હાઈબ્રીડ એન્યુઈટી મૉડેલ યોજનામાં બૅન્ક પાસેથી ઉપયુક્ત પ્રતિસાદ મળતો નથી. આ સમસ્યાને માત કરવા માટે આંતરરાષ્ટ્રીય વિત્તીય સંસ્થાઓ પાસેથી ભંડોળનો નવો સ્રોત નિર્માણ કરીને રસ્તાની સુધારણાને ગતિ આપવામાં આવશે.

## 'આશા'નું માનધન

આરોગ્ય વ્યવસ્થામાં 'આશા' મહિલા કાર્યકર્તા કરોડરજ્જુ સમાન છે. પાછલી સરકારે 'આશા' કાર્યકર્તાઓને ૨૦૦૦ રૂપિયા વધુ માનધન આપવાનો

વિકાસ પહોંચશે. આથી આ બાબત ધ્યાનમાં લઈ વિશેષ કાર્યક્રમો હાથ ધરવામાં આવનારા છે. મેળઘાટ જેવા વિસ્તારમાં કુપોષણનું પ્રમાણ ઘટાડવા માટે મધ્યવર્તી રસોડું શરૂ કરી ને આદિવાસી બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવશે.

પૂર્વ વિદર્ભમાં મત્સ્યવ્યવસાયને વેગ આપવા માટે ફિશરીઝ હબ બનાવવા બાબત વિચાર કરવામાં આવશે. ગ્રામીણ ક્ષેત્રમાં દરેક ઘરમાં પાણીપુરવઠો પૂરો પાડવામાં આવશે. ચંદ્રપુર ખાતે વનવિદ્યાન બનાવવા બાબતે વિચાર કરવામાં આવે.

## મિહાનમાં મૂડીરોકાણ

વિદર્ભના મહત્ત્વાંકાક્ષી ગણતા પ્રોજેક્ટ એવા

મિહાન પ્રકલ્પમાં વિદર્ભની કાયાપલટ કરવાની ક્ષમતા છે, પણ એની ક્ષમતા પ્રમાણે એ ઊડાણ ભરી શક્યો નથી. નવા મૂડીરોકાણ માટે સરકાર પાંચ વર્ષની મુદત આપી રકમ ભરવાની સવલત આપવાની છે. મિહાનનું મૂડીરોકાણ વધારવા માટે નાગપુર ઍરપોર્ટનો વિકાસ 'ખાનગી સાર્વજનિક ભાગીદારી'માંથી કરવામાં આવશે.

## ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા બોબડેનું અભિવાદન

સર્વોચ્ચ ન્યાયાલયના ચીફ જસ્ટિસપદે નિયુક્ત થયેલા શ્રી બોબડેના અભિવાદનનો પ્રસ્તાવ શ્રી ઉદ્ધવ ઠાકરેએ વિધાનસભામાં તો પ્રધાન સુભાષ દેસાઈએ



વિધાનપરિષદમાં રજૂ કર્યો હતો. એ વખતે શ્રી ઠાકરેએ વિધાનસભામાં જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના સુપુત્ર શરદ બોબડેની સર્વોચ્ચ અદાલતના ચીફ જસ્ટિસપદે વરણી થવાથી ગર્વભેર આપણું મસ્તક ઊંચું થયું છે. મૂળ નાગપુરના શરદ બોબડેનું અભિવાદન નાગપુરના અધિવેશનમાં કરી શકાયું એ દુર્લભ યોગાનુયોગ છે. હાલ શરદ ઋતુ ચાલી રહી છે અને આ ઋતુ નવચૈતન્યની છે. મુખ્ય ન્યાયાધીશ બોબડેના સ્વરૂપમાં નવચૈતન્ય આવશે. ખેડૂતોને ન્યાય મળે એ માટે ન્યાયાધીશ બોબડેએ પ્રયત્નો કર્યા છે. બોબડે કુટુંબનું નાગપુરમાંનું ઘર એટલે કાયદાનું વટવૃક્ષ અને એમાંથી અનેક નિષ્ણાત કાયદાવિદો તૈયાર થયા છે. રામશાસ્ત્રીની જેમ ન્યાયદાન કર્યા વિના એ રહેશે નહીં.

## અમરાવતી જિલ્લાનાં કામોને ગતિ

અમરાવતી જિલ્લાનાં રસ્તા, જળસંધારણનાં કામ ઝડપથી પૂર્ણ કરવાના હોવાથી વિવિધ યોજનાઓમાં લોકપ્રતિનિધિઓને વિશ્વાસમાં લઈ સુધારણા કરવામાં આવશે એમ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ અમરાવતી જિલ્લાની સમીક્ષા બેઠકમાં જણાવ્યું હતું.

કમોસમી વરસાદને કારણે પાકનું નુકસાન થવાથી ખેડૂતોનો આધાર પાક વીમા પર હોય છે. જો કે વીમા કંપનીઓ તરફથી ખેડૂતોને પાક વીમાનો લાભ મેળવવામાં સંતોષકારક પ્રતિસાદ મળતો નથી. આથી પાક વીમા ધોરણોમાં ફેરફાર કરવામાં આવશે. ખેડૂતોને એમના હકનો લાભ મળવો જોઈએ એવી સરકારની ભૂમિકા છે. ખેડૂતોને સમગ્રતઃ લાભ મળે એ માટે સરકાર તંત્રએ કરેલા પંચનામા અને વરસાદના આંકડાને માન્ય રાખવાની સૂચના આપવામાં આવી છે. દેવાંમાફીની રકમ જિલ્લા બૅન્ક સહિત વિવિધ બૅન્ક પાસેથી લાભાર્થીઓ સુધી પહોંચે એવા પ્રયાસો હાથ ધરવામાં આવશે. જિલ્લામાંના ખારપાટ પટ્ટામાં પોકરા યોજનામાંથી વ્યક્તિગત લાભની યોજના અમલમાં મૂકવામાં આવે છે. એને સામૂહિક યોજનાઓનો સાથ આપવામાં આવશે. સામૂહિક ખેતતળાવની યોજના વ્યાપકપણે હાથ ધરવામાં આવશે, જેને કારણે ખેડૂતોને રવી પાક માટે પાણી મળશે. આને કારણે વરસાદમાં ઘટ પડવા છતાં ખેડૂતોના હાથમાં ચોક્કસ ઉત્પાદન આવવામાં મદદ મળશે. 'મુખ્ય પ્રધાન ગ્રામ સડક યોજના'માં ૨૫૬.૪૨ કિલોમીટર લંબાઈના ૪૧ રસ્તા પૂર્ણ કરવામાં આવ્યા છે. ૩૬૨.૧૫ કિલોમીટર લંબાઈના રસ્તાનાં ૯૦ કામ પ્રગતિ પથ પર છે. આ ઉપરાંત, ગ્રામીણ રસ્તામાં વ્યાપક સુધારણા કરવા માટેનું ભંડોળ વધારવામાં આવશે. જિલ્લામાં મૃદ તથા જળસંધારણની ૧૦૫ યોજના પૂર્ણ થઈ છે અને ૨૮,૫૯૪ ટીસીએમ પાણીનો પુરવઠો નિર્માણ થયો છે. આ કામને ગતિ આપવા માટે કેટલાંક ધોરણોમાં




## સ્ટડી ગ્રુપ રદ

શાળાઓને વિદ્યાર્થીદીઠ વેતન સબસિડી આપવાની તથા અન્ય મુદ્દા બાબત અભ્યાસ કરવા માટે શિક્ષણ કમિશનરે નીમેલાં વિવિધ ૩૩ સ્ટડી ગ્રુપ રદ કરવામાં આવે છે એવી જાહેરાત શાળા શિક્ષણપ્રધાન બાળાસાહેબ થોરાતે વિધાનપરિષદમાં કરી હતી.

## તબીબી સહાયતા નિધિ કક્ષ

વિદર્ભમાંના દરદીઓને સહાય થાય એ માટે નાગપુરના હૈદરાબાદ હાઉસ ખાતેના મુખ્ય પ્રધાન સચિવાલયમાં મુખ્ય પ્રધાન તબીબી સહાયતા નિધિ કક્ષ ફરી શરૂ કરવાની સૂચના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ આપી છે. રાષ્ટ્રપતિ શાસનના ગાળામાં આ કક્ષનું કામકાજ બંધ હતું. ઈન્દિરા ગાંધી ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજના મેડિકલ ઑફિસર ડૉ. સોનપુરે આ કક્ષનું કામ જોશે. મુખ્ય પ્રધાન તબીબી સહાયતા નિધિ કક્ષ માટે નાગપુર વિભાગીય કમિશનર, ઉપ-સંચાલક, આરોગ્ય સેવા અને જિલ્લા સર્જ્યનની સમિતિની રચના કરવામાં આવી છે.

## ગેરકાયદે નાણાં ધીરધાર પર રોક

ગેરકાયદે નાણાં ધીરનારાઓ પર રોક લગાડવા તેમ જ આવા શાહુકારો વિરુદ્ધ કાર્યવાહી કરવાનું ટાળતા સરકારી અધિકારીઓ વિરુદ્ધ પણ પગલાં લેવાની ભલામણ કરવા માટે વિધાનપરિષદના સભ્ય વિદ્યા ચવ્હાણની અધ્યક્ષતા હેઠળની સમિતિ નીમવાની જાહેરાત સહકાર પ્રધાન જયંત પાટીલે કરી હતી.



**નાગપુર ખાતેની દીક્ષાભૂમિની મુલાકાત લઈ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરનું અભિવાદન કર્યું. એ વખતે મા. પ્રધાન ડૉ. નીતિન રાઉત ઉપસ્થિત હતા.**

## દીક્ષાભૂમિની મુલાકાત

મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ દીક્ષાભૂમિની મુલાકાત લીધી. એમણે સૌપ્રથમ દીક્ષાભૂમિના સ્તૂપ સામેની ડૉ. બાબાસાહેબ આંબેડકરની અર્ધપ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી વંદન કર્યા. સ્તૂપમાંના ડૉ. બાબાસાહેબ આંબેડકરના અસ્થિકળશનાં દર્શન કરી ગૌતમ બુદ્ધની મૂર્તિને પુષ્પ ધરી વંદન કર્યા હતા. દીક્ષાભૂમિના વિકાસ માટે ૨૦૧૮માં ૧૦૦ કરોડનાં કામોને તાત્ત્વિક મંજૂરી આપી હતી અને એમાંના ૪૦ કરોડ રૂપિયા નાગપુર મહાનગર પ્રદેશ વિકાસ પ્રાધિકરણને મોકલવામાં આવ્યા છે. આ ભંડોળ પ્રાધિકરણના ખાતામાં સુરક્ષિત છે. દીક્ષાભૂમિનાં વિકાસકાર્યોને આવશ્યકતા અનુસાર જરૂર હશે એટલું ભંડોળ આપવામાં આવશે એવી માહિતી સામાજિક ન્યાયપ્રધાન છગન ભુજબળે વિધાનપરિષદમાં આપી હતી.

ફેરફાર કરવામાં આવશે એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

કમોસમી વરસાદને કારણે અસરગ્રસ્ત થયેલાં જાહેર ક્ષેત્રમાં વરુડ, મોર્શી જેવા તાલુકાનો સમાવેશ ન હોવાની આ બાબત સામે આવ્યા બાદ એ માટે જિલ્લાધિકારી સાથે ચર્ચા કરી સરકારી નિયમો પ્રમાણે મદદ કરવામાં આવશે એમ મુખ્ય સચિવ શ્રી અજોય મહેતાએ જણાવ્યું હતું.

વન્યપ્રાણીઓને કારણે થતાં નુકસાન પર રોક લગાવવા માટે સામૂહિક વાડ યોજના અમલમાં મૂકવાનો વિચાર કરવામાં આવશે તેમ જ વન્યપ્રાણીઓને કારણે થનારા અકસ્માતો પછી મદદ માટેનાં ધોરણોમાં નીલગાય આ પ્રાણીનો પણ સમાવેશ કરવામાં આવશે એમ પણ એમણે જણાવ્યું હતું.

## યવતમાળ જિલ્લામાં સીંચાઈ

યવતમાળ જિલ્લાના સીંચાઈ પ્રકલ્પો દ્વારા ખેડૂતોને સીંચાઈની સુવિધા ઉપલબ્ધ કરી આપવાની સાથે જ અધૂરા પ્રકલ્પો તરત પૂર્ણ કરવા માટે વહેલામાં વહેલી તકે ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવશે એમ મુખ્ય પ્રધાને વિધાનસભાના સભાગૃહમાં યવતમાળ જિલ્લાની સમીક્ષા કરતાં જણાવ્યું હતું. કમોસમી વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતો માટે સરકારી મદદનું ભંડોળ જિલ્લાને પહોંચ્યું છે. યવતમાળ જિલ્લામાં પહેલા તબક્કામાં ૧૦૨ કરોડની વહેંચણી થઈ છે અને બીજા તબક્કામાં ૨૨૨ કરોડની મદદ વહેંચણીની કાર્યવાહી તાલુકાસ્તર પર ચાલી રહી છે. જિલ્લાના અલ્પસંખ્યક વિકાસ નિધિ ઉપલબ્ધ કરાવવામાં આવશે એમ પણ મુખ્ય પ્રધાને સ્પષ્ટ કર્યું છે.

## વિદર્ભ ડાયરી

### ચંદ્રપુરનાં વિકાસકાર્યો પૂર્વવત્

ચંદ્રપુર જિલ્લામાં ચાલી રહેલાં કોઈ પણ વિકાસકાર્યો સ્થગિત કરવામાં આવ્યાં નથી અને બધાં જ કામ સમયસર પૂર્ણ કરવામાં આવશે. તેલંગણ તથા મહારાષ્ટ્રની સીમા પરનાં વિવાદગ્રસ્ત ૧૪ ગામનો પ્રશ્ન ઉકેલવા માટે ચંદ્રપુર સહિત ગઢચિરોલી, ગોંદિયા, નક્સલગ્રસ્ત જિલ્લાઓમાં કૃષિપંપ દિવસ દરમિયાન કામ કરવા માટે વીજપુરવઠો ઉપલબ્ધ કરાવવાના સંદર્ભમાં બેઠકો લેવામાં આવશે એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું. ચંદ્રપુર જિલ્લાની સમીક્ષા બેઠકમાં એમણે આ માહિતી આપી હતી. લોકપ્રતિનિધિઓનાં વિવિધ સકારાત્મક સૂચનોનું પાલન કરવાના નિર્દેશો પણ એમણે આપ્યા હતા. ચંદ્રપુરના બાબુપેઠ પુલનું ભંડોળ વહેલી તકે વિતરીત કરવામાં આવશે. મહાકાલી મંદિરની બ્લ્યુ પ્રિન્ટ પૂર્ણ થશે.

### સુરજાગઢ લોહ ખનિજ ઉત્ખનન

ગઢચિરોલી જિલ્લામાંના સૂરજગઢ લોહ ખનિજ ઉત્ખનન પ્રકલ્પથી જિલ્લાના વિકાસને વેગ મળવાનો છે. આ પ્રકલ્પને કારણે જિલ્લામાં રેલવે સુવિધા, અન્ય માળખાકીય સુવિધા, વીજપુરવઠો જેવાં વિકાસકામોને વેગ મળવાથી નક્સલવાદ ઘટાડવામાં મદદ મળશે. આથી આ પ્રકલ્પને વેગ આપવો એવા નિર્દેશ મુખ્ય પ્રધાન શ્રી ઠાકરેએ ગઢચિરોલી જિલ્લાની વિવિધ સમસ્યાઓ જાણવા માટેની બેઠકમાં આપ્યા હતા. પદભરતી, દૂરસંચાર સમસ્યા, ખેતી વિષયક સમસ્યા, ધાન ખરીદી બાબતના પ્રશ્નો તરત ઉકેલવાની સૂચના એમણે પ્રશાસનને આપી. ધાન ખરીદી પ્રક્રિયા શરૂ થવા પહેલાં ભવિષ્યમાં આવનારી મુશ્કેલીઓ દૂર કરવા માટે નિયોજન કરવું એવા નિર્દેશો એમણે આપ્યા છે.

તેલંગણ રાજ્યમાંના કાલેશ્વરમ્ ખાતે થઈ રહેલા મેડીગટ્ટા બેરેજના કામને કારણે ગઢચિરોલી જિલ્લાનાં કેટલાંક ક્ષેત્રો પાણી નીચે ગયાં હોવાથી સ્થાનિક આદિવાસીઓનું નુકસાન થયું છે. મેડીગટ્ટા સીંચાઈ પ્રકલ્પ અંગે એક સમિતિ દ્વારા તપાસણી અહેવાલ બનાવવો એવી સૂચના પણ મુખ્ય પ્રધાને અધિકારીઓને આપી છે.

### ખારપાટ પટ્ટાનો વિકાસ

અકોલા, અમરાવતી અને બુલઢાણા જિલ્લામાંથી પસાર થતા ખારપાટના પટ્ટાનાં ગામોના નાગરિકોને પાણીપુરવઠો કરવા માટે, એકત્રિત સમીક્ષા કરીને સ્વતંત્ર ધોરણ બનાવો એવા નિર્દેશ મુખ્ય પ્રધાને અકોલા જિલ્લાની સમીક્ષા બેઠકમાં આપ્યા. અકોલા જિલ્લાનાં ખારપાટનાં ગામોમાં પીવાના પાણીની સમસ્યા તત્કાળ ઉકેલવી આવશ્યક છે. આ સમસ્યા એકલા અકોલા જિલ્લા પૂરતી મર્યાદિત નથી, પણ એની આસપાસના અમરાવતી, બુલઢાણા તથા અન્ય જિલ્લાઓને પણ આ સમસ્યા નડે છે. આ દૃષ્ટિએ સ્વતંત્ર ધોરણ નક્કી કરવા માટે પ્રશાસને પગલાં લેવાં જોઈએ. જિલ્લાના સીંચાઈની દૃષ્ટિએ મહત્ત્વના પૂર્ણા બેરેજનું કામ કરવા માટે પોતે વ્યક્તિગત ધ્યાન આપશે આથી આ પ્રકલ્પ વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવા માટેનો માર્ગ અધિકારીઓએ કાઢવો એવા નિર્દેશ એમણે આપ્યા. 'પ્રધાન મંત્રી આવાસ યોજના' અંતર્ગત ઘરના બાંધકામ માટે ગુંઠાવાર જગ્યાનો પ્રશ્ન ઉકેલવા માટે યોગ્ય નિર્ણય લેવામાં આવે તેમ જ 'પ્રધાન મંત્રી આવાસ યોજના'ની રાજ્યસ્તરીય સમીક્ષા કરી સમાન મુશ્કેલીઓ દૂર કરવામાં આવે. બાળાપુર ખાતેનાં બાંધકામ પૂર્ણ થયેલાં ઘરો લાભાર્થીઓને હસ્તાંતરિત કરતાં પહેલાં ઘરોની ગુણવત્તા ચકાસી લેવા તેમ જ કૂવાના અનુદાન માટે ભંડોળ ઉપલબ્ધ કરાવવા બાબત ટેક્નિકલ મુશ્કેલીઓ દૂર કરવામાં આવે એવા નિર્દેશ એમણે આપ્યા હતા.

### વાશિમ જિલ્લામાં સીંચાઈ

વાશિમ જિલ્લાને વિકાસના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે વિવિધ યોજના અતર્ગત ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવશે એ સાથે જ ભૌગોલિક રચનાને કારણે જિલ્લામાં સીંચાઈ માટે મોટા પ્રકલ્પો ઊભા કરવાનું શક્ય ન હોવા છતાં લઘુ સીંચાઈ પ્રકલ્પો માટે ભંડોળ ઉપલબ્ધ કરાવી સીંચાઈના પ્રશ્નનો ઉકેલ લાવવામાં આવશે એવું મુખ્ય પ્રધાને વાશિમ જિલ્લા સમીક્ષા બેઠકમાં કહ્યું.

જિલ્લામાં સીંચાઈ માટે મોટા પ્રકલ્પ નથી આ

### અપૂર્ણ એસઆરએ પ્રોજેક્ટ

મુંબઈ શહેર, ઉપનગરોના ઝૂંપડપટ્ટી પુનર્વિકાસ ધોરણ અનુસાર (એસઆરએ) પુનર્વિકાસના પ્રકલ્પો અસરકારક રીતે અમલમાં મૂકવા માટે વિધાનસભાના સદસ્ય તથા આ ક્ષેત્રના નિષ્ણાતોની એક સમિતિ નીમવામાં આવનારી હોવાની જાહેરાત ગૃહ નિર્માણપ્રધાન જયંત પાટીલે વિધાનપરિષદમાં કરી. એસઆરએ અનુસાર અનેક પ્રકલ્પોને મંજૂરી આપવામાં આવે છે. જો કે આગળ જતાં અંતરાયો આવે છે તથા ડેવલપર આખો પ્રોજેક્ટ પૂરો કરતો નથી, આવા પ્રકલ્પોની છંટણી કરીને તે અંગે નિર્ણય લેવા માટે ઝૂંપડપટ્ટી પ્રાધિકરણ પાસે મોકલવા આ સમિતિ કામ કરશે તેમ જ ઈમારતની ગુણવત્તા સંદર્ભે આ સમિતિ સૂચનો આપશે.

### સાકર કારખાનાંને મદદ

સાકર કારખાનાંમાં વર્તમાન આર્થિક સ્થિતિ સુધારવા માટે તથા આ ક્ષેત્રને વર્તમાન પરિસ્થિતિમાંથી બહાર કાઢવા માટે રાજ્ય સરકાર પ્રયત્ન કરવાની છે એવું સહકાર પ્રધાન જયંત પાટીલે જણાવ્યું હતું. સાકર કારખાનાં પાસેથી ખેડૂતોની લેણી નીકળતી રકમ એફઆરપીની રકમ સંદર્ભમાં સાકર કમિશનર પાસેથી પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. ૨૦૧૮-૧૯ પૂર્વેના ૧૫૫૭.૫૯ કરોડ રૂપિયામાંથી ૮૪ ટકા એટલે કે ૧૩૦૫.૪૪ કરોડ રકમ વસૂલ કરવામાં આવી છે. બાકીની રકમ વસૂલ કરવાની કાર્યવાહી ચાલી રહી છે.

સાકર ઉદ્યોગને પુનર્જીવિત કરવા માટે કાર્યક્ષમ કારખાનાની મદદ કરવાનું કામ રાજ્ય સરકાર કરવાની છે. આર્થિક સંકટમાં સપડાયેલા કારખાનાની પુનર્રચના કરવાનો વિચાર ચાલી રહ્યો છે.

કારણસર સીંચાઈનો ભાર લઘુ સિંચન પ્રકલ્પો પર છે. અડાણ નદી પર ત્રણ બેરેજીસ બાંધવાનો પ્રસ્તાવ છે. આમાં વિશેષ એટલે માન્યતા આપવા વિશે કાર્યવાહી કરવી, જિલ્લાના લઘુ પ્રકલ્પોની નહેરો દુરસ્તી થતાં પૂર્ણ ક્ષમતાએ સીંચાઈ થઈ આશરે પાંચ હજાર હેક્ટરક્ષેત્ર સીંચાઈ હેઠળ લાવવામાં મદદ મળશે આ બાબત લોકપ્રતિનિધિઓના ધ્યાનમાં લાવવામાં આવી. મુખ્ય પ્રધાને જિલ્લાના સીંચાઈના પ્રશ્નને ઉકેલવામાં આવશે તેમ જ જાનોરી પ્રકલ્પ સુધારિત પ્રશાસકીય માન્યતા તરત આપવા અંગે કાર્યવાહી કરવામાં આવશે એમ જણાવ્યું હતું.

બેઠકમાં આપ્યા હતા.

બુલઢાણા શહેર ખડકપૂર્ણા પાણીપુરવઠો યોજના તથા શહેરના અપૂર્ણ અવસ્થાનું નાટ્યગૃહ પૂર્ણ કરીશું એવું કહી મુખ્ય પ્રધાને કહ્યું કે શહેર પાણીપુરવઠા યોજના પૂર્ણ કરવા માટે પાણીપુરવઠા વિભાગે કાર્યવાહી કરવી. નાટ્યગૃહ બાંધકામ માટે આવશ્યક ભંડોળની જોગવાઈ કરવામાં આવે. જિલ્લામાં મંજૂર થયેલાં કામ ઝડપથી પૂર્ણ કરવામાં આવે, ખામગાંવ જાલના રેલવે માર્ગનો વિષય રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોર્ડ પાસે પ્રલંબિત છે. આ બાબતની પ્રક્રિયા ઝડપથી પૂરી કરવા માટે સરકાર સકારાત્મક છે. સિંદખેડ રાજા તથા જણાવ્યું તેમ જ ભંડારા-ગોંદિયા એકત્રિત પર્યટન ડેવલપમેન્ટ પ્લાન, ખાલી પદો ભરવા તથા રેતી ધોરણની અમલબજાવણી બાબત કાર્યવાહી કરવાની સૂચના પણ એમણે આ સમયે સંબંધિત વિભાગોને આપી.

નાગ નદીમાં છોડવામાં આવતાં નાગપુરના ખરાબ પાણીને કારણે વૈનગંગા નદીનું પાણી દૂષિત થઈ રહ્યું છે. આને કારણે ભંડારા શહેર તથા પવની તાલુકામાં કેટલાંક ગામોને દૂષિત પાણીપુરવઠો મળી રહ્યો છે. નાગપુર શહેરના વેસ્ટ વૉટર પ્રોસેસિંગ કરવા માટે આશરે ૧૫૦૦ કરોડનો પ્રોજેક્ટ ઊભો કરવાની




**યશવંતરાવ ચવ્હાણ પ્રતિષ્ઠાનના વિભાગીય નાગપુર કેન્દ્ર વતી માજી રાષ્ટ્રપતિ પ્રતિભાતાઈ પાટીલના ૮૫મા જન્મદિવસ નિમિત્તે મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે તથા વરિષ્ઠ નેતા શરદ પવારના હસ્તે નાગરી સન્માન કરવામાં આવ્યું.**

## જિગાંવ પ્રકલ્પ માટે ભંડોળ

બુલઢાણા જિલ્લાના સીંચાઈમાં વધારો કરવા માટે જિગાંવ પ્રકલ્પ પૂર્ણ થવો જરૂરી છે. આ પ્રકલ્પને પૂર્ણ કરવા માટે નિયમિત જોગવાઈ ઉપરાંત વધારાનું ભંડોળ આપવા માટે સરકાર સકારાત્મક છે. આ પ્રકલ્પના સંદર્ભમાં મંત્રાલયમાં સ્વતંત્ર બેઠક લેવામાં આવશે. પ્રકલ્પ પૂર્ણ કરવા માટે આવશ્યક અતિરિક્ત ભંડોળ માટે જળસંપદા વિભાગે પ્રસ્તાવ રજૂ કરવો એવા નિર્દેશ મુખ્ય પ્રધાને બુલઢાણા જિલ્લા સમીક્ષા લોણાર ડેવલપમેન્ટ પ્લાન પૂર્ણ કરવાની કાર્યવાહી કરવાની સૂચના પણ એમણે આપી હતી.

## ભંડારાને શુદ્ધ પાણીપુરવઠો

ભંડારા શહેર તથા પવની તાલુકાના નાગરિકોને શુદ્ધ પાણીપુરવઠો મળે એ માટે તાકીદે પર્યાયી ઉપાયયોજના કરવામાં આવશે. આ બાબતનો પ્રસ્તાવ જિલ્લાધિકારીએ સરકારને રજૂ કરવો એવું મુખ્ય પ્રધાને ભંડારા જિલ્લા સમીક્ષા બેઠકમાં કાર્યવાહી ચાલી રહી છે. ભંડારા તથા ગોંદિયા જિલ્લામાં પર્યટન વિકસાવવાની મોટા પ્રમાણમાં શક્યતા છે આથી આ બન્ને જિલ્લામાં એકત્રિત પર્યટન પ્લાન બનાવવામાં આવે, આ માટે તમામ સંબંધિત વિભાગોને સમન્વયનું કામ કરવું એવી સૂચના મુખ્ય પ્રધાને આપી. ભંડારા તથા તુમસર શહેરમાંથી પસાર થતાં હાઈ-વેને કારણે ટ્રાફિકની સમસ્યા નિર્માણ થઈ રહી છે. આ બન્ને શહેરમાં રિંગ રોડનું કામ તાકીદે થાય એ જરૂરી છે આથી આ કામને

પ્રાધાન્ય આપવામાં આવે એવી સૂચના એમણે આપી.

## ધાપેવાડા સીંચાઈ પ્રકલ્પ

ગોંદિયા જિલ્લાના ધાપેવાડા સીંચાઈ પ્રકલ્પને કારણે નવ તાલુકાનાં ૨૨૭ ગામને લાભ થવાનો છે. સીંચાઈની દૃષ્ટિએ મહત્ત્વના આ પ્રકલ્પનું કામ ગોસેખુર્દની તરજ પર પૂર્ણ કરવાની નેમ સરકાર ધરાવે છે એવું મુખ્ય પ્રધાને ગોંદિયા જિલ્લાની સમીક્ષા બેઠકમાં સ્પષ્ટ કર્યું.

જિલ્લાના ધાપેવાડા સીંચાઈ પ્રકલ્પને કારણે ૯૦ હજાર હેક્ટર પર સીંચાઈની સુવિધા થવાની છે. પ્રકલ્પ ત્વરિત પૂર્ણ કરવાના પ્રયત્નો કરવામાં આવશે. કમોસમી વરસાદ બાબતમાં મદદ, પાકનું પંચનામું, વગેરે બાબતોમાં ફરિયાદો હશે તો જિલ્લા પ્રશાસનના સ્તરે એનો તરત જ નિકાલ લાવવામાં આવશે. ગોંદિયા ખાતેની મેડિકલ કૉલેજનાં કામ નિયત કરેલા સમય પ્રમાણે કરવામાં આવશે. ગઢચિરોલીની તરજ પર જિલ્લાનાં ખાલી પદો ભરવામાં આવશે એવું એમણે જણાવ્યું હતું.

## દરિયાઇ માછીમારી અધિનિયમમાં સુધારો

એલઈડી બલ્બ તથા પર્સસિન નેટ દ્વારા થતી માછીમારી રોકવા માટે મહારાષ્ટ્ર દરિયાઈ માછીમારી નિયમન અધિનિયમ-૧૯૮૧માં કાળ અનુરૂપ ફેરફાર કરવામાં આવનારા છે તથા નવા નિયમોની કડક અમલબજાવણી કરવામાં આવશે એવી જાહેરાત પશુસંવર્ધન પ્રધાન બાળાસાહેબ થોરાતે વિધાનપરિષદમાં કરી હતી. વાવાઝોડાને કારણે નુકસાન વેઠનારા માછીમારોને પાંચ કરોડ રૂપિયાની મદદ તત્કાળ વિતરીત કરવામાં આવનારી હોઈ આવશ્યક હશે તો વધુ ભંડોળ આપવામાં આવશે એમ પણ એમણે જણાવ્યું હતું.

## ડમ્પિંગ ગ્રાઉન્ડ

કલ્યાણ-ડોંબિવલી મહાનગરપાલિકા ક્ષેત્ર અંતર્ગત આવતા આધારવાડી ડમ્પિંગ ગ્રાઉન્ડનો કચરો નાખવા સંબંધી તથા અન્ય સમસ્યા સ્થાનિક નાગરિક તથા પ્રશાસન સાથે ચર્ચા કરીને ઝડપથી ઉકેલવામાં આવનારી હોઈ રાજ્યનાં અન્ય શહેરોમાં આવી સમસ્યાઓ ઉકેલવા માટે સમિતિનું ગઠન કરવામાં આવશે એવી માહિતી નગરવિકાસ પ્રધાન એકનાથ શિંદેએ વિધાનપરિષદમાં આપી હતી.

## શિક્ષકો માટે કૅશલેસ આરોગ્ય યોજના

માન્યતા પ્રાપ્ત તથા અનુદાનિત ખાનગી, પ્રાથમિક, ઉચ્ચ માધ્યમિક અને અધ્યાપક વિદ્યાલયના ફૂલટાઈમ શિક્ષકો અને શિક્ષકેતર કર્મચારી તથા એમના પરિવારજનો માટે કૅશલેસ આરોગ્ય યોજના જલદી જ લાગુ કરવામાં આવનારી હોવાની માહિતી શાળાકીય શિક્ષણપ્રધાન શ્રી બાળાસાહેબ થોરાતે આપી હતી.

## 'સારથિ' મારફત શિષ્યવૃત્તિ યોજના

છત્રપતિ શાહુ મહારાજ સંશોધન, પ્રશિક્ષણ તથા માનવવિકાસ સંસ્થા (સારથિ) દ્વારા આપવામાં આવનારી કોઈ પણ શિષ્યવૃત્તિ રોકવામાં આવી નથી. આ યોજના ચાલુ જ રહેવાની છે એવી માહિતી અન્ય પછાત વર્ગ, સામાજિક તથા શૈક્ષણિક પછાત પ્રવર્ગ, વિજાભજ તથા વિમાપ્ર કલ્યાણપ્રધાન ડૉ. નીતિન રાઉતે આપી.

સારથિ સંસ્થા મારફત મરાઠા સમુદાયના વિદ્યાર્થીઓને સ્પર્ધા પરીક્ષાની તૈયારી માટે શિષ્યવૃત્તિ હવે પછીના સમયમાં પણ ચાલુ રહેવાની છે. આ સંબંધી આ પૂર્વે બહાર પાડવામાં આવેલું પરિપત્ર રદ કરવામાં આવ્યું છે તેમ જ આ સંસ્થાની સ્વાયત્તતાનો અંત લાવવાનો અથવા મરાઠા, કુણબી, કુણબી મરાઠા સમાજના વિદ્યાર્થીઓનાં હિતોના કલ્યાણકારી ઉપક્રમો પર બંદી લાવવાનો સરકારનો કોઈ હેતુ નથી. સંસ્થાનું કામકાજ સરકારી નિયમો અનુસાર થવું જોઈએ તથા મરાઠા સમાજના યુવાનોને યોજનાઓના લાભ મળવા જોઈએ એ માટે સરકાર પ્રયત્નશીલ છે.

**ટીમ લોકરાજ્ય**




## રોજગારની તકો વધારવામાં આવશે

સરકારી નોકરીઓમાં વિદર્ભ તથા કોંકણના યુવાનોનો વધુમાં વધુ સમાવેશ થાય એ માટે એમને સ્પર્ધા પરીક્ષાનું પ્રશિક્ષણ આપવા બાબત રાજ્ય સરકાર સકારાત્મક છે. એ માટે કાળબદ્ધ કાર્યક્રમ ઘડવામાં આવશે એવું ઉદ્યોગ પ્રધાન સુભાષ દેસાઈએ જણાવ્યું હતું.

## વિના અનુદાનિત શાળાઓને અનુદાન

કાયમ વિના અનુદાનિત શાળાઓને અનુદાનની રકમ આપવા માટે અગાઉનાં પ્રચલિત અનુદાન ધોરણો અમલમાં લાવવા બાબત સરકાર વિચારી રહી છે અને ટૂંક સમયમાં આ બાબતે પ્રધાનમંડળની બેઠકમાં નિર્ણય લેવામાં આવશે એવી માહિતી શાળાકીય શિક્ષણપ્રધાન બાળાસાહેબ થોરાતે વિધાનપરિષદમાં આપી.



## હૉસ્ટેલનો બૃહદ પ્લાન

આદિવાસી વિદ્યાર્થીઓની હૉસ્ટેલની સમસ્યા ઉકેલવા માટે વિસ્તૃત પ્લાન બનાવવામાં આવશે તથા અનૂસૂચિત જાતિ તથા જમાતોની યોજના પર કેન્દ્ર તથા રાજ્ય સરકાર પાસેથી ઉપલબ્ધ થનારું ભંડોળ સો ટકા ખર્ચ કરવા માટે કર્ણાટક તથા તેલંગણ રાજ્યની તરજ પર કાયદો ઘડવાની માહિતી આદિવાસી વિકાસપ્રધાન ડૉ. નીતિન રાઉતે વિધાનપરિષદમાં આપી. આ સંબંધી લક્ષવેધી સૂચના સદસ્ય રવીન્દ્ર ફાટકે રજૂ કરી હતી.



# એકમેવદ્વિતીય

**શિવસેનાપ્રમુખ બાળાસાહેબ ઠાકરે મહારાષ્ટ્રના એક ઉત્તુંગ અને બાહોશ વ્યક્તિત્વ, ઉત્કૃષ્ટ વ્યંગચિત્રકાર, ઉત્કૃષ્ટ વક્તા, ગરીબ જનતા માટે હંમેશાં સામે ચાલીને મદદ કરનારા નેતા હતા. સત્તામાં ક્યારે પણ સીધો ભાગ લીધો નહીં, પરંતુ લોકોના પ્રશ્નો માટે લડવાનો એમનો સ્વભાવ હતો. દેશના અનેક મુદ્દા પર એમણે લીધેલી રોકટોક ભૂમિકા કેવળ મહારાષ્ટ્રના જ નહીં તો દેશના અનેક નેતાઓને આંચકો આપનારી હતી. શિવસૈનિકો અથવા અનેક લોકો માટે એ પ્રેરક હતા. એક ઝંઝાવાતી નેતૃત્વ તરીકે એમની તરફ જોવામાં આવે છે.**

**નિખિલ પંડિતરાવ**

**૨૩ જાન્યુઆરી જયંતી વિશેષ**

**શિવસેનાપ્રમુખ** બાળાસાહેબ ઠાકરેએ ૧૯ જૂન, ૧૯૬૬ના 'શિવસેના' પક્ષની સ્થાપના કરી. પક્ષની સ્થાપનાથી જ એમણે શિવસેના પક્ષમાં આવનારા કાર્યકર્તાઓને 'શિવસૈનિક'ની ઉપાધિ આપી. છત્રપતિ શિવાજી મહારાજના સમયમાં એમના સૈનિકોને છત્રપતિ શિવાજી મહારાજના માવળે કહેતા એ જ રીતે એમણે 'શિવસૈનિક' એવી ઉપાધિ આપીને કાર્યકર્તાઓમાં સમાજના હિત માટે સમાજસેવા કરવાની જ્યોત સતત પ્રજ્વલિત રાખી. આ જ્યોત સતત પ્રજ્વલિત રાખવામાં શ્રી ઠાકરેનું અપ્રતિમ વક્તૃત્વ મોટો ભાગ હતો. એમની વક્તૃત્વકળા પણ જન્મજાત હતી. જનતા સાથે સીધો સંવાદ સાધવાની એમની શૈલી અને ભાષણનું સ્વયંભૂતા શિવસૈનિકોને જોશ આપનારું હતું. અવાજનો લય અને બોલવાની નાટ્યશૈલીને લીધે સભામાં મોટા પ્રમાણમાં શિવસૈનિકો સાંભળવા આવ્યા હોવા છતાંય બધા શિવસૈનિકો સ્તબ્ધ બનીને સાંભળતાં અને નવી પ્રેરણા લઈને જ સભામાંથી બહાર નીકળતા. એ જ એમની મોટી શક્તિ.

## ખોટી વાત પર પ્રહાર

સમાજની ખોટી વાતો પર પ્રહાર કરવા માટે અને સારી વાતોની પાછળ ઊભા રહેવા માટે એ શિવસૈનિકોને મદદ કરતા. એમનાં ભાષણો એક નવી ઠાકરે શૈલી તરીકે એ પરિચિત થઈ. શ્રી ઠાકરેનાં આ ભાષણોમાં એમનામાં છુપાયેલો એક કાર્ટૂનિસ્ટ પણ કાયમ બહાર ડોકાવતો રહ્યો. એમણે ગજાવેલી તમામ સભાનાં ભાષણ પાછળ એક કાર્ટૂનિસ્ટની કળા હતી. આ કળાના માધ્યમથી એ ચાબખાં મારતાં. કાર્ટૂનની દુનિયાથી એમણે અનેકોને ચૂંટિયા ભર્યા તો અનેકોની પાછળ પણ એ જુસ્સાભેર ઊભા રહ્યા. જ્યેષ્ઠ અભિનેતા અમિતાભ બચ્ચનને 'કુલી' ફિલ્મ વખતે ઈજા થઈ એ સમયે અમિતાભ હૉસ્પિટલમાં હતા ત્યારે યમને ઉદ્દેશીને 'આ હૉસ્પિટલ તરફ ફરકતો નહીં' એવું કાર્ટૂન શ્રી ઠાકરેએ દોર્યું અને એમાંથી એમનો શ્રી બચ્ચન માટે કેટલો સ્નેહસંબંધ હતો એ બતાવી આપ્યું.

## ભાષા અને રેખા પર પ્રભુત્વ

ભાષા અને રેખા આ બન્ને પર પ્રભુત્વ મેળવનારા નેતા તરીકે પણ એ તમામને પરિચિત છે. દરેક શિવસૈનિકો માટે શ્રી ઠાકરે એટલા જ નજીકના. એમનું મુંબઈનું 'માતોશ્રી' નિવાસસ્થાન તો શિવસૈનિકો માટે પોતાના હકનું ઘર હતું. એમનું મન આકાશ જેટલું મોટું તથા દિલદારી પણ એમણે પોતાની દરેક કૃતિમાંથી દેખાડી આપી. શ્રી ઠાકરેની એમના પિતા પ્રબોધનકાર કેશવ ઠાકરે સાથે તુલના કરવામાં આવતી. શિવસેનાપ્રમુખ બાળાસાહેબ ઠાકરે પર એમનો પ્રભાવ હતો જ. ફરક માત્ર એટલો જ હતો કે પ્રબોધનકાર ઠાકરે પાસે નક્કર વિચાર હતો, પરંતુ આ વિચાર પાછળ પાક્કું સંગઠન ઊભું કરતાં એમને આવડ્યું નહીં. માત્ર બાળાસાહેબ ઠાકરેએ નક્કર વિચાર તો આપ્યો ઉપરાંત એ માટે મોટું સંગઠન ઊભું કરીને સમાજનું પીઠબળ પણ એમણે મેળવ્યું.

## રોકડું પરખાવતાં

રાષ્ટ્ર અથવા સમાજના અસ્મિતાના પ્રશ્નો પર સ્પષ્ટ ભૂમિકા એ લેતા. દેશના દિગ્ગજ નેતાઓમાં જે પદ્ધતિનું સંગઠન નેતૃત્વ હતું એ જ પદ્ધતિનું સંગઠન નેતૃત્વ એમણે ઊભા કરેલા 'શિવસેના'માં જોવા મળે છે. એ જ સંગઠન નેતૃત્વ એમની હમણાંની પેઢી મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે અને પ્રધાન આદિત્ય ઠાકરેમાં પણ દેખાઈ આવે છે.

સમાજના ઉપેક્ષિત વર્ગની મદદ માટે એમણે હંમેશાં જ આગળ પડતો ભાગ લીધો છે. મુંબઈમાં ગરીબો માટે પહેલી વાર મોબાઈલ તબીબી સેવા કેન્દ્ર શરૂ કર્યું. એનો લાભ અનેક ગરીબ નાગરિકોને થયો. રાષ્ટ્રીય સંકટ અથવા ભૂકંપ જેવી આફતોમાં પહેલી મદદ લઈને શિવસૈનિકો જ નીકળતા. આ એમની આત્મીયતાનું પ્રતીક હતું. એમની દૂરદૃષ્ટિને લીધે જ આજે મુંબઈમાં વિકાસ જોવા મળે છે. છત્રપતિ શિવાજી મહારાજના ધોરણ અનુસાર કામ કરવું એ એમનો શ્વાસ હતો જ, પણ એમણે સત્તા પર આવ્યા પછી એ કરીને પણ દેખાડ્યું. વાહનવ્યવહાર સેવા સુધારવામાં આવે તો વિકાસના નવા પર્વ અવતરસે એવું એમનું માનવું હતું. એ ધોરણ અનુસાર જ એમણે રાજ્યમાં યુતિની સરકાર આવ્યા પછી એ દિશામાં અનેક કામ શરૂ કર્યાં. વિકાસની એમાંથી જ શરૂઆત થઈ.

સિંધુદુર્ગ જિલ્લાનો એક કિસ્સો હંમેશાં કહેવામાં આવે છે. સિંધુદુર્ગમાં એક ગામની વાડીમાં પાકો રસ્તો ન હોવાથી એકનું મૃત્યુ થયું. એને ઉપચાર માટે લઈ જવા વાહનવ્યવહારનાં સાધનો નહોતાં. એ સમયે શ્રી ઠાકરેએ પોતે ઉપયોગમાં લેતા એ કાર એ માટે મોકલી આપી. આવી ઘટનામાંથી વાનવ્યવહારનું મહત્ત્વ ધ્યાનમાં લઈને એમણે વિકાસ માટેના પ્રયત્ન કર્યા.

## પ્રેમ અને વિશ્વાસ

પ્રેમ અને વિશ્વાસના સંબંધ પર એમણે શિવસૈનિકો સાથે નાતો જોડ્યો હતો. દક્ષિણ ભારતમાં જે રીતે નેતાઓને ઘરના મંદિરમાં સ્થાન આપવામાં આવે છે એવું સ્થાન મહારાષ્ટ્રમાં શ્રી ઠાકરેને મળ્યું. શિવસૈનિકોના તો એ શ્રદ્ધાસ્થાન હતા જ, પણ જવાનો માટેના એમનાં જોશભેર વાક્યો આજે પણ જવાનોને બળ આપે છે. ૧૦૦ દિવસ જેલમાં રહી આવ્યા બાદ એમણે ત્યાંની યાદોને આધારે કાર્ટૂનો દોરીને અનેક વાતો સમાજ સામે આણી અને પોતાની ભૂમિકા રજૂ કરી.

વિકાસના આધારસ્તંભ તરીકે શ્રી ઠાકરે અને શિવસેના તરફ જોવામાં આવે છે. શિવસૈનિકોએ શ્રી ઠાકરેના વિચારોમાંથી જ રાજ્યનાં ગામ-વાડાઓ સુધી વિકાસકામો કર્યાં. ૮૦ ટકા સમાજકારણનું એમનું ધ્યેય શિવસૈનિકોએ પ્રત્યક્ષમાં અમલમાં આણ્યું છે. માણસના જીવવા સાથે સંબંધિત દરેક જરૂરિયાત શિવસૈનિકોએ પહેલ કરીને એ મદદ મેળવી આપી. આમાં ચશ્માંથી લઈને પેન કાર્ડ, રેશન કાર્ડ સુધી બધું જ ગરીબ જનતા માટે ઉપલબ્ધ કરી આપ્યું. એક રૂપિયામાં ઝૂણકા-ભાખરની સંકલ્પના શ્રી ઠાકરેએ રાજ્યમાં યુતિની સરકાર થયા બાદ અમલમાં આણી અને ખરા અર્થમાં ઉપેક્ષિત, મહેનતુ, દૂબળા લોકોનાં પેટને અન્ન મેળવી આપ્યું. આ માટે એમણે દરેક સ્થળે આ કેન્દ્ર શરૂ કર્યાં, ઉપેક્ષિત વર્ગને અન્ન મળશે એવી વ્યવસ્થા ઊભી કરી. એમાંથી ગરીબ જનતામાં મદદની ભાવના દૃઢ થઈ.

## પ્રેરણા

સમાજકારણ, જનસેવા, અન્યાય અને અત્યાચાર વિરુદ્ધ લડવું એવી પ્રેરણા એમણે દરેક શિવસૈનિકોને આપી. સમાજના સામાન્ય કુટુંબની વ્યક્તિઓને એમણે રાજકારણમાં સક્રિય કરી. એમને માનનું સ્થાન આપ્યું. શિવસેનાના અનેક નેતાઓ આવી ગરીબીમાંથી ઉપર આવ્યા છે. શિવસૈનિકોની રાજકીય શક્તિ ઓળખીને એમને મોટા કરવાનો કીમિયો શ્રી ઠાકરેએ કર્યો. એ જ નેતા આજે પ્રધાનમંડળમાં હોવાથી જનતાની સેવા પણ કરે છે. કળા, સાંસ્કૃતિક, નાટ્ય અને ફિલ્મ એવાં બધાં ક્ષેત્રમાં એમણે પોતાનો ઠસ્સો રાખ્યો છે. એમણે આ સર્વ ક્ષેત્રમાં પણ પોતાનો એક અલગ ચાહતવર્ગ તૈયાર કર્યો. કલાકારો પર એમણે અત્યંત પ્રેમ કર્યો ને આ કલાકારોની કાબેલિયતને પણ દાદ આપી. બધાં જ ક્ષેત્રોમાં પોતાનો ઠસ્સો ઉપસાવનારા નેતા એટલે જ શિવસેનાપ્રમુખ બાળાસાહેબ ઠાકરે જ. એટલે જ એમને બહુમુખી નેતા તરીકે મહારાષ્ટ્રની જનતા આજે પણ યાદ કરે છે અને આ પછી પણ યાદ કરશે.

**નિવાસી સંપાદક, સકાળ, કોલ્હાપુર**

## ડિસેમ્બર મહિનાની મહત્ત્વની ઘટનાઓની સમીક્ષા




મહારાષ્ટ્ર પોલીસ પ્રબોધિનીમાં ૧૧૭માં દીક્ષાંત સંચાલનમા માનવંદના સ્વીકારતા મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે.

### પોલીસ પ્રબોધિની દીક્ષાંત સમારંભ

મહારાષ્ટ્ર પોલીસ પ્રબોધિની, નાસિક ખાતે પ્રશિક્ષણાર્થી પોલીસ ઉપનિરીક્ષક સત્ર ક્ર. ૧૧૭નું દીક્ષાંત સંચાલન મુખ્ય પ્રધાન શ્રી ઉદ્ધવ ઠાકરેની પ્રમુખ ઉપસ્થિતિમાં સંપન્ન થયું. આ સમારંભમાં ગૃહ પ્રધાન એકનાથ શિંદે, પોલીસ મહાસંચાલક સુબોધકુમાર જયસ્વાલ, મહારાષ્ટ્ર પોલીસ પ્રબોધિનીનાં સંચાલિકા અશ્વતી દોરજે આદિ ઉપસ્થિત હતાં.

સક્ષમ સમાજ ઘડવા માટે પ્રામાણિકતાથી આપણું કર્તવ્ય કરવું, કઠોર મહેનત બાદ મળેલા ગણવેશને ભ્રષ્ટાચારમુક્ત રાખી ચારિત્ર્ય પર કોઈ પણ કલંક લાગે નહીં એની કાળજી લેવી, એવું પ્રતિપાદન રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી ઉદ્ધવ ઠાકરેએ કર્યું. મુખ્ય પ્રધાનના હસ્તે પ્રશિક્ષણ દરમિયાન ઉત્તમ કામગીરી કરનારા અધિકારીઓને પારિતોષિક એનાયત કરવામાં આવ્યાં. સંતોષ કામટેને સર્વોત્કૃષ્ટ પ્રશિક્ષણાર્થી 'સ્વોર્ડ ઑફ ઓનર' અને 'બેસ્ટ કૅડેટ ઈન્ડોર સ્ટડીઝ' (સિલ્વર બેટન)થી સન્માનિત કરવામાં આવ્યા. અહિલ્યાબાઈ હોળકર કપ બેસ્ટ બૉલ ઑલ રાઉન્ડ વુમેન કૅડેટ અને સેકન્ડ બેસ્ટ ટ્રેઈની ઑફ દ બેચ વિજય પવાર, બેસ્ટ કૅડેટ ઈન આઉટડોર (ગોલ્ડ કપ) સાગર સાબળેને એનાયત કરવામાં આવ્યો.

### અનાજ ઉત્પાદન કરનારા ખેડૂતોને અનુદાન

અનાજ ઉત્પાદન કરનારા ખેડૂતોને સાંત્વના તરીકે સરકાર તરફથી પ્રતિ ક્વિન્ટલ ૫૦૦ રૂપિયાનું અનુદાન આપવામાં આવશે.

૨૦૧૯-૨૦ની વાવણીના અનાજ ઉત્પાદકો માટે કેન્દ્ર સરકારે લઘુત્તમ મૂળ કિંમત નિશ્ચિત કરી છે તેમ જ અનાજ ઉત્પાદનખર્ચમાં વધારો નોંધાયો છે એથી ખેડૂતોને દિલાસો આપવો આવશ્યક હતો. એ અનુસાર રાજ્યના અનાજ ઉત્પાદન કરનારા ખેડૂતોને પચાસ ક્વિન્ટલની મર્યાદામાં પ્રતિક્વિન્ટલ ૫૦૦ રૂપિયા પ્રોત્સાહન અનુદાન આપવાનો પ્રસ્તાવ હતો. આ પ્રસ્તાવને મુખ્ય પ્રધાને મંજૂરી આપી છે એથી રાજ્યના અનાજ ઉત્પાદક ખેડૂતોને ૨૦૧૯-૨૦ના પણન (માર્કેટિંગ) હંગામમાં મોટું આશ્વાસન મળશે.

### ચૂંટણી માટે ૧૯૦ મુક્ત ચિહ્નો

રાજ્ય ચૂંટણી આયોગમાં કુલ ૨૬૦ રાજકીય પક્ષોની નોંધણી થઈ હોઈ એમાંથી ૧૬ માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષો હોઈ એમનાં ચૂંટણી ચિહ્નો આરક્ષિત છે. વધારાના ૨૪૪ નોંધણીકૃત રાજકીય પક્ષ તેમ જ અપક્ષ ઉમેદવારો માટે રાજ્ય ચૂંટણી આયોગે હવે ૪૮ ને બદલે ૧૯૦ મુક્ત ચિહ્નો નક્કી કર્યાં છે એવી માહિતી રાજ્ય ચૂંટણી આયુક્ત યુ.પી.એસ. મદાને આપી.

રાજ્યની ગ્રામપંચાયતો સિવાય અન્ય સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ પક્ષીય સ્તરે લડાવવામાં આવે છે. એ માટે સંબંધિત રાજકીય પક્ષએ રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધણી કરાવવી બંધનકારક હોય છે. ભારત ચૂંટણી આયોગ તરફથી માન્યતા પ્રાપ્ત પક્ષએ રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધણી કરાવતાં સંબંધિત પક્ષનું ચૂંટણીચિહ્ન સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી માટે પણ આરક્ષિત કરવામાં આવે છે. રાજ્ય ચૂંટણી આયોગમાં આવા કુલ ૧૬ પક્ષોએ નોંધણી કરાવી છે. એમાં છ રાષ્ટ્રીય, બે મહારાષ્ટ્રના રાજ્યસ્તરીય તો આઠ અન્ય રાજ્યોમાંના રાજ્યસ્તરીય રાજકીય પક્ષોનો સમાવેશ છે. વધારાના ૨૪૪ નોંધણીકૃત રાજકીય પક્ષો છે. એમના માટે કોઈ પણ ચૂંટણીચિહ્ન આરક્ષિત હોતું નથી. આ બધું મળીને અત્યાર સુધી આયોગ પાસે કુલ ૨૪૪ રાજકીય પક્ષોની નોંધણી થઈ છે.

આયોગની ૧૮ જાન્યુઆરી, ૨૦૧૭ની અધિસૂચનાનુસાર ૪૮ મુક્ત ચિહ્નો નક્કી કરવામાં આવ્યાં હતાં. એમાં હવે ૩૦ નવેમ્બર, ૨૦૧૯ની અધિસૂચનાનુસાર ૧૪૨ નવાં ચિહ્નોનો વધારો કરવામાં આવ્યો છે. એથી આ સંખ્યા હવે ૧૯૦ થઈ ગઈ છે.

## વન્યપ્રાણીઓ માટે ડીએનએ પ્રયોગશાળા

વન્યપ્રાણીઓની ડીએનએ પરીક્ષણ કરવા માટે રાજ્યના વનવિભાગે પોતાની પ્રયોગશાળા નિર્માણ કરવાનો નિર્ણય લીધો છે. આવી પ્રયોગશાળા ઊભી કરનારો વનવિભાગ દેશમાં પ્રથમ છે.

**માનવ વન્યજીવ સંઘર્ષમાં વિશેષતઃ** જ્યારે મનુષ્ય મૃત્યુની બીનાઓ બને છે ત્યારે આ ઘટનાઓ માટે કારણ બનનારાં પ્રાણીઓને ઓળખી કાઢી એમને બંધક બનાવવા અત્યંત મહત્ત્વપૂર્ણ બની રહે છે. અત્યાર સુધી આવાં વન્યપ્રાણીઓને ઓળખી કાઢવા માટે પગલાંનાં નિશાનો અથવા શરીર પરનાં ટપકાં-પટ્ટાનો ઉપયોગ થતો હતો. હવે પ્રાણીઓને નિશ્ચિત રીતે ઓળખી કાઢવા માટે ડીએનએ પરીક્ષણ કરવું જરૂરી બનતું હોવાની બાબત ધ્યાનમાં લઈ વનવિભાગ પોતાની પ્રયોગશાળા ઊભી કરશે.

હાલની સ્થિતિમાં ડીએનએ પરીક્ષણ કરવા માટેના નમૂનાઓ (હૈદરાબાદ) અને ભારતીય વન્યજીવ સંસ્થાન (દેહરાદૂન) ખાતે મોકલવામાં આવે છે. આ પરીક્ષણનું પરિણામ મેળવવા માટે અનેક મહિનાઓ સુધી રાહ જોવી પડે છે. દરમિયાન માનવ વન્યજીવ સંઘર્ષમાં કારણ બનનારાં પ્રાણીની ચોક્કસ ઓળખ નક્કી ના થવાથી વન્યજીવ સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ની કલમ ૧૧ અને રાષ્ટ્રીય વ્યાઘ્રસંવર્ધન પ્રાધિકરણની માર્ગદર્શક સૂચનાનુસાર પ્રાણીને બંધક બનાવવાનો આદેશ કાઢવામાં અંતરાય નિર્માણ થાય છે. ડીએનએ પરીક્ષણનું પરિણામ જલદી પ્રાપ્ત થાય એ માટે વનવિભાગમાં સ્વતંત્ર ડીએનએ પરીક્ષણ પ્રયોગશાળા સ્થાપિત કરવી અત્યંત જરૂરી બને છે.

## 'કદાચિત અજૂન હી' કાવ્યસંગ્રહને સાહિત્ય અકાદમી પુરસ્કાર

પ્રસિદ્ધ મરાઠી કવયિત્રી અનુરાધા પાટીલના 'કદાચિત અજૂન હી' કાવ્યસંગ્રહને વર્ષ ૨૦૧૯નો સર્વોત્કૃષ્ટ મરાઠી કળાકૃતિનો સાહિત્ય અકાદમી પુરસ્કાર જાહેર થયો.

■■

## વનેતર ક્ષેત્રના વૃક્ષાચ્છાદનમાં મહારાષ્ટ્ર દેશમાં પ્રથમ

કેન્દ્ર સરકારે પ્રસિદ્ધ કરેલા ભારતીય વન સર્વેક્ષણ અહેવાલ ૨૦૧૯ અનુસાર મહારાષ્ટ્રનું વનેતર ક્ષેત્ર વૃક્ષાચ્છાદન ૨૦૧૭ની તુલનાએ ૯૮૩૧ ચોરસ કિલોમીટરથી વધી ૨૦૧૯માં ૧૦,૮૦૬ ચોરસ કિલોમીટર જેટલું થયું છે. આ વધારો ૯૭૫ ચોરસ કિલોમીટર છે. વનેતર ક્ષેત્રના વૃક્ષાચ્છાદનમાં મહારાષ્ટ્ર દેશમાં પ્રથમ ક્રમાંક પર છે. રાજ્યના વનાચ્છાદનમાં પણ ૯૬ ચોરસ કિલોમીટર વધારો નોંધવામાં આવ્યો છે.

દેશના વનક્ષેત્ર અને વૃક્ષાચ્છાદન બાબત ભારતીય વન સર્વેક્ષણ અહેવાલ દર બે વર્ષે પ્રસિદ્ધ થાય છે. ૨૦૧૭થી ૨૦૧૯ સુધીનો વનસ્થિતિ અહેવાલ હાલમાં જ પ્રસિદ્ધ થયો હોઈ એમાં માહિતી આપવામાં આવી છે.

**કાંદળવન ક્ષેત્રમાં ૧૬ ચોરસ કિલોમીટરનો વધારોઃ**

રાજ્યના કાંદળવન ક્ષેત્રમાં ૧૬.૨૭ ચોરસ કિલોમીટરનો વધારો થયો હોવાનું આ અહેવાલમાં નોંધવામાં આવ્યું છે. આ વધારો મુખ્યત્વે રાયગઢ, મુંબઈ ઉપનગર, થાણે, રત્નાગિરિ અને સિંધુદુર્ગ જિલ્લામાં છે. મહારાષ્ટ્ર આમાં દેશમાં દ્વિતીય ક્રમાંક પર છે. ૨૦૧૪થી ૨૦૧૯ના સમયગાળામાં ૧,૪૭,૮૧૪ હેક્ટર ક્ષેત્ર નૂતન આરક્ષિત વનક્ષેત્ર તરીકે જાહેર કરવા માટે મહારાષ્ટ્રનો વિશેષ ઉલ્લેખ ભારતીય વન સર્વેક્ષણ અહેવાલમાં કરવામાં આવ્યો છે. પર્યાવરણ સમતોલ અને સંરક્ષણની દૃષ્ટિએ મહારાષ્ટ્રની મજબૂત કામગીરીની નોંધ આ અહેવાલમાં લેવામાં આવી છે.



**નાવીન્યપૂર્ણ ઉપક્રમોની નોંધઃ**

મહારાષ્ટ્રના વન અને વન્યજીવ સંરક્ષણ અને સંવર્ધન માટે ઉપયોગમાં લેવામાં આવેલી તંત્રજ્ઞાન સુવિધાઓનો અહેવાલમાં અગત્યતાપૂર્ણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. 'માય પ્લાન્ટ ઍપ', 'મહારાષ્ટ્ર હરિતસેના', 'હેલ્લો ફોરેસ્ટ ૧૯૨૬' અને વનીકરણ માટે વિવિધ વર્ગનો સહભાગ જેવા નાવીન્યપૂર્ણ ઉપક્રમોની માટેની વિશેષ નોંધ અહેવાલમાં અગત્યતાપૂર્ણ રીતે લેવામાં આવી છે.

राज्यना हितमां अनेक योजनाने प्रधानमंडळमां सौथी पहेला मंजूरी आपवामां आवे छे एवा निर्णयोनी विस्तृत समीक्षा...

# प्रधानमंडळमां नक्की थयुं...

## समृद्धि महामार्ग

महाराष्ट्र समृद्धि महामार्ग माटे विशेष ३५०० करोड रुपियानुं भंडोळ शॅरमूडी तरीके आपवानो निर्णय प्रधानमंडळनी बेठकमां लेवामां आव्यो. एथी महामार्ग माटेना ऋण परनुं व्याज २५०० करोड रुपिया जेटलुं ओछुं थशे तेम ज १६,५०० करोड रुपियाना ऋण माटे हकार आपवानी जरूर पडशे नहीं. आ संबंधे महामार्गना मंजूर वित्तीय तख्ताने बदलवानी मंजूरी आपवामां आवी छे.

महाराष्ट्र समृद्धि महामार्गनी सुधारित किंमत ५५.३३५ करोड रुपिया जेटली होई आ प्रकल्प माटे अत्यार सुधी २४ हजार ५०० करोड रुपिया जेटली रकमनुं करज विशेष उद्देशवाहन (NMSCEW Ltd.) मंजूर थयुं छे. हालनी स्थितिमां महाराष्ट्र राज्य मार्ग विकासमंडळे ३५०० करोड रुपिया, राज्यना सार्वजनिक उपक्रमोने ५५०० करोड रुपिया, पेटा-कंपनी खनिज शुल्कने माफी पेटे (रॉयल्टी) २४१४ करोड रुपिया, बांधकाम समयगाळामां ऋण परना व्याजपेटे ६३९६ करोड रुपिया अने जग्यानी किंमतपेटे ९५२५ करोड रुपिया एवा २७ हजार ३३५ करोड रुपिया सरकारनी शॅरमूडी छे. जेटलुं करज ओछुं एटली आ प्रकल्पनी आर्थिक सरळता रहेशे, ए माटे सरकारे ३५०० करोड रुपिया निधि शॅरमूडी तरीके आपवानो निर्णय लीधो.


## वित्तीय करारोने मुद्रांक शुल्क माफ

महाराष्ट्र समृद्धि महामार्ग प्रकल्प माटे विविध वित्तीय संस्था तेम ज महाराष्ट्र राज्य मार्ग विकास महामंडळ अने नागपुर-मुंबई सुपर कम्युनिकेशन एक्सप्रेस वे लिमिटेड दरमियान करवामां आवेला वित्तीय करारनी नोंधणी माटे मुद्रांक शुल्क आकारवा माटे छूट आपवानो निर्णय प्रधानमंडळमां लेवामां आव्यो. नोंधणी अधिनियम १९०८नी तजवीज अनुसार नोंधणी शुल्कमां छूट आपवामां आवशे.

## आकस्मिकता निधिनी मर्यादामां वधारो

महाराष्ट्र आकस्मिकता निधिनी मर्यादामां वधारो करी ५ हजार ३५० करोड रुपिया जेटलुं भंडोळ उपलब्ध करी आपवा माटे प्रधानमंडळनी बेठकमां मंजूरी आपवामां आवी.

महाराष्ट्र राज्यनो आकस्मिकता निधि मुंबई आकस्मिकता नियम १९५६ अन्वये स्थापन करवामां आव्यो छे. एनी कायम स्वरूपी मर्यादा




**नियोजित द्विगति महामार्गनी लंबाई ७१० किलोमीटर. वेगमर्यादाः कलाकनी १५० किलोमीटर. प्रवासनो समय मात्र छ कलाक**

૧૫૦ કરોડ છે. આ કાયમ સ્વરૂપી મર્યાદામાં તાત્કાલિક કારણોને લીધે વખતોવખત કામચલાઉ વધારો કરવો પડે છે. ગત ખરીફ પાકમાં રાજ્યમાં વળતાં માવઠાંને કારણે તેમ જ કરા અને મહા વાવાઝોડાને કારણે કૃષિ પાકનું બહોળા પ્રમાણમાં નુકસાન થયું. મુખ્યત્વે ભાત, જુવાર, બજારો, મકાઈ, મગફળી, સોયાબીન, તુવેર, કપાસ, ભાજી, ફળોને મોટા પ્રમાણમાં નુકસાન થયું.

આ નિર્ણયને કારણે નુકસાનગ્રસ્ત ખેડૂતોને તાત્કાલિક મદદ કરવા માટે ૫ હજાર કરોડ અને ન્યાયાલયીન પ્રકરણો માટે ૩૫૦ કરોડ જેટલો નિધિ અગાઉથી ઉપલબ્ધ કરી આપવો શક્ય થવાનું નથી.

## ગેરકાયદે ઉત્ખનન સામે કાર્યવાહી

પેટા-કંપનીઓના અમાન્ય ખનિજ ઉત્ખનન અને વહન પર અસરકારક અંકુશ મૂકવા માટે જિલ્લાધિકારીઓએ અધિકૃત કરેલા કોઈ પણ મહેસૂલ અધિકારીને હવે અધિકાર આપવાના વટહુકમનું અધિનિયમમાં રૂપાંતર કરવા માટે પ્રધાનમંડળે મંજૂરી આપી હોઈ આ વટહુકમ આગામી અધિવેશનમાં વિધિમંડળમાં રજૂ કરવામાં આવશે.

હાલ મહારાષ્ટ્ર જમીન મહેસૂલસંહિતા ૧૯૬૬ની કલમ ૪૮માં ખાણ અને ખનિજ પરના શાસકીય માલિકી હક્ક બાબતની તજવીજ છે. એની પેટા કલમ (૮) અનુસાર તહેસીલદાર કરતાં ઓછા દરજ્જાના અધિકારીને અમાન્ય ખનિજ ઉત્ખનન અને વહન પર અંકુશ મૂકવા માટે યંત્રસામગ્રી અને વાહનો જપ્ત કરવા માટે સંબંધિત વ્યક્તિ તરફથી ન્યાયાલયમાં પડકારવામાં આવતા હતા એથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

હાલની પરિસ્થિતિમાં તહેસીલદાર કરતાં ઓછા દરજ્જાના કોઈ પણ મહેસૂલી અધિકારીએ અનઅધિકૃત રીતે પેટા-કંપનીઓના ખનિજ ઉત્ખનન માટે વપરાયેલી યંત્રસામગ્રી ને સાધનસામગ્રી તાબામાં લેવી અથવા તો એને સરકાર જમા કરાવવી એવી કારવાઈ કલમ (૮)ના ખંડ(૧)ની તજવીજ વિરોધી ગણાય છે. પેટા-કંપનીઓના ગેરકાયદેસર ખનિજ ઉત્ખનન અને એના વહન પર અંકુશ મૂકવા માટે પેટા કલમ (૮)ના ખંડના તહેસીલદારના દરજ્જા કરતાં ઓછા દરજ્જાના ના હોય એવા જેવા શબ્દો અવગણી શકાય એ માટે આ સુધારો કરવો આવશ્યક હતો. આ સુધારાને પ્રધાનમંડળમાં મંજૂરી આપવામાં આવી.

## જનતાના પ્રશ્નોની સારી એવી જાણ હોય એવી 'બેસ્ટ ટીમ'

જનતાના પ્રશ્નોની જાણ હોય એવા અનુભવી અને શ્રેષ્ઠ નેતા રાજ્ય પ્રધાનમંડળમાં હોવાથી આ એક બેસ્ટ ટીમ છે એવા શબ્દોમાં મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ પ્રધાનમંડળના વિસ્તાર બાદ થયેલી પ્રધાનમંડળની પહેલી બેઠકમાં પોતાની ભાવના વ્યક્ત કરી હતી.

અહીં ભિન્ન વિચારધારાના પક્ષો એકત્ર થયા હોવા છતાં આપણને લોકોએ ચૂંટ્યા હોવાથી એમના પ્રશ્નોના ઉકેલ માટે આપણે બધા એક છીએ. એક કુટુંબ તરીકે આપણે અહીં કામ કરવાનું છે. કોઈ મુદ્દે આપણા વિચારો અલગ અલગ હોય તો પણ રાજ્યના હિતનું શું એનો વિચાર આપણે કરવાનો છે. આપણી આ બેસ્ટ ટીમ દરેક મુકાબલો જીતશે જ અને રાજ્યને અધિક પ્રગતિના પંથે લઈ જશે એવો વિશ્વાસ મુખ્ય પ્રધાને વ્યક્ત કર્યો.

## અધિસંખ્ય પદ

અનુસૂચિત જમાતનું જાતિ માન્યતા પ્રમાણપત્ર રજૂ ન કરવાને કારણે સેવા સમાપ્ત થનારા અને આ પહેલાં સેવા સમાપ્ત કરવામાં આવેલા અંદાજે ૫૨૯૮ અધિકારી અને કર્મચારીઓની સંખ્યા જેટલાં મહત્તમ પદ નિર્માણ કરી એમને માનવતાવાદી દૃષ્ટિકોણથી કામચલાઉ સ્વરૂપે ૧૧ મહિા માટે નિમણૂક કરવાનો નિર્ણય પ્રધાનમંડળે લીધો. તમામ પ્રશાસકીય વિભાગોએ ખુદ અને એના આધિપત્ય હેઠળના શાસકીય-અર્ધશાસકીય કાર્યાલયના અનુસૂચિત જમાત હેઠળના કર્મચારી-અધિકારીઓની સંવર્ગનિહાય સંખ્યા નિશ્ચિત કરવી અને ત્યાર બાદ એમની સેવા મહત્તમ પદો પર વર્ગ કરી એમનાં પદો ૩૧ ડિસેમ્બર, ૨૦૧૯ સુધી ખાલી કરવાની સૂચના પણ આપવામાં આવી.

તમામ પ્રશાસકીય વિભાગોની ખુદ અને એના આધિપત્ય હેઠળનાં કાર્યાલયોના ઉપર પ્રમાણે ખાલી થનારાં અનુસૂચિત જમાત પ્રવર્ગનાં પદો અનુસૂચિત જમાતનું જાતિ માન્યતા પ્રમાણપત્રધારક ઉમેદવારોમાંથી સેવા પ્રવેશ નિયમ અનુસાર સૂચિત કાર્યપદ્ધતિને અમલમાં મૂકી ભરવા માટે સમયબદ્ધ કાર્યક્રમ આંકી પદો ભરવાની કાર્યવાહી કરવી એમ નક્કી થયું.

અધિકારી અને કર્મચારીને એમનાં મહત્તમ પદો પર કામચલાઉ સ્વરૂપે ૧૧ મહિના માટે નિયુક્તિ આપ્યા બાદ એમને અનુમતિ પ્રાપ્ત કરવાની સેવાવિષયક અને સેવા નિવૃત્તિવિષયક લાભો બાબતે વિસ્તૃત અભ્યાસ કરી સરકારને ભલામણ કરવા માટે સ્વતંત્ર પ્રધાનસમૂહની સ્થાપના કરવાનું પણ નક્કી થયું.


## જીએસટી કાયદાની અમલબજાવણી

કેન્દ્રીય વસ્તુ અને સેવા કર તેમ જ રાજ્ય વસ્તુ અને સેવા કરની બમણી અસર રાજ્ય અંતર્ગત વ્યવહારો પર થાય છે. ૧ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ અધિનિયમમાં સુધારા થયા છે. એક જ વ્યવહાર પર બમણો કર લેવામાં (સીજીએસટી અને એસજીએસટી) આવતો હોવાથી આ બન્ને કાયદાઓમાં એકલતા જરૂરી હોવાથી મહારાષ્ટ્ર વસ્તુ અને સેવા કર (સુધારો) અધિનિયમ ૨૦૧૯માં કુલ ૨૨ સુધારાઓ કરવા માટે પ્રધાનમંડળે મંજૂરી આપી.

કેન્દ્રીય વસ્તુ અને સેવા કર કાયદો ૨૦૧૭ અને એકત્રિત વસ્તુ અને સેવા કર કાયદો ૨૦૧૭માં સુધારા કરવામાં આવ્યા છે. આ સંબંધે મહારાષ્ટ્ર રાજ્યને રાજ્ય વસ્તુ અને સેવા કર અધિનિયમમાં એવા સુધારા કરવા જરૂરી હતા.

કરદાતાઓ માટે આપસમેળ યોજના, રાષ્ટ્રીય અગાઉ અધિનિર્ણય અપીલ પ્રાધિકરણ સ્થાપના કરવી, કરદાતાઓ માટે સુલભ પ્રક્રિયા અને સમસ્યાઓના હલ માટે આશ્વાસન આપવું, કાયદાનું સુસૂત્રીકરણ કરવું અને તાંત્રિક દૃષ્ટિએ આવા સ્વરૂપના પ્રસ્તાવો આવા સુધારાઓ અધિનિયમમાં સમાવેશ કરવામાં આવ્યા છે.

■■



શિવનેરી કિલ્લો

**ગઢ-કિલ્લાનું ભ્રમણ એ મરાઠી માણસ માટે કેવળ રજામાં સમય પસાર કરવાનો ઉધમ નથી, એ પર્યટનનો પણ વિષય છે. ગઢ પર જવું એ એમના માટે અત્યંત અભિમાનની વાત છે. શિવછત્રપતિને એમણે કરેલું એ વંદન છે. શિવાજી રાજાનાં અને એમના માવળાઓ (કોંકણવાસી)નાં પરાક્રમના પોવાડા સાંભળતાં સાંભળતાં નાનાથી મોટા થયા છીએ. એટલે એમના પાવન સ્પર્શવાળો કોઈ પણ ગઢ પર પ્રવેશ કરતાં જ આપણે ભૂતકાળમાં પ્રવેશીએ અને પરાક્રમના સાક્ષી બનેલા કિલ્લાઓ આપણી સામે ઈતિહાસ ખુલ્લો મૂકે છે. શિવનેરી પર શિવાજીનો જન્મ થયો હોવાથી એના સાથે સંબંધિત તમામ ગઢ-કિલ્લાઓમાંથી આ ગઢનું અલગ સ્થાન છે.**

# મહારાષ્ટ્રની શાનઃ શિવનેરી

**સારંગ ખાનાપૂરકર**

**શિવાજીનો** જન્મ ૧૬૩૦માં થયો અને એમને લઈને જીજામાતાએ ૧૬૩૨માં ગઢ છોડ્યો. ૧૬૩૭માં શિવનેરી મુઘલોના કબજામાં ગયો. આ ઘટનાને લીધે શિવજન્મના સમયની પરિસ્થિતિ સમજી લેવામાં ઘણી મદદ મળે છે અને આવા કઠિન કાળમાં શિવાજીએ નિર્માણ કરેલા સ્વરાજ્યનું મહત્ત્વ સમજાય છે. આ કારણે આ કિલ્લા પર શિવાજી રાજા કેવળ જન્મ પછી બે વર્ષ રહ્યા હોવા છતાં એમના જન્મસ્થાન તરીકે શિવપ્રેમીઓ માટે આ કિલ્લાનું ઘણું મહત્ત્વ છે. શિવાજીએ મરાઠી માણસમાં પરાક્રમની જ્યોત પ્રજ્વલિત કરી. એમણે મરાઠીમાનસમાં ફૂંકેલા સ્વાભિમાનને કારણે જ આજે આપણે ગરદન ઊંચી કરીને જીવી શકીએ છીએ. એના લીધે જ એમનું જન્મસ્થાન શિવનેરીની મુલાકાત લઈને એમને વંદન કરવું આપણું કર્તવ્ય છે.




## ટૂંકમાં ઈતિહાસ

જીર્ણનગર અર્થાત્ હમણાંનું જુન્નર એ શક રાજા નહવાનની રાજધાની હતી. ગૌતમીપુત્ર સાતવાહન સાતકર્ણીએ શક રાજાનો પરાજય કરીને જુન્નર અને એ પરિસર પર પોતાનું સામ્રાજ્ય પ્રસ્થાપિત કર્યું. સાતવાહનના સમયમાં જ નાણેઘાટ તૈયાર થયો. નાણેઘાટથી જ ઘણાખરો વેપાર ચાલતો હોવાથી એ વેપાર પર દેખરેખ રાખવા માટે શિવનેરી ગઢનું નિર્માણ કરવામાં આવ્યું અર્થાત્ નાણેઘાટનું રક્ષણ કરનારો આ એક જ કિલ્લો નથી. પૂર્વમાં નારાયણગઢ, ઉત્તરમાં હરિશ્ચંદ્રગઢ, પશ્ચિમમાં હડસર, ચાવંડ, જીવધન, ભૈરવગઢ અને દક્ષિણ દિશામાં રાજમાચી, ઢાક, ગૌરક્ષગઢ, મચ્છિંદ્રગઢ અને સિદ્ધગઢ એવા ભવ્ય કિલ્લા ચારે બાજુએ દ્વારપાળની જેમ ઊભા છે. સાતવાહન પછી ચાલુક્ય, યાદવ, બ્રહ્મની, નિજામ આ બધાના કબજામાં શિવનેરી હતો. ૧૫૯૫માં માલોજી રાજે ભોસલે પાસે આ કિલ્લો આવ્યો. એ જ ગઢ પર ભોસલેની પુત્રવધૂ જીજામાતાએ ૧૬૩૦માં શિવબાળને જન્મ આપ્યો અને મહારાષ્ટ્રની ધરી પર નવો સૂર્યનો ઉદય થયો. ગઢ પર શિવાઈ દેવીનું મંદિર છે. આ જ દેવીના નામ પરથી 'શિવાજી' આ નામ રાખવામાં આવ્યું છે. જીજામાતા સાહેબાએ ૧૬૩૨માં જ આ ગઢ છોડ્યો. પછી ૧૬૩૭માં એ મુઘલોના કબજામાં ગયો. પછીના સમયમાં શિવાજી મહારાજાએ અનેક પ્રયત્ન કર્યા છતાં એ એમના હયાતીમાં સ્વરાજ્યમાં આવ્યો નહીં. પછી ૧૭૧૬માં શાહુ મહારાજા એને સ્વરાજ્યમાં લાવ્યા. જે શિવનેરી પર મહારાષ્ટ્રનું માનસબિંદુ અવતર્યું એ જ


શિવ જન્મસ્થાન




## અંબરખાનું

કિલ્લા પર ધાન્યસંગ્રહ માટે આનો વપરાશ થતો હતો. 'ઈસ્ટ ઈન્ડિયા કંપની'ના ડૉ. જૉન ફ્રાયરે આ ગઢની મુલાકાત લીધી હતી. આ ગઢ પર એક હજાર માણસોને સાત વર્ષ સુધી ચાલે એટલું ધાન્યસંગ્રહ રાખવાની સુવિધા હતી એવી નોંધ ફ્રાયરે કરી રાખી હતી. અંબરખાનાની જમણા હાથને ઈદગાહ અને કોળી ચોતરો છે. આ ગઢ મુઘલોના કબજામાં હતો ત્યારે જુન્નર પરિસરના કોળીઓએ ૧૬૫૦માં એમના વિરોધમાં બંડ પોકાર્યો હતો. મુઘલોએ એમના પાશવી સામર્થ્યથી આ બંડ તોડી નાખીને કોળીઓને પકડીને શિવનેરી પર લાવ્યા અને એમની કતલ કરી. જ્યાં કોળીઓનાં માથાં ધડથી અલગ કરવામાં આવ્યાં એ ચોતરાને 'કોળી ચોતરો' કહે છે.

શિવનેરી પર શિવજન્મતિથિએ ૨૭ એપ્રિલ, ૧૯૬૦માં અલગ મહારાષ્ટ્ર રાજ્યની ઘોષણા કરવામાં આવી હતી.

**શિવાઈ દેવીનું મંદિર:** ગઢ પર સિપાઈ દરવાજામાંથી અંદર જતાં શિવાઈ મંદિર છે. આ મંદિરની પાછળ જ પથ્થરમાં કોતરેલી છથી સાત ગુફા છે. આ ગુફા રહેવાલાયક નથી. મંદિર પણ પ્રાચીન છે. દર્શન લઈને પરત સિપાઈ દરવાજામાં આવો અને પગથિયાં ચઢીને ઉપર જાઓ તો તમે ગઢના પર આવો. પાછું તમને અંબરખાનું દેખાશે.

## પાણીની ટાંકી

ગઢ પર ગંગા-યમુના નામની ટાંકીઓ છે. આમાં બારે મહિના પાણી હોય છે. આ ઉપરાંત, ગઢ પર નાની-મોટી એવી આશરે પચાસ ટાંકીઓ છે. આ ટાંકીમાં મબલક પાણી છે.

## શિવકુંજ

બાળશિવાજી હાથમાં તલવાર લઈને જીજામાતા સાહેબાને પોતાનાં સપનાં કહેતા હોવાનું અત્યંત સુંદર શિલ્પ શિવકુંજમાં કંડારવામાં આવ્યું છે. નજીકમાં જ રામચંદ્રઅમાત્યાનો આજ્ઞાપત્ર છે. મહારાષ્ટ્રના પહેલા મુખ્ય પ્રધાન યશવંતરાવ ચવ્હાણે શિવકુંજની પાયાભરણી કરી હતી.


શિવકુંજ

## શિવ જન્મસ્થાન

શિવકુંજ સામે જ શિવાજી મહારાજનો જન્મ થયો એ બે મજલી ઈમારત છે. આ ઈમારતના ભોંયતળિયા પર શિવાજીનો જન્મ થયો. આ ઈમારતમાં શિવાજી મહારાજનું પૂતળું મૂકવામાં આવ્યું છે. જન્મસ્થાન સામે જમણી બાજુએ કમાનવજા મસ્જિદ છે. આ મસ્જિદની બાજુમાં જ કિલ્લાનો ચોરરસ્તો હોવાથી એ તમને સીધા જુન્નરમાં લઈ જાય છે. જન્મસ્થાનથી ઉત્તરમાં બદામી તળાવ છે. આ માનવનિર્માણ તળાવમાં ચોતરો અને કમાન છે. બ્રિટિશરોએ કરેલા હુમલા પછી આ તળાવના ઝરાઓ પૂરાઈ ગયા અને એ સૂકું થયું. તળાવના પાછળ જ કેદખાનું છે. હવે એના અવશેષ જ બચ્યા છે.

## સાંકળી વાટ

શિવનેરી પર પ્રવેશ કરવા માટેની આ મુશ્કેલ વાટ છે. સીધું ચઢાણ ચઢી જવા માટે સાંકળની સુવિધા કરવામાં આવી છે અને ખોદીને તૈયાર કરેલાં પગથિયાં પણ છે.


## સાત દરવાજા

શિવનેરી પ્રવેશ કરવા માટે આ સરળ માર્ગ છે. સંરક્ષણની દૃષ્ટિએ અત્યંત વ્યૂહરચનાથી તૈયાર કરાયેલા આ સાત દરવાજા શિવનેરીનું રક્ષણ કરે છે. સુઘડ પગથિયાંથી આ માર્ગ બનાવવામાં આવ્યો છે.

## શિવનેરીની રચના

કિલ્લાનો આકાર બાણના ટોચ

જેવો ત્રિકોણ છે. બાણની ટોચ ઉત્તર દિશા તરફ છે. શિવનેરી પર પ્રવેશ કરવા માટે બે માર્ગ છે. જરા મુશ્કેલ લાગનારો સાંકળનો માર્ગ અને સરળ સાતવાહનના કાળનો સાત દરવાજાનો માર્ગ. સાંકળનો માર્ગ પહેલાં વિકટ હતો. હવે માત્ર મજબૂત સાંકળ લગાડીને એ બિનજોખમી કરવામાં આવ્યો છે. આ બે માર્ગ પૂરતા ન હોવાને કારણે અગવડના સમયે હાથમાં હોય એ માટે એક ચોરરસ્તો પણ છે.




## કડેલોટ ધાર

કેદખાનાની પાછળ કડેલોટ ધાર છે. ગુનેગારોને સજા કરતી વખતે ટેકરી પરથી નીચે ખીણમાં ફગાવી દેવામાં આવતા હતા. આશરે બે હજાર ફૂટ ઊંચાઈવાળી આ ટેકરી પર જોરદાર પવન વાય છે. એના લીધે ત્યાં સાવધાનીપૂર્વક જવું.




મહા દરવાજો, પીર દરવાજો, પરવાનગી દરવાજો, હાથી દરવાજો, સિપાઈ દરવાજો, ફાટક દરવાજો અને કુતાબકર દરવાજો એમ સાત દરવાજાનાં નામ છે. પરવાનગી દરવાજાની બન્ને બાજુએ શરમનાં ચિત્રો છે. શરમ એ વાઘ અને સિંહ જેવું દેખાતું કાલ્પનિક પ્રાણી છે. આ શરમના પગ નીચે હાથી દેખાડવામાં આવ્યો છે. અહીં ગંઢભેરુડ કાલ્પનિક પક્ષીનું ચિત્ર પણ છે. સિપાઈ દરવાજાની કિલ્લેબંધી એ બાંધકામનો સુંદર નમૂનો છે. ગઢની મજબૂતી જોતાં એને જુન્નરનો રક્ષણકર્તા શા માટે કહે છે એની જાણ થાય છે. આ કિલ્લાનો વિસ્તાર આશરે ૧.૬ કિલોમીટર છે. ગઢ જોવા માટે બેથી ત્રણ કલાક લાગે છે.

શિવનેરી કિલ્લા તરફ ઘણો સમય દુર્લક્ષ થયું. પછી માત્ર ૧૯૨૫માં શિવ જન્મસ્થાનનું જીર્ણોદ્ધાર થયું. મહારાષ્ટ્ર રાજ્યનું નિર્માણ થયા પછી કિલ્લાના દરવાજા સુધી રસ્તો બન્યો છે. હજી પણ કિલ્લા પર સુધારણા થયા કરે છે.

**શિવનેરી વિશિષ્ટતા**

**સમુદ્રસપાટીથી ઊંચાઈ:** ૩૫૦૦ ફૂટ

**તળેટીથી ઊંચાઈ:** ૧૦૦૦ ફૂટ

**તળેટીનું ગામ:** જુન્નર

**શિવનેરી પાસે બીજાં પર્યટનસ્થળો**

અષ્ટવિનાયકમાંના એક લેણ્યાદ્રી, નારાયણગઢ, ખોદડનું જગપ્રસિદ્ધ દુર્બિણ, હરિશ્ચંદ્રગઢ, ઓતૂર, ઓઝરના વિઘ્નેશ્વર.

## શિવનેરી કેવી રીતે જશો?

**પુણેથી:** પુણે જિલ્લાના જુન્નરમાં જ આ કિલ્લો છે. પુણેથી શિવનેરી ૧૦૫ કિલોમીટરના અંતર પર છે. એસટીથી જુન્નરમાં આવીને ગઢ પર જઈ શકાય.

**મુંબઈથી:** મુંબઈ-થાણે-કલ્યાણ-આળે ફાંટા માર્ગથી જુન્નર. કલ્યાણ નગર રસ્તા ઉપર માળશેજ ઘાટ પાર કર્યા પછી આશરે આઠ કિલોમીટરના અંતર પર શિવનેરી તરફ જનારો ફાંટો લાગે છે.

**નાસિકથી:** નારાયણગામ માર્ગથી જુન્નર.

મુંબઈથી અથવા પુણેથી જવું હોય તો ગઢ એક દિવસમાં જોઈને પાછા આવી શકાય.

**રજિસ્ટ્રેશન અને સ્ટૅમ્પ ડ્યુટી વિભાગે દસ્તાવેજોનું રજિસ્ટ્રેશન ને સ્ટૅમ્પ ફી વ્યવસ્થાપન આ બન્ને સેવાક્ષેત્રમાં સંબંધિત નાગરિકોનાં કામ સમાન, સરળ, પારદર્શક રીતે અને ગતિથી થાય એ ઉદ્દેશથી વિવિધ ઉપક્રમ અમલમાં મૂક્યા છે. આ ઉપક્રમોની નાગરિકોને જાણ થાય તેમ જ એ લોકો આ ઉપક્રમોનો પૂરેપૂરો ઉપયોગ કરે એ આ લેખનું પ્રયોજન છે.**



# સુલભ અને તેજ

**નયના બોદાર્ડે-ગુરવ**

**રજિસ્ટ્રેશન** અને સ્ટૅમ્પ ડ્યુટી વિભાગે તાજેતરમાં શરૂ કરેલા 'ઑનલાઈન ડિજિટલ ડોક્યુમેન્ટ સબમિશન' ઉપક્રમની આજે આપણે માહિતી મેળવવાના છીએ. આ ઉપક્રમ દુય્યમ કાર્યાલયમાં થનારી દસ્તાવેજોની નોંધણી કાર્યપદ્ધતિ સાથે સંબંધિત છે.

## પ્રચલિત પદ્ધતિ

સાધારણ રીતે વ્યવહાર કરનારી વ્યક્તિ એના વ્યવહારની પરિપૂર્ણતા માટે દસ્તાવેજો તૈયાર કરે છે અથવા વકીલ જેવી તજ્જ્ઞ વ્યક્તિ પાસે તૈયાર કરાવડાવે છે. એ પછી યોગ્ય સ્ટૅમ્પ ફી ભરીને એ દસ્તાવેજો પર સહી કરવામાં આવે છે.

દસ્તાવેજોની નોંધણી કરવાના ઉદ્દેશથી વિભાગની વેબસાઈટ પર 'પબ્લિક ડેટા એન્ટ્રી' સુવિધાનો ઉપયોગ કરીને એની ડેટા એન્ટ્રી કરવામાં આવે છે. એ મૂળ દસ્તાવેજો સંબંધિત દુય્યમ રજિસ્ટ્રાર કાર્યાલયમાં નોંધણી માટે રજૂ કરવામાં આવે છે. દુય્યમ રજિસ્ટ્રાર આ દસ્તાવેજોની તપાસણી કરે છે અને એ દસ્તાવેજો




નોંધણી માટે સ્વીકારવાલાયક હશે તો નોંધણી સ્વીકારીને પક્ષકારોનો ફોટો, અંગૂઠાની છાપ લઈને દસ્તાવેજોની નોંધણી પૂરી કરે છે. એ પછી એ સંપૂર્ણ દસ્તાવેજો, એ સાથેના કાગળપત્રો અને ફોટો, અંગૂઠાની છાપ લીધેલાં પાનાં (જેને નોંધણીની ભાષામાં ગોષવારા ભાગ-૧ અને ભાગ-૨ તરીકે સંબોધવામાં આવે છે) એકત્રિત કરીને એનું પેજિંગ કરવામાં આવે છે તેમ જ દુય્યમ રજિસ્ટ્રાર કાર્યાલયનો સિક્કો મારવામાં આવે છે. આવા એકત્રિત દસ્તાવેજો સ્કૅન કરીને પક્ષકારોને પાછા આપવામાં આવે છે.

## પડકારો

● વ્યવસાય સુલભતાના દૃષ્ટિકોણમાંથી આ કાર્યપદ્ધતિની સમીક્ષા કરતાં વિભાગને એવું ધ્યાનમાં આવ્યું કે દસ્તાવેજોની નોંધણી માટે દુય્યમ રજિસ્ટ્રાર કાર્યાલયમાં ગયા પછી દુય્યમ રજિસ્ટારને દસ્તાવેજોની મિલકતનું મૂલ્યાંકન કરવું, સ્ટૅમ્પ ફી નિશ્ચિત કરવી, સહી થયેલ મિલકતના હસ્તાંતરણ પર ન્યાયાલયે અથવા એકાદ કાયદાએ કંઈ પ્રતિબંધ મૂક્યો છે કે? એની ચકાસણી કરવી, વગેરે આ બધું તપાસવું પડે છે. આ ચકાસણીનું સ્વરૂપ જોતાં એ માટે ઘણો સમય લાગે એ સ્વાભાવિક છે. એ છતાં પણ એટલો સમય સંબંધિત પક્ષકારોએ કાર્યાલયમાં થોભવું પડે.

● તપાસણીમાં દુય્યમ રજિસ્ટ્રારે એકાદ દસ્તાવેજો પુરાવો ન હોવાથી દસ્તાવેજોની નોંધણી કરી ન શકાય એવું કારણ આપી પક્ષકારોએ એ દિવસે પાછા જવું પડતું, પણ જો આ ત્રુટિની જાણ પહેલાં જ થાય તો પક્ષકારોનો ધક્કો બચી શકે.

● મૂળ દસ્તાવેજો પર પેજિંગ કરવું અને કાર્યાલયનો સિક્કો લેવો અને એનું સ્કૅનિંગ કરવું આ માટે જોઈતો સમય ઓછો કરવો આવશ્યક હતો.

● સ્કૅનિંગના લીધે ડેટા સાઈઝ મોટા પ્રમાણમાં વધે છે અને ભવિષ્યમાં આવા મોટા આકારના ડેટા સંભાળવું એ ખર્ચ અને તંત્રજ્ઞાનની દૃષ્ટિએ આહ્વાનાત્મક થશે.

આ બધી વાતનો એકસાથે વિચાર કરીને વિભાગે 'ઑનલાઈન ડિજિટલ

ડોક્યુમેન્ટ સબમિશન' આ સુવિધા વિકસિત કરીને ૧ એપ્રિલ, ૨૦૧૯થી નાગરિકોને ઉપલબ્ધ કરી આપી છે.

## સ્વરૂપ

આ સુવિધાનો ઉપયોગ કરતી વખતે પક્ષકારોએ એમના દસ્તાવેજો પ્રચલિત પદ્ધતિ અનુસાર જ તૈયાર કરવાના હોય છે. એ નિષ્પાદિત કરવા કરતાં (એ પછી સહી કરવા કરતાં) એ દસ્તાવેજોનો ડ્રાફ્ટની વર્ડ ફાઈલનું પીડીએફ ફાઈલમાં રૂપાંતર કરીને એ પીડીએફ ફાઈલ વિભાગની વેબસાઈટ પર ડેટા એન્ટ્રી પૂરી કર્યા પછી અપલોડ કરવાની હોય છે.

ડેટા એન્ટ્રી અને અપલોડ કરેલા દસ્તાવેજો ડ્રાફ્ટ સંબંધિત દુય્યમ રજિસ્ટ્રાર પાસે ઑનલાઈન પ્રાપ્ત થશે. દુય્યમ રજિસ્ટ્રાર એની ચકાસણી કરશે. જો એ દસ્તાવેજો નોંધણી સ્વીકારવામાં કંઈ અડચણ હશે અથવા જો કંઈ અડચણ ન હોય તો એની નોંધ પ્રણાલીમાં કરશે. સંબંધિત પક્ષકારોને દુય્યમ રજિસ્ટ્રારની આ નોંધ વિભાગની વેબસાઈટ પર પબ્લિક ડેટા એન્ટ્રીમાં જોવા મળશે. એ ઉપરાંત, આ બાબતનો 'એસએમએસ' પણ આવશે. આ કાર્યવાહી સબમિશનથી સાધારણ કામકાજના ત્રણ દિવસમાં થશે. દુય્યમ રજિસ્ટ્રારે કંઈ ત્રુટિ કહી હશે તો પક્ષકારોએ એની પૂર્તતા કરવી જરૂરી છે. કંઈ ત્રુટિ નથી એવું કહ્યું હશે તો પક્ષકાર એમને નિર્ધારિત કરેલા દિવસે દુય્યમ રજિસ્ટ્રાર કાર્યાલયમાં જઈને દસ્તાવેજો નોંધી શકે છે.



દસ્તાવેજોની નોંધણીના સમયે દુય્યમ રજિસ્ટ્રાર એમની પાસે ઑનલાઈન પ્રાપ્ત થયેલા ડ્રાફ્ટની પ્રિન્ટ કાઢીને પક્ષકારોને આપશે, પક્ષકાર એના પર સહી કરશે, એ પછી દસ્તાવેજોની નોંધણી પ્રક્રિયા હંમેશની જેમ પૂર્ણ થશે. ત્યાર બાદ દુય્યમ રજિસ્ટ્રાર કેવળ પક્ષકારોની સહીનું પાનું જોડેલા કાગળપત્રો, ગોષવારા ભાગ-૧ અને ભાગ-૨ એનું જ પેજિંગ કરીને સિક્કો મારશે તથા કેવળ એનું જ સ્કેનિંગ કરશે. પક્ષકારોએ ઑનલાઈન મોકલેલા ડ્રાફ્ટ પર પ્રણાલીમાં જ પેજિંગ અને સિક્કો મારવામાં આવશે. આ ડ્રાફ્ટ અને સ્કેન્ડ પેજીસનું પ્રણાલીમાં એકત્રીકરણ (Merging) થશે.

## ફાયદો

નોંધણી અને મુદ્રાંક શુલ્ક

આ સુવિધાને લીધે પક્ષકાર દુય્યમ રજિસ્ટ્રાર કાર્યાલયમાં જતાં પહેલાં જ એમના નિયોજિત દસ્તાવેજોની ચકાસણી માટે જશે તો એમાં કંઈ ત્રુટિ હશે તો એમને પહેલેથી જાણ થશે. એના લીધે દુય્યમ રજિસ્ટ્રાર દસ્તાવેજો ચકાસણી માટે જોઈતો સમય અને પ્રતિક્ષા ઓછી થવાની છે. મૂળ દસ્તાવેજો પર પેજિંગ, સિક્કો મારવો અને સ્કેનિંગ કરવું, આ માટે જોઈતું માનવબળ અને સમય બચશે. એના લીધે કામકાજમાં ગતિ આવશે. સ્કેનિંગ ડેટા સાઈઝ મર્યાદિત રહેવાની હોવાથી ડેટા સ્ટોરેજ સંબંધિત આહ્વાનો ઓછાં થવાનાં છે.

આ સુવિધા હમણાં ફક્ત મુંબઈનાં કેટલાંક કાર્યાલય પૂરતી મર્યાદિત હોવાથી નજીકના સમયમાં બીજાં શહેરો માટે પણ ઉપલબ્ધ કરી આપવામાં આવશે.

આ ઉપક્રમ તાજેતરમાં જ કાર્યાન્વિત કરવામાં આવ્યો હોવાથી પ્રાથમિક તબક્કામાં છે. આ ઉપક્રમોનો વિસ્તાર અને શ્રેણીમાં વધારો કરીને એમાં નિષ્પન્ન દસ્તાવેજોનો પણ સમાવેશ કરવો, વિભાગના ડ્રાફ્ટનો વપરાશ કરીને દસ્તાવેજો તૈયાર કરવા, ડ્રાફ્ટની પ્રણાલી દ્વારા સ્વયંચાળણી (Auto Scrutiny) કરવી આવી વિશિષ્ટતાનો સમાવેશ કરવાનો પણ વિભાગનો પ્રયત્ન છે.

આ સુવિધાનો વધુમાં વધુ નાગરિકો ઉપયોગ કરે અને એ સંદર્ભમાં કેટલીક સૂચના-અડચણો હશે તો વિભાગનો ૮૮૮૮૦૦૭૭૭૭ના નંબર પર જણાવવું, જેને કારણે આ સુવિધા વધુમાં વધુ લોકાભિમુખ અને વાપરવા માટે સરળ બનાવવું વિભાગને શક્ય થશે એવું વિભાગનું આહ્વાન છે.

**સહ નોંધણી મહાનિરીક્ષક તથા મુદ્રાંકન અધીક્ષક (મુખ્યાલય), પુણે**

# સુરક્ષિત બૅન્કિંગ

**એડ. પ્રશાંત માળી**




**સાધારણ** રીતે ઑનલાઈન બૅન્કિંગ એટલે દરેક બૅન્કિંગ સુવિધાનો ઉપયોગ ઘેરબેઠાં તમારા મોબાઈલ ફોન અથવા કમ્પ્યુટર દ્વારા કરવો. ઑનલાઈન બૅન્કિંગને લીધે પ્રત્યક્ષ રીતે બૅન્કમાં ન જતાં તમે તમારા પૈસાનો સરળતાથી, સહેલાઈથી કોઈ પણ ઠેકાણે વ્યવહાર કરી શકો છો. ઑનલાઈન બૅન્કિંગના અસંખ્ય ફાયદા હોવાથી આ સુવિધાનો ઉપયોગ કરવાનું દરેક ખાતેદાર પસંદ કરે છે. દિવસના ચોવીસ કલાક પોતાના બૅન્ક ખાતામાંથી પૈસાની લેવડ-દેવડ કરી શકાતી હોવાથી તેમ જ કોઈ પણ સમયે પૈસા હસ્તાંતરણ કરી શકાતું હોવાથી ૫૦ ટકાથી વધારે ભારતીય પારંપરિક બૅન્કિંગને બદલે ઑનલાઈન બૅન્કિંગ પસંદ કરે છે, પરંતુ ઑનલાઈન બૅન્કિંગ સુવિધાનો ઉપયોગ કરતી વખતે દરેક ક્ષણે સતર્ક રહેવું જરૂરી છે. કારણ જે વખતે તમે ઘેરબેઠાં સહેલાઈથી ઑનલાઈન બૅન્કિંગ સુવિધા વાપરો છો ત્યારે એ જ સમયે બીજી તરફ એને લગતાં જ અને ઑનલાઈન સુરક્ષાને ઘાતક અનેક જોખમને તમે અજાણતાં આમંત્રણ આપો છો. ઑનલાઈન બૅન્કિંગની સુરક્ષા કેવી ડગમગેલી છે એ અંગે હું એવો મત માંડીશ કે ગયા વર્ષે સંપૂર્ણ રાજ્યમાં થયેલા ૧૦૯૬ સાઈબર ગુનામાંથી ક્રેડિટ, ડેબિટ, ઑનલાઈન બૅન્કિંગ અને ઓટીપીના માધ્યમથી લોકોને ફસાવવાના કિસ્સા માત્ર મુંબઈમાં જ સૌથી વધારે એટલે કે ૪૬૧ જેટલા થયા હતા. આ ગુનાઓને ઉકેલવાનું પ્રમાણ હાલમાં ઓછું

**ઑનલાઈન બૅન્કિંગને લીધે બૅન્કમાં રૂબરૂ ન જતાં તમે તમારા પૈસા સરળતા અને સુગમતાથી ગમે ત્યારે ગમે ત્યાં આપ-લે કરી શકો છો. ઑનલાઈન બૅન્કિંગના અનેક ફાયદા હોવાથી આ સુવિધાનો ઉપયોગ કરવાનું દરેક ખાતેદાર પસંદ કરે છે. ચોવીસ કલાક બૅન્ક ખાતામાંથી પૈસાની લેવડ-દેવડ કરવી શક્ય હોવાથી તેમ જ કોઈ પણ સમયે પૈસા હસ્તાંતરણ કરી શકાય છે. ૫૦ ટકાથી વધારે ભારતીય પારંપરિક બૅન્કિંગ કરતાં ઑનલાઈન બૅન્કિંગનો ઉપયોગ કરે છે, પરંતુ આ ઑનલાઈન સુવિધાનો ઉપયોગ કરતી વખતે દરેકે પ્રત્યેક ક્ષણે સતર્ક રહેવું આવશ્યક છે.**

છે. સાઈબર ગુનેગારોને પકડવા માટે ટેક્નોલૉજી વિશે આવતી મર્યાદા તેમ જ મોબાઈલ કંપની અને બૅન્ક તરફથી પૂરતો સહકાર મળવો જરૂરી છે.

પૈસા ગુમાવવાથી જીવને હાનિ થતી નથી, પરંતુ મહેનતથી રળેલા પૈસા ગાયબ થવાથી માણસ હતાશ થાય છે અને મેં એવા કિસ્સા મારી સાઈબર વકીલીની કારકિર્દીમાં જોયા છે. એવા અનેક જણને હું હંમેશાં મળતો હોઉં છું. આવા લોકો એક જુદા જ આઘાતમાં જીવતા હોય છે. આવા લોકો એક અલગ પ્રકારના માનસિક આઘાતમાં જીવતા હોય છે. બૅન્ક ખાતાધારકોમાં મોટા ભાગના નોકરિયાત હોય છે. ઘણી વાર એમની સંપૂર્ણ મૂડી કે પગાર ગાયબ થઈ જાય છે. ઘણા લોકોએ પોતાના છોકરાઓનાં લગ્ન માટે જમા કરેલી પૂંજી ગાયબ થઈ છે તો ઘણાને પોતાની બીમારી માટે જમા કરેલા પૈસા... શું આ એકાદ સામાન્ય માણસના જીવનનો ગંભીર પ્રશ્ન નથી? ઠીક આના પછીનો બીજો પ્રકાર જે ભયાનક એટલે કે ગયેલા પૈસા પાછા મેળવવાનો. જેમના પૈસા જાય છે એમને બૅન્કમાં અનેક ચક્કર-આંટાફેરા મારવાં પડે છે. ઘણી વાર નાગરિકોને ફસાવીને સાઈબર ચોર લૂંટેલા પૈસા આરોપીના ખાતામાં પડેલા દેખાય છે. માત્ર બૅન્ક તરફથી આ ખાતું તરત જ 'ફ્રિઝ' ન થવાથી આરોપી સરળતાથી પૈસા કાઢી લેતા હોય છે. બૅન્ક નિયમોની આંટીઘૂંટીને લીધે ગુનેગારોને સહેલાઈ થઈ ગઈ છે. સમગ્ર દેશની બૅન્કિંગ ક્ષેત્રનું નિયમન કરનારી 'રિઝર્વ બૅન્ક ઓફ ઈન્ડિયા' (આરબીઆઈ)એ દરેક બૅન્કને સૂચિત કરેલું છે કે ગ્રાહકોને ત્રાસ આપવો નહીં, ગ્રાહકોનાં ખાતાંમાંથી પૈસા જતા રહેવાની ફરિયાદ ત્રણ દિવસમાં નોંધાવવામાં આવી હોય તો ગ્રાહકોને પૈસા પાછા આપવામાં આવે છતાં પણ ઘણી બૅન્કો આ નિયમોનું પાલન કરતી નથી. બૅન્કોની ભૂલને લીધે પૈસા જતા રહેતા હોય છે અને આ પૈસા પાછા ન આવવાથી ઑનલાઈન બૅન્કિંગ પરથી લોકોનો વિશ્વાસ ઊઠી જાય છે. જે વ્યક્તિના પૈસા ઊપડી જાય છે એ વ્યક્તિ ઑનલાઈન બૅન્કિંગની વિરોધમાં જતી રહે છે.

## કાળજી લો

ઑનલાઈન બૅન્કિંગ સંદર્ભે સાઈબર ગુનાની તપાસ કરવા પોલીસ પાસે આરોપીઓના મોબાઈલ ક્રમાંક અથવા એમણે વાપરેલા કમ્પ્યુટર અથવા મોબાઈલનો કોડ નંબર શું છે એ એમની પાસે હોય છે. જે ફસાયા હોય છે એમણે આરોપી કોણ છે એની ખબર હોતી નથી એથી પોલીસોને ગુનેગારને પકડવા ઘણી મહેનત કરવી પડે છે. સાઈબર ગુનામાં એકાદ આરોપીનો મોબાઈલ નંબર અથવા કોડ નંબરની જાણકારી મોબાઈલ કંપની પાસે માગવામાં આવે તો એ મેળવવામાં ૧૫ દિવસનો સમયગાળો નીકળી જાય છે. માહિતી હાથમાં આવે ત્યાં સુધીમાં મોબાઈલ બંધ થઈ ગયો હોય છે અને એથી આગળની તપાસ અઘરી બની જાય છે. તપાસ આગળ વધતી નથી અને આરોપી છટકી જાય છે. આવો જ અનુભવ બૅન્કમાં પણ થાય છે. બૅન્ક પાસેથી સીસીટીવી કૅમેરાનાં ફૂટેજની માગણી કરવામાં આવે તો પણ એ સમયસર મળતાં નથી. બૅન્ક એક જ હોય, પરંતુ ખાતું બીજી શાખામાં હોય તો બૅન્કના અધિકારી વિવિધ ઠેકાણે જવાનું કહે છે. ગુનો જો અન્ય રાજ્યમાં થયો તો હજુ વધારે મુશ્કેલી પડે છે. માહિતી આપવામાં સરકારી બૅન્કોનો ક્રમાંક સૌથી વધારે હોવાનો મારી કારકિર્દીનો આ સ્વાનુભવ છે. આ પરિસ્થિતિમાં સામાન્ય જનતાએ જાગરૂકતા રાખવી ઘણી જરૂરી છે. હું આ લેખમાં ઑનલાઈન બૅન્કિંગના સુરક્ષિત ઉપયોગ માટે અત્યંત વ્યવહારિક એવો ઉપાય વાચકોને સૂચવું છું, જે આ પ્રમાણે છે:

**તમારા એકાઉન્ટની નિયમિત તપાસ લેતા રહો:** આ એક સાદી બાબત જણાતી હોવા છતાં ઑનલાઈન ફ્રોડ ટાળવા માટે આપણે આપણા એકાઉન્ટનું નિયમિત નિરીક્ષણ કરવું જરૂરી છે. એ માટે બૅન્ક સ્ટેટમેન્ટ પર દર મહિને નજર કરીને એમાં કોઈ શંકાસ્પદ રકમ જમા અથવા ખર્ચ થયેલી જણાય તો તરત જ બૅન્કને જાણ કરવી એ તમારી જવાબદારી છે.

**ઑનલાઈન બૅન્કિંગ સુવિધા વાપરતી વખતે સિક્યોર સાઈટ્સ-નેટવર્કનો ઉપયોગ કરો:** ફ્રી અથવા પબ્લિક વાઈ-ફાઈ નેટવર્ક જે એન્ક્રિપ્ટેડ ન હોવાથી તમારી વ્યક્તિગત માહિતી ચોરવા માટે હૅકર્સ માટે આ સાદો ને સરળ સ્રોત હોય છે. આનો ઉત્તમ ઉપાય એટલે તમારા આર્થિક સ્વરૂપનાં કામો માટે ઘરના સુરક્ષિત નેટવર્કનો ઉપયોગ કરો. શક્ય હોય તો બૅન્ક માટે સમર્પિત એવો બ્રાઉઝરનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખો, પરંતુ કોઈ પર્યાય ન હોય ત્યારે તમે તમારા સ્માર્ટફોનના હૉટ સ્પૉટનો ઉપયોગ કરીને ઑનલાઈન વ્યવહાર કરો. બીજી મહત્ત્વની બાબત એટલે જ્યારે ઑનલાઈન બૅન્કિંગ વ્યવહાર કરતા હો ત્યારે વેબસાઈટ પર વેબ-બારમાં પૅડલૉક હોય અને 'અએચટીપીપીએસ' લખેલું હોય એની ખાતરી કરો. આનો અર્થ એ કે તમારી વેબસાઈટ ૧૦૦ ટકા એન્ક્રિપ્ટેડ છે અને તમારો દરેક

### મજબૂત પાસવર્ડ બનાવો અને તે વારંવાર બદલતા રહો




સેફ ઑનલાઈન બૅન્કિંગ કરતી વખતે ધ્યાનમાં રાખવાનો સૌથી પ્રથમ અને મહત્ત્વનો નિયમ એટલે કે ઑનલાઈન એકાઉન્ટ ખોલતાં સમયે મજબૂત પાસવર્ડ બનાવો અને એ નિયમિત બદલતા રહો. પાસવર્ડ સેટ કરતી વખતે અથવા બનાવતી વખતે હંમેશાં વિવિધ અક્ષરોનો, અંકોનો તેમ જ ચિહ્નોનો ચતુરાઈથી ઉપયોગ કરો. તમારા સિવાય બીજા કોઈને તમારી વ્યક્તિગત માહિતી, જેવી કે જન્મતારીખ, ગમતું સ્થળ, ગમતી વ્યક્તિના નામ, વગેરે માહિતીનો ઉલ્લેખ ખાસ ટાળો. કારણ આ માહિતી સરળતાથી કોઈ પણ મેળવી શકે છે.

## બૅન્કિંગ નોટિફિકેશનનો ઉપયોગ કરો

લગભગ દરેક બૅન્ક એમણે ગ્રાહકોના વિવિધ વ્યવહાર માટે મેસેજ અને ઈ-મેઈલ અલ્ટર્સની સુવિધા પૂરી પાડે છે. આ નોટિફિકેશનમાં ખાસ શું હોય છે એ જાણો. એકાદ વ્યવહાર ખાસ મર્યાદા કરતાં વધારે રકમનો હોય તો એ વિશેની અગાઉ સૂચના ખાતેદારને અલર્ટ દ્વારા આપવામાં આવે છે તેમ જ તમારા એકાઉન્ટમાં પૈસા ખાસ મર્યાદા કરતાં ઓછા અથવા વધારે થાય તો અલર્ટ દ્વારા તમને જણાવવામાં આવે છે. એથી મારો એવો મત છે કે આ નોટિફિકેશનની સુવિધા દરેકે અનુસરવી, જેથી કરીને તમારા બૅન્કના ખાતામાં કોઈ હિલચાલ થાય તો તમને એ બદલ જાણકારી મળે અને તમારી બૅન્કમાં થતા વ્યવહાર તમારા સિવાય બીજી કોઈ વ્યક્તિએ કર્યા નથી એ બાબતે તમે હંમેશાં સતર્ક રહેશો અને ધારો કે જો કોઈ વ્યવહાર થાય, જે તમે કર્યો નથી તો તરત જ બૅન્કને જણાવીને એ વ્યવહાર અટકાવી શકાય છે.




ડેટા-વ્યવહાર સુરક્ષિત છે એમ કહેવાય.

**લોગ-આઉટ કરવાનું ભૂલવું નહીં:** ઑનલાઈન બૅન્કિંગનો વ્યવહાર પૂરો થયા પછી સેશન લોગ-આઉટ કરવાનું ભૂલવાથી તમારી એકાઉન્ટ ડિટેલ્સ હાઈજૅકર અથવા ક્રૉસ-સાઈટ સ્ક્રિપ્ટિંગનો ભોગ બની શકે છે અને આવી તક સાઈબર ગુનેગારોને તક આપો નહીં. કમ્પ્યુટર હોય કે સ્માર્ટફોન, પ્રાઈવેટ બ્રાઉઝરનો ઉપયોગ કરતા હોવ ત્યારે તમારું ઑનલાઈન સેશન વ્યવહાર અંતે સુરક્ષિત રીતે લોગ-આઉટ કરવું અપેક્ષિત છે.

**મલ્ટિ-ફેક્ટર ઓથેન્ટિકેશનનો ઉપયોગ કરો:** મલ્ટિ-ફેક્ટર ઓથેન્ટિકેશન પર્યાયનો ઉપયોગ કરીને આઈડેન્ટિટી થેફ્ટ અને એને લીધે નિર્માણ થતી અનેક અડચણોને તમે માત કરી શકો છો. ઘણી બૅન્કો ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશન પર્યાય આપે છે એમાં લોગ-ઈન કરતી વખતે બૅન્ક તમને મેસેજ અથવા ઈ-મેઈલ દ્વારા વિશિષ્ટ એવો વેરિફિકેશન કોડ મોકલાવે છે, જે બૅન્કની વેબસાઈટ પર તમારો યુઝરનેમ અને પાસવર્ડ સાથે નાખવો પડે છે અને પછી તમે તમારા એકાઉન્ટ ખોલી શકો છો.

**ઈ-મેઈલ સ્કૅમ્સથી સાવચેત રહો:** કોઈ પણ બૅન્ક તમારી વ્યક્તિગત માહિતી માટે અથવા તમારા એકાઉન્ટની માહિતી માટે ઈ-મેઈલ અથવા મેસેજીસ મોકલાવે છે. બૅન્કને જો કોઈ પણ જાતની શંકા ઉપસ્થિત થાય તો બૅન્કના કર્મચારી સીધા તમારી સાથે સંપર્ક સાધીને એ તમારી આવશ્યક માહિતી માગે છે. ફેક ઈ-મેઈલ્સ તરીકે કહીએ તો તમે એકાદ બમ્પર લોટરી જીત્યા છો, એની રકમ તમારા ખાતામાં જમા કરવા માટે તમારા એકાઉન્ટ વિશે માહિતી માગવામાં આવે છે અથવા કોઈ એકાદ વ્યક્તિને આર્થિક મદદની અત્યંત જરૂરત હોય એ માટે થોડા પૈસા જમા કરવામાં આવે એવી આજીજી કરતા ઈ-મેઈલ્સ પણ મોકલવામાં આવે છે. આવા પ્રકારના ઈ-મેઈલ્સના કોઈ જવાબ આપવા નહીં. ઈ-મેઈલ્સ વિશે શંકા જાય તો તમારી બૅન્કના કર્મચારીનો સંપર્ક કરીને ખાતરી કરી શકો છો.



**ઍન્ટિ-વાઈરસ સૉફ્ટવેર વાપરો:** તમારી વ્યક્તિગત માહિતી સુરક્ષિત રાખવા માટે એક સાદો અને સરળ ઉપાય એટલે કે તમારો સ્માર્ટફોન તેમ જ કમ્પ્યુટરમાં ઍન્ટિ-વાઈરસ સોફ્ટવેર ઈન્સ્ટૉલ કરીને એને નિયમિત રીતે અપડેટ પણ કરતા રહો.

**ઑપરેટિંગ સિસ્ટમ અપડેટ કરતા રહો:** સૉફ્ટવેર અપડેટ કરતા રહો. અપડેટમાં આવશ્યક એવી સિક્યોરિટી અંગે નિયોજન કરેલું હોય છે, જેથી નવા નવા માલવેર્સ નિયંત્રિત કરી શકાય છે.

**કેવળ અધિકૃત ઍપ્સનો ઉપયોગ કરો:** કોઈ વાર અજાણતાં ટ્રોજન અથવા તત્સમ માલવેર્સ તમારી સિસ્ટમમાં ડાઉનલોડ થઈને તમારી સિસ્ટમની દરેક માહિતી નષ્ટ કરી શકે છે. એથી બૅન્કે નિર્માણ કરેલી એન્ક્રિપ્ટેડ મોબાઈલ ઍપ વાપરવી, હંમેશાં સુરક્ષિત ઍપ્સ પણ નિયમિત અપડેટ કરતા રહો.

જેમ જેમ ટેક્નોલૉજી વિકસિત થતી રહી છે તેમ રિસ્ક એટલે કે જોખમ પણ ઝડપથી વધે છે. આવી પરિસ્થિતિમાં આપણે દરેકે કાળજી રાખીને આ પ્રગતિશીલ ટેક્નોલૉજીનો વધારેમાં વધારે ફાયદો કરીને જોખમ કેવી રીતે ટાળી શકાય એ વિશે જાગરૂકતા રાખવી એ સમયની જરૂરત છે. ઉપરોક્ત દરેક બાબતોને ધ્યાનમાં રાખીને અને અમલમાં લાવીને ઑનલાઈન બૅન્કિંગ કેવી રીતે સુરક્ષિત બૅન્કિંગ તરીકે વાપરી શકાય એની જવાબદારી દરેક નાગરિકે રાખવી જરૂરી છે એમ હું કહીશ.

**સાઈબર કાયદા અને સુરક્ષા નિષ્ણાત.**

**સરળ સેવા ભરતીના માધ્યમથી રાજ્ય સરકારની નોકરીમાં દાખલ થઇ શકાય છે. ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીની ભરતી મોટા પ્રમાણમાં સરળ સેવાથી થાય છે. વર્ગ એક અને વર્ગ બેનાં પણ અમુક પદો સરળ સેવાથી ભરવામાં આવે છે. આ પદો સરળ સેવાથી ભરવામાં આવતાં હોવા છતાં તે માટે પરીક્ષા અને આવશ્યકતા હોય તો ઈન્ટરવ્યૂ લેવામાં આવે છે. આ પરીક્ષાની તૈયારી, એનું સ્વરૂપ, અભ્યાસક્રમ અંગે જાણી લઈએ.**


# સરળ સેવાની તૈયારી

**સોમનાથ દારવંડે**

**યુપીએસસી** અને એમપીએસસીની પરીક્ષા પ્રમાણે જ સરળ-સેવા પદ ભરતીમાં મોટા પ્રમાણમાં સ્પર્ધા નિર્માણ થઈ છે. એથી આ પરીક્ષાનું સ્વરૂપ સમજી લઈને અભ્યાસ કરવો મહત્ત્વનો ઠરે છે. સરળ સેવા અંતર્ગત મહેસૂલ, કૃષિ, આરોગ્ય, જળસંપદા, વન, ગૃહ, વગેરે વિભાગ તેમ જ જિલ્લાપરિષદોનાં વિવિધ પદો માટેની જાહેરાતો આપવામાં આવે છે.

**આ પદો માટેની પાત્રતા:** આ દરેક પદ માટે માન્યતાપ્રાપ્ત યુનિવર્સિટીની પદવી પરીક્ષા પાસ થવી આવશ્યક છે તેમ જ લિપિક-ટંકલેખક પદ માટે મરાઠી ૩૦ અને અંગ્રેજી ૩૦, ૪૦ શબ્દ પ્રતિ મિનિટ ટંકલેખન અભ્યાસક્રમ પાસ થવું આવશ્યક છે.

**વય મર્યાદા:** ૧૮થી ૩૫ વર્ષ. પછાત વર્ગ માટે ૫ વર્ષની છૂટ.



## પરીક્ષાનું સ્વરૂપ

આ પરીક્ષામાં ૧૦૦ પ્રશ્નોનું પેપર હોય છે. એ માટે કોઈ જિલ્લામાં ૧૦૦ ગુણ હોય તો કોઈ જિલ્લામાં ૧૦૦ પ્રશ્નો માટે ૨૦૦ ગુણ હોય છે.

**સ્વરૂપ:** અંગ્રેજી વ્યાકરણ ૨૫ પ્રશ્ન, મરાઠી વ્યાકરણ ૨૫ પ્રશ્ન, અંકગણિત અને બુદ્ધિમત્તા ૨૫ પ્રશ્ન તેમ જ સામાન્યજ્ઞાન અને વર્તમાન ઘટનાઓ માટે ૨૫ પ્રશ્નો હોય છે.

## પરીક્ષાનો અભ્યાસક્રમ

**અંગ્રેજી (૨૫ પ્રશ્ન):** શબ્દોની જાતિ (પાર્ટ્સ ઑફ સ્પીચ ), સર્વનામ (પ્રોનાઉન), વિશેષણ (ઍડ્જેક્ટિવ ), ઉપપદ (આર્ટિકલ્સ ), ક્રિયાપદ (વર્બ), ક્રિયાવિશેષણ (ઍડ્વહર્બ ), શબ્દયોગી અવ્યય (પ્રપોઝિશન), કેવળ પ્રયોગ અને ઉભયાન્વયી અવ્યય (કન્જકશન ઍન્ડ ઈન્ટરજેક્શન), કાળ (ટેન્સ, કર્મણિ અને કર્તરી પ્રયોગ (ઍક્ટિવ અને પેસિવ વૉઈસ), સહાયકારી ક્રિયાપદ (મોડલ ઓક્ઝિલરી), પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ કથન (ડાયરેક્ટ ઍન્ડ ઈન્ડાયરેક્ટ સ્પીચ), ઉપવાક્ય (ક્લોક્સ), કાળના પ્રકાર, સમાનાર્થી અને વિરોધાર્થી શબ્દ, શબ્દસમૂહ માટે એક શબ્દ (વન વર્ડ ફૉર ગ્રુપ), કહેવતો અને વાક્યપ્રચાર (ઍડિયમ્સ ઍન્ડ ફ્રેજેસ).

**મરાઠી વ્યાકરણ અને શબ્દસંગ્રહ (૨૫ પ્રશ્ન) :** વર્ણમાળા અને એના પ્રકાર, નામ, સર્વનામ, ક્રિયાપદ, ક્રિયાવિશેષણ અવ્યય, શબ્દયોગી અવ્યય, ઉભયાન્વયી અવ્યય, કેવળપ્રયોગી અવ્યય, સંધિ, શબ્દસિદ્ધિ અને એનો પ્રકાર, સમાસ અને એના પ્રકાર, કાળ અને એના પ્રકાર, વિરામચિહ્નો, સમૂહદર્શક શબ્દ, ધ્વનિદર્શક શબ્દ, સમાનાર્થી શબ્દ, વિરોધાર્થી શબ્દ, કહેવતો અને એનો અર્થ, વગેરે.

**અંકગણિત અને બુદ્ધિમત્તા (૨૫ પ્રશ્ન):** અંકગણિત : પ્રાથમિક ક્રિયા, ભાગાકાર, વર્ગ, વર્ગમૂળ ઘન, ઘનમૂળ, અપૂર્ણાંક, લઘુત્તમ સાધારણ-મહત્તમ સાધારણ, સરેરાશ, ટકાવારી, ગુણોત્તર પ્રમાણ, સરળ વ્યાજ, ચક્રવર્તી વ્યાજ, નફો-ખોટ, કાળ-કામ, વેગ, ભૂમિતિ, વગેરે.

**બુદ્ધિમત્તા ટેસ્ટ:** સંખ્યામાળા, અક્ષરમાળા, સમાન સંબંધ, વિસંગત ઘટક, ખોટા પદ ઓળખો, લયબદ્ધમાળા, સાંકેતિક ભાષા, આકૃતિની સંખ્યા માપવી, દિશા, દીનદર્શિકા, ઘડિયાળ, સંબંધ, વેન આકૃતિઓ, તર્ક અને અનુમાન, કૂટ પ્રશ્ન.

**સામાન્ય જ્ઞાન (૨૫ પ્રશ્ન):** મહારાષ્ટ્રનું અને ભારતનું ભૂગોળ, આધુનિક ભારતનો ઈતિહાસ, ભારતનું બંધારણ અને ગ્રામ વહીવટ, મહારાષ્ટ્રના સમાજસુધારક, સામાન્ય વિજ્ઞાન અને વર્તમાન ઘટનાઓ.

## પ્રશ્નોનું સ્વરૂપ

આ અભ્યાસક્રમ ઉપરાંત વિદ્યાર્થીઓને પ્રશ્નોના સ્વરૂપ સમજી લેવા આવશ્યક ઠરે છે. એ માટે સરળ સેવાના આગલી પરીક્ષાના પ્રશ્ન પેપરો ઉકેલવાની પ્રેક્ટિસ કરવી. એથી પરીક્ષાનું સ્વરૂપ સમજી શકાય. ઉપરાંત પરીક્ષા આપવા માટેની તૈયારી પણ થાય છે. વિશેષ કરીને અભ્યાસ કેવી રીતે કરવો એનો તાળો બાંધી શકાય. આપણી પાસેની વાંચનસામગ્રીમાંથી શું વાંચવું જોઈએ અને શું વાંચવાની આવશ્યકતા નથી તેનો અંદાજ વિવિધ પ્રશ્નપેપરના ઉકેલ પછી કરી શકાય છે. આ પરીક્ષા માટે ક્લાસની જરૂર નથી. આવશ્યક માર્ગદર્શન લઈને અભ્યાસક્રમ અનુસાર તૈયારી કરીએ તો ગ્રામીણ ભાગમાં રહીને અભ્યાસ કરનારા ઉમેદવારને આ પરીક્ષામાં આસાનીથી યશ મેળવવો સહેલું બને છે.

■■

# પતંગિયાંનું નામકરણ

**દેશમાં મળી આવતાં ૧૫૦૦ અને મહારાષ્ટ્રમાં દેખાતાં ૨૭૯ પતંગિયાંનાં નામો અંગ્રેજીમાં છે. આ નામો મરાઠીમાં કેમ ના હોવાં જોઈએ એવો વિચાર કરી રાજ્ય જૈવવિવિધતા મંડળના અધ્યક્ષ શ્રી વિલાસ બર્ડેકર અને એમના સહકારીઓએ પતંગિયાંનાં અંગ્રેજી નામોનું મરાઠીકરણ કર્યું.**

**ડૉ. સુરેખા મુળે**

**નીલવંત** આ નામ તમને ખબર છે કે? નીલવંત બ્લ્યુમોરમોન આ રાજ્ય પતંગિયાની પ્રજાતિને આપેલું મરાઠી નામ હોઈ આ નામકરણ મહારાષ્ટ્ર રાજ્ય જૈવવિવિધતા મંડળના અધ્યક્ષ શ્રી વિલાસ બર્ડેકર અને એમના સહકારીઓએ કર્યું છે.

દેશમાં મળી આવતાં ૧૫૦૦ અને મહારાષ્ટ્રમાં દેખાતાં ૨૭૯ પતંગિયાંનાં નામો અંગ્રેજીમાં છે. આ નામો મરાઠીમાં કેમ ના હોવાં જોઈએ એવો વિચાર કરી રાજ્ય જૈવવિવિધતા મંડળના અધ્યક્ષ શ્રી વિલાસ બર્ડેકર અને એમના સહકારીઓએ પતંગિયાંનાં અંગ્રેજી નામોનું મરાઠીકરણ કર્યું. એમાંથી જ 'ત્રિમંડળ', 'તરંગ', 'મનમોજી', 'યામિની', 'રુઈકર', 'રત્નમાલા', 'તલવાર', 'પુચ્છ', 'ગડદ સરદાર', 'ભટક્યા', 'મયૂરેશ', 'નાયક' જેવાં આકર્ષક મરાઠી નામો પતંગિયાંની વિવિધ પ્રજાતિઓને આપવામાં આવ્યાં. આ પ્રકારનો દેશમાં આ પ્રથમ પ્રયોગ બન્યો છે. મરાઠી નામોમાં પતંગિયાંનું રૂપ છુપાયું હોવું જોઈએ, એ લોકોને પોતાનાં લાગવાં જોઈએ આ બધી બાબતોનો વિચાર કરવામાં આવ્યો. પછી પાંચ પ્રકારમાં પતંગિયાનાં નામો મરાઠીમાં મૂકવામાં આવ્યાં. એમાં પતંગિયાનાં રંગ, રૂપ, પાંખોનો વિચાર થયો. નામકરણ કરવા માટે પતંગિયાની ટેવો, એમની પાંખો ઉઘાડબંધ કરવાની રીત, બેસવાની પદ્ધતિનો વિચાર કરવામાં આવ્યો. એમાંથી 'મનમોજી' જેવું નામ આપવામાં આવ્યું.

પતંગિયાને મરાઠી નામો આપવામાં જે વનસ્પતિઓનો એમને ખોરાક તરીકે ઉપયોગ થાય છે એમાંથી 'યામિની', 'રુઈકર' આ નામો આગળ આવ્યાં. ઘાસ પર બેસનારાં પતંગિયાંનું નામ 'તૃણાસૂર' કરવામાં આવ્યું.




પતંગિયાંઓના નિવાસસ્થાનનો પણ આમાં વિચાર કરી એમાંથી 'રત્નમાલા' નામ રાખવામાં આવ્યું.

'નીલવંત', 'તલવાર', 'પુચ્છ', 'ગડદ સરદાર', 'ભટક્યા', 'મયૂરેશ', 'નાયક' જેવાં નામો પતંગિયાંના દેખાવ પરથી મૂકવામાં આવ્યાં. યામફલાય પતંગિયાંની ખાદ્ય વનસ્પતિ હોઈ એનું નામ 'યામિની' રાખવામાં આવ્યું. ગ્રાસ ડેમન પતંગિયાનું નામ 'તૃણાસૂર' તરીકે રૂપાંતરિત થયું. બ્લ્યુઓકલીફ નામક પતંગિયાનું 'નીલપર્ણ' નામે નામાભિધાન થયું.

જૈવવિવિધતા બોર્ડની મંડળીએ માત્ર પતંગિયાંઓનું જ મરાઠીમાં નામકરણ કર્યું એવું નથી એ એમનું કુળ પણ મરાઠીમાં લઈ આવ્યાં. એટલે કે નિમ્ફાલિડી આ પતંગિયાંના કુળનું નામ 'કુંચલપાદ' જેવું થયું. હેસ્પિરિડીનું 'ચપળ કુળ' થયું તો લાયસનેડીનું 'નીલ કુળ' થયું. આ પદ્ધતિએ 'પુચ્છ', 'મુગ્ધપંખી' કુળ અસ્તિત્વમાં આવ્યાં. રાજ્યમાંનાં પતંગિયાં અને એનાં મરાઠી નામોની માહિતી આપનારા પુસ્તક સુંદર છાયાચિત્રો સાથે વન વિભાગે હાલમાં જ પ્રકાશિત કર્યું છે.

**વિભાગીય સંપર્ક અધિકારી**



ચૈત્યભૂમિ ખાતે મહાપરિનિર્વાણ દિન નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકરને અભિવાદન કરતા રાજ્યપાલ ભગતસિંહ કોશિયારી, વિધાનસભાના સ્પીકર નાના પટોલે, મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે અને અન્યો.

# મહામાનવને અભિવાદન



પરેલ ખાતે બી.આઈ.ટી. ચાલની ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને અભિવાદન કરતા વિધાનસભાના અધ્યક્ષ નાના પટોલે, મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે અને અન્યો.

## દેશનું સર્વાધિક વેચાતું માસિક




# લોકરાજ્ય

મહારાષ્ટ્ર શાસન

**અધિકૃત અને અચૂક માહિતી**

'એબીસીની અધિકૃત મોહર'

**લોકરાજ્ય (મરાઠી)**

**૬,૨૯,૭૯૨**

અન્નદાતા (તેલુગૂ)
૩,૪૩,૩૬૬

વનિતા (મલ્યાલમ)
૩,૪૦,૯૮૦

ગૃહલક્ષ્મી (હિંદી)
૩,૦૪,૨૦૩

મલ્યાલમ મનોરમા (મલ્યાલમ)
૨,૪૧,૧૯૩

माहिती व जनसंपर्क महासंचालनालय, महाराष्ट्र शासन

Visit: www.mahanews.gov.in | Follow Us: /MahaDGIPR | Like Us: /MahaDGIPR | Subscribe Us: /MaharashtraDGIPR



RNI No. 31910/77
O.I.G.S. ભારત સરકારની સેવામાં


**લોકરાજ્ય**

If undelivered, please return to:


**અનિલ આલૂરકર**
ઉપસંચાલક (પ્રકાશન)
માહિતી અને જનસંપર્ક મહાસંચાલનાલય મહારાષ્ટ્ર સરકાર,
ઠાકરસી હાઉસ, બીજે માળે, મુંબઈ પોર્ટ ટ્રસ્ટ હાઉસ,
શુરજી વલ્લભભાઈ માર્ગ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ-૪૦૦૦૦૧


પ્રતિ/ To,


Lokrajya monthly magazine is printed and published on behalf of Government of Maharashtra by Anil Aloorkar, Deputy Director (Publication) Director, Directorate General of Information and Public Releations, Mantralaya, Mumbai. Printed at Vrushaali printers, Jyoti Industrial Estate, Nooribaug Dragah Road, Near Makhmali Talav, Thane (West). Published at Directorate General of Information and Public Relations, Mantralaya, Mumbai 400 032. Editor-In-Chief : **BRIJESH SHINGH**

લોકરાજ્ય માસિક પત્રિકા માહિતી અને જનસંપર્ક મહાનિર્દેશનાલય, મહારાષ્ટ્ર સરકાર, મંત્રાલય, મુંબઈ વતીથી મુદ્રક અને પ્રકાશ શ્રી. અનિલ આલૂરકર, ઉપસંચાલક (પ્રકાશન)એ વૃષાલી પ્રિન્ટર્સ, જ્યોતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નુરીબાગ દરગાહ રોડ, થાણે (પ) ૪૦૦ ૬૦૧થી છાપીને માહિતી અને જનસંપર્ક મહાનિર્દેશનાલય, મહારાષ્ટ્ર સરકાર, મંત્રાલય, મુંબઈ ૪૦૦ ૦૩૨થી પ્રકાશિત કર્યું. – મુખ્ય સંપાદક: **બ્રિજેશ બહાદુર સિંહ**